આજનો સુવિચાર

જિંદગીની કિતાબ પણ અદભુત લખાઈ છે, ભૂલો એમાં આપણી અને શીખ એમાંથી બીજાને સંભળાઈ છે

એક કદમ આગળ

અગ્રે ગુજરાત

AgraGujarat

FOLLOW US

RNI NO. GUJGUJ/2023/85349 | YEAR-04 ■ ISSUE-127 ■ DATE 03-11-2026 ■ TUESDAY ■ PAGE-10 ■ PRICE ₹ 3.00 | EDITOR : ARPIT R. VASOYA

AGRA GUJARAT-DAILY EVENING (MONDAY TO SATURADAY) Editor And Publisher: ARPIT RAMESHBHAI VASOYA , Owner : PARAM DAILY NEWS AND MEDIA PRIVATE LIMITED, Place of Publication : OFFICE NO. 1, MEZZANINE FLOOR, THE PLATINA COMPLEX, ABOVE KALYAN JEWELLERS, OPP. JAGNATH TEMPLE, DR. YAGNIK ROAD, RAJKOT-360001 GUJARAT, Printer : AMBIKA PRINTERS, Printed AT : AMBIKA PRINTERS, Ambika Appartment, Karansinhji Main Road, Rajkot, Gujarat-360002

અંજીર, કાજુ, ગુલકંદ, દ્રાક્ષનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો PAGE 02

agpress99@gmail.com | Agra Gujarat News | Agra GujaratNews | @AgraGujaratNews

PAGE 03 સરાઝા હોટેલ કે દારૂની મહેફિલોનો અડ્ડો.?







2008ને ભૂલશો નહીં... ભારત સરકાર માટે મોટું સરપ્રાઇઝ

ગુજરાતની જેલો, DGP-કલેક્ટર કચેરી અને મંદિરને બોમ્બથી ઉડાવવાની ધમકી

ખાલિસ્તાનના નામે DGP કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર ધમકી મળતાં સમગ્ર ગુજરાતમાં ખળભળાટ : રાજકોટ, અમદાવાદની સાબરમતી અને વડોદરા સહિત રાજ્યની જેલોમાં સઘન તપાસ, બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્ક્વોડ તૈનાત

અગ્ર ગુજરાત, રાજકોટ

ગુજરાતમાં ફરી એક વખત બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઇલથી સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઇ છે. આ વખતે અજાણ્યા શખ્સે ખાલિસ્તાનના નામે ગુજરાત પોલીસ મહાનિર્દેશક (DGP) કચેરીના સત્તાવાર ઈ-મેઇલ પર ધમકી મોકલી છે. જેમાં '2008ને ભૂલશો નહીં, ભારત સરકાર માટે મોટું સરપ્રાઇઝ' તેવો ઉલ્લેખ કરી ગાંધીનગર સ્થિત DGP કચેરી, કલેક્ટર કચેરી, એક મંદિર તેમજ ગુજરાતભરની જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ચીમકી આપવામાં આવી છે. ઈ-મેઇલમાં પાકિસ્તાન જિંદાબાદ, ખાલિસ્તાન જિંદાબાદ અને અલ્લાહુ અકબર જેવા ઉશ્કેરણીજનક નારા પણ લખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ધમકીભર્યો ઈ-મેઇલ મળતાં જ રાજ્યનું પોલીસ તંત્ર અને જેલ વહીવટી તંત્ર સતર્ક થઇ ગયું છે. રાજકોટ સબ જેલ, અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ, વડોદરા સેન્ટ્રલ જેલ સહિત રાજ્યની અન્ય જેલોમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી તપાસ શરૂ કરવામાં આવી છે. બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS), ડોગ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમો દ્વારા જેલ પરિસરમાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. વડોદરામાં રાવપુરા પોલીસની ટીમ સેન્ટ્રલ જેલ ખાતે પહોંચી તપાસમાં જોડાઇ હતી, જ્યારે રાજકોટની જેલને પણ ધમકી મળતાં સ્થાનિક પોલીસ અને જેલ સત્તાવાળાઓ સતર્ક બન્યા છે. આ ધમકી માત્ર જેલ પૂરતી મર્યાદિત નથી. ઈ-મેઇલમાં સરકારી કચેરીઓ અને ધાર્મિક સ્થળને પણ નિશાન બનાવવાની વાત કરવામાં આવી હોવાથી કલેક્ટર કચેરી, DGP કચેરી અને મહત્વના સ્થળોએ સુરક્ષા ચકાસણી શરૂ કરવામાં આવી છે. કલેક્ટર કચેરી ખાતે સુરક્ષા તપાસ પૂર્ણ કરવામાં આવી હોવાની માહિતી પણ સામે આવી છે.

ધમકીભર્યા ઈ-મેઇલમાં ખાસ કરીને '2008ને ભૂલશો નહીં' તેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વર્ષ 2008માં અમદાવાદમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોની યાદ અપાવતા આ શબ્દોને કારણે સુરક્ષા એજન્સીઓએ ધમકીને ગંભીરતાથી લીધી છે. જોકે, ઈ-મેઇલ મોકલનાર કોણ છે, તેનો હેતુ શું છે અને 2008ના ઉલ્લેખ પાછળ કોઈ ચોક્કસ ષડયંત્ર છે કે માત્ર ભય ફેલાવવાનો પ્રયાસ છે તે અંગે તપાસ બાદ જ સ્પષ્ટતા થશે.



ઈ-મેઇલમાં ખાલિસ્તાનના નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પરંતુ માત્ર નામના આધારે કોઇ સંગઠન કે વ્યક્તિની સંડોવણી માની શકાય નહીં. સાયબર ક્રાઇમ અને ટેકનિકલ તપાસ દ્વારા ઈ-મેઇલ મોકલનારનું લોકેશન, આઇપી એડ્રેસ અને ડિજિટલ ફૂટપ્રિન્ટ શોધવાની દિશામાં તપાસ મહત્ત્વપૂર્ણ બની રહેશે.


ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઇલ મળવાનો સિલસિલો જોવા મળી રહ્યો છે. ગત 27 ઓક્ટોબરના રોજ અમદાવાદની નારાયણ ગુરુ સ્કૂલ, પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ, વિદ્યાભારતી સ્કૂલ અને સી.એન. વિદ્યાલય સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓને ધમકી મળી હતી. આ ઉપરાંત અમદાવાદના મેયરની કચેરી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ નિશાન બનાવવાની ચીમકી આપવામાં આવી હતી.

આ ધમકીભર્યા ઈ-મેઇલમાં 21 નવેમ્બરના રોજ યોજાનારા પંજાબી ગાયક દિલજીત દોસાંજના કોન્સર્ટ દરમિયાન બોમ્બ વિસ્ફોટ કરવાની ચેતવણી પણ આપવામાં આવી હતી. એટલું જ નહીં, મુંબઈમાં અમિતાભ બચ્ચન અને અમદાવાદમાં દિલજીત દોસાંજને બોમ્બ હુમલામાં મારી નાખવાની ધમકીનો પણ ઉલ્લેખ કરાયો હતો. તે વખતે પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં ધમકીઓ અફવા સાબિત થઇ હતી.

અગાઉ અમદાવાદની સ્કૂલો, કોર્ટ અને સરકારી કચેરીઓને મળેલા ધમકીભર્યા ઈ-મેઇલની તપાસમાં સાયબર એજન્સીઓએ પાકિસ્તાન અને બાંગ્લાદેશ સુધીની કડીઓ હોવાની પ્રાથમિક વિગતો મેળવી હતી. ઈ-મેઇલ એકાઉન્ટના ટેકનિકલ વિશ્લેષણમાં વિદેશી લોકેશન પરથી તેનો ઉપયોગ થયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ અગાઉના કેસોની તપાસમાં હેક કરાયેલા ઈ-મેઇલ એકાઉન્ટનો ઉપયોગ કરીને ધમકીઓ મોકલવાના નેટવર્કની પણ વિગતો સામે આવી હતી. રાજ્યભરમાં જેલોની સુરક્ષા વધારી દેવામાં આવી છે ત્યારે હવે તપાસ એજન્સીઓ સામે સૌથી મોટો પડકાર ધમકી આપનાર અજાણ્યા શખસ સુધી પહોંચવાનો છે. ધમકી માત્ર અફવા છે કે તેની પાછળ કોઇ ગંભીર ષડયંત્ર છુપાયેલું છે તે તપાસ પૂર્ણ થયા બાદ જ બહાર આવશે.







આ રોજીરોટી પણ માણસને કેવા નાચ નચાવે છે પોતાના જ ઘરથી દૂર બીજાના શહેરમાં વસાવે છે

દુષ્કાળથી કચ્છના 100થી વધુ પરિવારની હિજરત

ઓછા વરસાદથી સર્જાયેલી ઘાસચારા અને પાણીની અછતની ગંભીર અસર : પશુપાલકો પર પડી : લખપત અને અબડાસાના પરિવારો ૮૦૦થી વધુ પશુઓ સાથે સુરેન્દ્રનગરના માલવણમાં તંબુ બાંધી રહેવા મજબૂર બન્યા

વતન છોડતા બાળકોના અભ્યાસ પર અસર, ભવિષ્ય પર ઉઠતા સવાલો : આઠ જેટલી ગાડીઓમાં પશુધન ભરી વતન છોડ્યુ : રાહતના ભાવે ઘાસચારો આપવા માલધારીઓની માંગ

અગ્ર ગુજરાત, કચ્છ

ગુજરાતમાં ઓછા વરસાદના કારણે સર્જાયેલી ઘાસચારા અને પાણીની અછતની ગંભીર અસર હવે પશુપાલન પર નિર્ભર પરિવારો પર જોવા મળી રહી છે. કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં ઘાસચારાની ભારે અછત સર્જાતાં 100થી વધુ માલધારી પરિવારો પોતાના 800થી વધુ પશુઓ સાથે વતન છોડીને હિજરત કરવા મજબૂર બન્યા છે. આ પરિવારો પગપાળા સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના માલવણ ગામે પહોંચ્યા છે અને હાલ નજીક ખુલ્લી જગ્યામાં તંબુ બાંધીને વસવાટ કરી રહ્યા છે. દિવાળીના તહેવાર દરમિયાન લોકો પરિવાર સાથે ખુશીઓ મનાવી રહ્યા છે, ત્યારે પશુધનનો નિભાવ કરવા કચ્છના માલધારીઓને ઘરબાર છોડવાની નોબત આવી છે. દિવ્ય ભાસ્કરની ટીમે માલવણ ગામે પહોંચીને આ પરિવારોની પરિસ્થિતિ જાણી હતી. જેમાં માલધારીઓએ બાળકોના શિક્ષણથી લઇને મહિલાઓની મુશ્કેલીઓ અને પશુઓના નિભાવ સુધીની અનેક વેદનાઓ વ્યક્ત કરી હતી.







માલવણ ગામે ખુલ્લામાં તંબુ બાંધીને રહેતા કચ્છના માલધારી પરિવારોની મુશ્કેલીઓ વધી છે. હિજરતના કારણે બાળકોનું શિક્ષણ છૂટી ગયું છે, જ્યારે તંબુમાં વીજળી અને પંખાની સુવિધા ન હોવાથી મહિલાઓને રાત્રે અંધારામાં તથા બપોરના આકરા તડકામાં રસોઇ બનાવવાની ફરજ પડી રહી છે. કચ્છમાં મચ્છરોનો ઉપદ્રવ ઓછો હોવાથી ત્યાંના વાતાવરણમાં ટેવાયેલા બાળકોને માલવણમાં માળિયા બ્રાન્ચ કેનાલના કારણે વધેલા મચ્છરોનો ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. મચ્છરોના કારણે બાળકો રાત્રે ઊંઘી શકતાં નથી અને પરિવારના કેટલાક સભ્યો બીમાર પણ પડ્યા હોવાની મહિલાઓએ ફરિયાદ કરી છે. બીજી તરફ, સપ્ટેમ્બર મહિનામાં વરસાદના કારણે તંબુઓની આસપાસ પાણી ભરાતાં પરિવારોએ નજીકની હોટલના પાર્કિંગમાં આશરો લેવો પડ્યો હતો. કેનાલમાંથી પાણી મળી રહેતું હોવા છતાં પાણી ભરવા જતી વખતે લપસી પડવાનો ભય પણ મહિલાઓને સતાવી રહ્યો છે.

કચ્છના લખપત તાલુકામાં આ વર્ષે ચોમાસા દરમિયાન પૂરતો વરસાદ ન પડતાં ઘાસચારા અને પાણીની ગંભીર અછત સર્જાઇ છે. ખાસ કરીને બેખડા, મિંઢિયારી સહિતનાં ગામોમાં પશુધનનો નિભાવ કરવો મુશ્કેલ બન્યો છે. માલધારીઓના જણાવ્યા મુજબ, શરૂઆતના વરસાદના અભાવે ત્રણ મહિના સુધી ઘેટાં-બકરાંને આડાઅવળાં ચરાવીને જેમતેમ નિભાવ કર્યો હતો. પરંતુ હવે આસપાસના વિસ્તારોમાં પણ પૂરતો ચારો મળતો ન હોવાથી હિજરત કરવી પડી છે. કેટલાક માલધારીઓએ ઓગસ્ટ મહિનાથી જ પશુધન સાથે વતન છોડવાનું શરૂ કર્યું હતું. દરરોજ સાતથી આઠ જેટલી ગાડીઓમાં પશુઓ ભરીને માલધારીઓ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં આશરો શોધવા નીકળી રહ્યા છે.

આગામી ચોમાસાની આશા સાથે વતન પરત ફરવાની પ્રાર્થના

કચ્છી માલધારીઓની પરંપરા મુજબ ચોમાસામાં સારો વરસાદ થાય ત્યારે તેઓ પશુધન સાથે પોતાના વતન પરત ફરે છે અને આશરે ચાર મહિના ત્યાં રહે છે. ત્યારબાદ શિયાળાની શરૂઆતમાં પશુઓ માટે ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરવા ગુજરાતના અન્ય વિસ્તારોમાં હિજરત કરે છે. જોકે, આ વર્ષે ઓછા વરસાદને કારણે ઘાસચારાની અછત સર્જાતાં તેમણે દિવાળી પહેલાં જ વતન છોડવું પડ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી પરિવાર અને પશુધન સાથે હિજરત કરી રહેલા માલધારીઓ હવે આગામી ચોમાસું સારું જાય અને ફરી પોતાના ઘર-વતનમાં હેમખેમ પરત ફરી શકે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. હાલ તેમની એક જ માંગ છે કે સરકાર તાત્કાલિક કેટલ કેમ્પ શરૂ કરી ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરે, જેથી તેમને પોતાના વતનથી દૂર ભટકવાની ફરજ ન પડે.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com
DATE 03/11/2026

દિવાળીના પર્વ પર મનપાની ફૂડ વિભાગ એકશનમાં

અંજીર, કાજુ, ગુલકંદ, દ્રાક્ષનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

કિસમીસ, મિકસ ડ્રાયફ્રૂટ સહિત ૧૪ નમૂના લેબોરેટરીમાં મોકલાયા, ૨૭ પેઢીમાં દરોડો, ૧૮ કિલો વાસી ખોરાકનો નાશ : અસ્વચ્છતા, લાઈસન્સ અને સ્ટોરેજ મુદ્દે ૭ વેપારીને નોટિસ, રૂ.૭,૫૦૦નો દંડ વસૂલાયો







અગ્ર ગુજરાત, રાજકોટ

દિવાળીના તહેવારને અનુલક્ષીને નાગરિકોના આરોગ્યની જાળવણી અર્થે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખા-ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને અસ્વચ્છતા સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્પેશિયલ ડ્રાઇવ અંતર્ગત સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરની કુલ ૨૭ વેપારી પેઢીઓમાં દરોડા પાડી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન જુદી જુદી પેઢીઓમાંથી મળી આવેલ કુલ ૧૮ કિલોગ્રામ વાસી, અખાદ્ય, પડતર અને એક્સપાયર્ડ ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, હાઇજેનિક કન્ડિશન, લાઇસન્સ તેમજ સ્ટોરેજ નિયમોના ભંગ બદલ ૭ પેઢીઓને નોટિસ આપવામાં આવી છે અને કુલ રૂ. ૭,૫૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. તેમજ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ વિવિધ ખાદ્યપદાર્થોના ૧૪ સેમ્પલ લઈ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ભગવતી ફૂડ ઝોન (કોઠારીયા રોડ): મંચૂરિયન, પનીર, બાફેલા બટેટા મળી ૧૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ, હાઈજેનિક કન્ડિશન અંગે નોટિસ અને રૂ. ૧,૦૦૦ દંડ. ધ કાઠિયાવાડી ચૂલો (કોઠારીયા રોડ): તૈયાર શાક, સંભારો મળી ૮ કિલો અખાદ્ય જથ્થાનો નાશ, નોટિસ અને રૂ. ૧,૦૦૦ દંડ.

એપેક્ષ ટ્રેડર્સ (પેડક રોડ): અંજીર (લૂઝ) અને જશ ડ્રાય ફ્રૂટ્સ આલમંડના સેમ્પલ. રઘુવીર ટ્રેડીંગ (કુવાડવા રોડ): રઘુવીર ડ્રાય ફ્રૂટ્સ મુખવાસનો સેમ્પલ., ગોકુલ એજન્સી (કુવાડવા રોડ): બંસી પપૈયાં મુરબ્બા (ટૂટી ફૂટી)નો સેમ્પલ. સાગર ફ્રૂટ્સ (પરાબજાર): કાજુ ફાડા અને કાળી દ્રાક્ષના સેમ્પલ. શ્રી અશોકવિજય ડેરીફાર્મ (સોરઠીયા વાડી): બટર વેનીલા પેંડા અને મલાઇકટ મીઠાઇના સેમ્પલ. ભગવતી ઇન્ટરનેશનલ (પરાબજાર): રોસ્ટેડ પેપર કેસ્યુ અને કિસમિસના સેમ્પલ. હિરાર્થ નમકીન & ડ્રાયફ્રુટ (સરદાર નગર): મિક્સ ડ્રાયફ્રુટ બોલ અને ફુકીઝના સેમ્પલ. શ્રીરામ શીંગ & નમકીન (કોટેચા નગર): ફૂડ સ્ટુડિયો બ્લેક રેસિન્સ અને બ્લુબિયન ઠંડા મીઠા ગુલકંદના સેમ્પલ લેવાયા છે અને લેબોરેટરીમાં મોકલાયા છે.

દામોદર ડેરીફાર્મ (મવડી)માં મીઠાઈ પર 'યુઝ બાય ડેટ' દર્શાવવા અને લાઈસન્સ અંગે નોટિસ તથા રૂ. ૧,૦૦૦ દંડ, જલારામ ખમણ હાઉસ (રૈયા રોડ): લાઈસન્સ અંગે નોટિસ અને રૂ. ૫૦૦ દંડ., લક્ષ્મી નારાયણ સેલ્સ એજન્સી (રૈયા રોડ): લાઈસન્સ અંગે નોટિસ અને રૂ. ૫૦૦ દંડ., જય બાલાજી ફૂડ પ્રોડક્ટસ (૧૫૦ ફૂટ રીંગ રોડ): લાઈસન્સ અંગે નોટિસ અને રૂ. ૫૦૦ દંડ., જલારામ ફરસાણ (રૈયા રોડ): લાઈસન્સ અંગે નોટિસ અને રૂ. ૫૦૦ દંડ., શ્રી શક્તિ હોટેલ (જગન્નાથ ચોક): લાઈસન્સ અંગે સૂચના અને રૂ. ૫૦૦ દંડ., જય સરપંચ ચા (જગન્નાથ ચોક): લાઈસન્સ અંગે સૂચના અને રૂ. ૫૦૦ દંડ. ક્રિષ્ના શોપ (જગન્નાથ ચોક): લાઈસન્સ અંગે સૂચના અને રૂ. ૫૦૦ દંડ. જય માતાજી રેસ્ટોરન્ટ (જગન્નાથ ચોક): લાઈસન્સ અંગે સૂચના અને રૂ. ૫૦૦ દંડ. શ્યામ ક્લિનિક (જગન્નાથ ચોક): લાઈસન્સ અંગે સૂચના અને રૂ. ૫૦૦ દંડ ફટકારાયો છે.

તપાસ દરમિયાન જલારામ રેસ્ટોરન્ટ (જગન્નાથ ચોક), ગીરીરાજ હોસ્પિટલ - શ્રી આશાપુરા કેટરર્સ (જગન્નાથ ચોક), રાજગોલા (જગન્નાથ ચોક), બાબા પાન એન્ડ કોલ્ડ્રીક્સ (ગોંડલ રોડ), આઇ શ્રી ખોડીયાર પાન & કોલ્ડ્રીક્સ (મવડી બાયપાસ), જય બાલાજી ઘુઘરા (મવડી બાયપાસ) તેમજ પટેલ ફરસાણ માર્ટ (મવડી બાયપાસ) ખાતે પણ સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

દિવાળી નહી બગડે! આજીમાં નર્મદા નીર ઠલવવાનું શરૂ

મનપાએ કરેલી ૪૦૦૦ MCFT પાણીની માંગણી અંતર્ગત તબક્કાવાર પાણી આપવાનું શરૂ, ૩૦ દિવસમાં છલકાશે ડેમ

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટમાં ચાલુ વર્ષે અપૂરતો વરસાદ પડતાં શહેરનાં જળાશયોમાં પાણીની આવક ઘટી હતી. જેના કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે આજી-1 ડેમમાં સૌની યોજનાનું પાણી શરૂ કરવામાં આવ્યું છે અને ન્યારી-1 ડેમમાં પણ ટૂંક સમયમાં પાણી શરૂ કરવામાં આવનાર છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજી અને ન્યારી ડેમમાં 4000 એમસીએફટી પાણીની માંગણી કરવામાં આવી હતી. જેમાંથી તબક્કાવાર પાણી આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. અને એક મહિનામાં આજીડેમ ભરી દેવામાં આવનાર છે.

રાજકોટ મનપાનાં સિટી એન્જિનિયર કે. પી. દેથરીયાએ જણાવ્યું હતું કે, અમારા અને સિંચાઇ વિભાગના સતત પ્રયાસોનાં કારણે આજે બપોરે 1 કલાકે આજી-1 ડેમમાં સૌની યોજનાની નર્મદા નીરની આવક શરૂ થઇ ગઇ છે. આમ એકાંતરા પાણીની ભીતિ સેવતા રાજકોટવાસીઓની દિવાળી સુધરી ગઇ છે. આ માટે સિંચાઇ વિભાગના 100 જેટલા કર્મચારીઓ અને અધિકારીઓને દિવાળીની રજામાં પણ પાણીને લઇ સતત સાઇટ ઉપર કાર્યરત રહેવું પડશે.



આજી ડેમમાં 47% અને ન્યારીમાં 37% જથ્થો

આજી–1 ડેમમાં પ્રથમ તબક્કામાં 13 ડિસેમ્બર સુધીમાં કુલ 1270 **MCFT** નર્મદા નીર છોડવામાં આવશે. આજી–1 ડેમ 29 ફૂટે છલકાય છે અને ન્યારી–1 ડેમ 26 ફૂટે છલકાય છે. આજીડેમ ખાતે હાલનું લેવલ 19.50 ફૂટ છે જ્યારે કુલ 917 **mcft** ની સામે જથ્થો 400 **mcft** છે. આજની સ્થિતિએ આજી ડેમમાં 47% અને ન્યારી–1 ડેમમાં 37 ટકા જળ જથ્થો ઉપલબ્ધ છે.

મેયર ડો. નેહલ શુક્લે જણાવ્યું હતું કે, આજી-1 ડેમમાં રોજ 15 થી 20 MCFT પાણી ઠલવવામાં આવે છે. જેથી 35 દિવસમાં આજી-1 ડેમ પૂરો ભરાઇ જશે. આ બાદ ત્યાંથી પંપિંગ કરીને ન્યારી ડેમમાં પાણી શરૂ કરવામાં આવશે. આમ ન્યારી ડેમ પણ સરકાર ભરી દેવાની છે. આમ છતાં આ વર્ષે પાણીના ઉપયોગમાં સંયમ રાખવો જરૂરી છે. ત્યારે નાગરિકોને પાણીનો બગાડ જરાપણ ન કરવા મારી અપીલ છે. દિવાળીના તહેવાર પર લોકોને પાણીની ચિંતા નહીં રહે તેવું અગાઉ જાહેર કરાયું હતું. જે મુજબ આજથી નર્મદાના નીર આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.


તમે રીલ્સ ઓછી જોશો તો જ બાળકોને રોકી શકશો, મુખ્યમંત્રીની શિક્ષકોને ગંભીર ટકોર

રાજય સરકાર દ્વારા ૮૧૬૯ નવનિયુકત શિક્ષકોને ભલામણ પત્ર એનાયત કરાયા

અગ્ર ગુજરાત, ગાંધીનગર

ગુજરાત રાજયમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંતર્ગત કુલ 8,169 નવનિયુક્ત શિક્ષકોને ભલામણ પત્ર એનાયત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી પ્રદ્યુમ્ન વાજા અને ધારાસભ્ય રિવાબા જાડેજા સહિતના મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. હાલ રાજ્યમાં કુલ 11,000 જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, અને આગામી 27 નવેમ્બરના રોજ આ શિક્ષકોને ઓનલાઇન અથવા નિયત પ્રક્રિયા દ્વારા શાળા પસંદગી આપવામાં આવશે.

કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જણાવ્યું



હતું કે, શિક્ષકોએ પોતાની નૈતિક જવાબદારી સમજવી ખૂબ જ જરૂરી છે. આજકાલ સોશિયલ મીડિયાનો વ્યાપ વધ્યો છે, ત્યારે મુખ્યમંત્રીએ ભાવિ શિક્ષકોને ખાસ ટકોર કરતા કહ્યું હતું કે, તમે રીલ્સ ઓછી જોશો તો જ બાળકોને રીલ્સ ન જોવાની શિખામણ આપી શકશો, જો તમે ખુદ રીલ્સ જોશો તો બાળકોને કેમ ના પાડી શકશો?

આ ઉપરાંત તેમણે શિક્ષકોના વર્તન અંગે ચેતવણી આપતા જણાવ્યું કે, સોશિયલ મીડિયાના જમાનામાં જો ક્લાસરૂમમાં તમારો કોઈ નબળો કે અયોગ્ય વીડિયો વાયરલ થઈ ગયો તો તે તમારું રાજીનામું પણ અપાવી શકે છે. તેમણે ઉમેર્યું કે, જો મજા ન હોય તો રજા મૂકીને ઘરે જતા રહેવું, પરંતુ વર્ગખંડમાં શિક્ષકનું આચરણ હંમેશાં યોગ્ય જ રહેવું જોઈએ.

શિક્ષકોની ભરતી મુદ્દે વાત કરતા મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે, આજે જેટલા ભલામણ પત્ર આપવામાં આવ્યા છે, તેટલી જ હજુ વધુ ભરતી કરવાની સરકારની પૂરી તૈયારી છે. જોકે, કેટલાક લોકો આ બાબતે કોર્ટમાં ગયા હોવાનો ઉલ્લેખ કરતા તેમણે અસંતોષ વ્યક્ત કર્યો હતો કે, આવા અડચણરૂપ પગલાંના કારણે કેટલાય યુવાનો હેરાન થાય છે. તેમણે યુવાનોની પ્રગતિ પર ખુશી વ્યક્ત કરી હતી કે, આજે ભાવિ શિક્ષકો પણ સારી ગાડીઓમાં બેસીને આવ્યા છે, કારણ કે સમાજમાં શિક્ષક પ્રત્યે હંમેશાં માન અને સન્માનની ભાવના રહી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ધારાસભ્ય રિવાબા જાડેજાએ પોતાના વક્તવ્યમાં શિક્ષકનું અસલી મૂલ્ય સમજાવ્યું હતું. તેમણે એક રાજા અને ગુરુનું ઉદાહરણ આપતા ભારપૂર્વક જણાવ્યું કે, વ્યક્તિ પાસે ગમે તેટલું પુસ્તકીય જ્ઞાન હોય, પરંતુ જીવનમાં હંમેશાં જ્ઞાન કરતા આચરણ અને ચારિત્ર્ય સૌથી વધુ મહત્વનું હોય છે. શિક્ષકનું જીવન જ વિદ્યાર્થીઓ માટે સૌથી મોટોદર્પણ બનતું હોય છે.

ઘીની અછતથી ભાવમાં ₹.50 સુધીનો તોતિંગ વધારો, મોંઘવારીનો વધુ એક માર

તહેવાર સમયે જ ભાવ વધારો આવતા સામાન્ય પરિવારના બજેટને ભારે અસર

અગ્ર ગુજરાત, રાજકોટ

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે, ત્યારે મીઠાઇઓ અને પકવાનો બનાવવા માટે ઘીની માંગમાં મોટો ઉછાળો આવ્યો છે. પરંતુ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના શહેરોમાં હાલ શુદ્ધ ઘીની ભારે અછત જોવા મળી રહી છે. આ અછતને પગલે બજારમાં ઘીના ભાવ આસમાને પહોંચ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં જ ઓરિજિનલ ઘીના ભાવમાં કિલોદીઠ 40 થી 50 રૂપિયાનો તોતિંગ વધારો નોંધાયો છે, જેના કારણે સામાન્ય માણસનું બજેટ ખોરવાયું છે. બજારમાં અચાનક ઘીની અછત કેમ ઊભી થઈ તે પાછળનું મુખ્ય કારણ આરોગ્ય વિભાગની કડક કાર્યવાહી છે. છેલ્લા 3 થી 4 મહિનાથી રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ઘીના વેપારીઓ અને ડેરીઓ પર સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે.



આરોગ્ય વિભાગના આ સઘન ચેકિંગ અને વારંવાર પડતી રેડના કારણે બજારમાં છડેચોક વેચાતા ડુપ્લીકેટ ઘીનું વેચાણ નોંધપાત્ર રીતે ઘટી ગયું છે. નકલી ઘી બજારમાંથી ગાયબ થતાં જ ગ્રાહકોનો ધસારો અસલી ઘી તરફ વધ્યો છે. એક તરફ ડુપ્લીકેટ ઘી બંધ થયું છે, તો બીજી તરફ દિવાળીનો સમય હોવાથી બજારમાં ઘીની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. માંગ સામે શુદ્ધ ઘીનો પૂરવઠો ઓછો હોવાથી સ્વાભાવિક રીતે જ ભાવમાં 40 થી 50 રૂપિયાનો સીધો વધારો ઝીંકાયો છે. આ ઉપરાંત, આ વર્ષે પડેલા દુષ્કાળની અસર પણ દૂધ અને ઘીના ઉત્પાદન પર સ્પષ્ટ જોવા મળી રહી છે. પશુઓ માટે ચારાની અછત અને અન્ય કારણોસર દૂધનું ઉત્પાદન ઘટ્યું છે, જેની સીધી અસર ઘીના બજાર પર પડી છે. રાજકોટ શહેર અને સૌરાષ્ટ્રના બજારોમાં મોટાભાગે શુદ્ધ ઘી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતું હોય છે. પરંતુ આ વખતે પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે.

રાજકોટની એક ખાનગી ડેરીના સંચાલકે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલ દિવાળીનો સમય છે અને ડુપ્લીકેટ ઘીનું વેચાણ ઘટતા ઓરિજિનલ ઘીના ભાવ વધ્યા છે. પહેલાં જે પ્રમાણમાં ગામડાંઓમાંથી ઘી આવતું હતું, તેની સરખામણીમાં હવે ખૂબ જ ઓછું ઘી બજારમાં ઠલવાઈ રહ્યું છે. સૌરાષ્ટ્રના ગામડાઓમાંથી રાજકોટમાં આવતા ઘીની આવક ઘટવી અને સામે તહેવારોની માંગ વધવી, આ બંને પરિબળોએ ભેગા મળીને અછતની સ્થિતિનું નિર્માણ કર્યું છે. પરિણામે, ગ્રાહકોએ મોંઘા ભાવે ઘી ખરીદવા મજબૂર થવું પડ્યું છે.

આમ, એક બાજુ આરોગ્ય વિભાગની રેડથી લોકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં અટક્યા છે, જે સારી બાબત છે. પરંતુ બીજી તરફ દુષ્કાળ અને તહેવારની માંગે શુદ્ધ ઘીના ભાવમાં વધારો કરી દીધો છે.

રાજકોટ મહાનગરપાલિકાનો મહત્વપૂર્ણ નિર્ણય

દોઢ થી ચાર ઇંચના સમ્પ કનેકશનમાં 3.75 લાખની વ્યાજમાફી

સમ્પ કનેકશન ધરાવતા ફ્લેટ ધારકોને વ્યાજ માફી યોજનામાં અન્યાય થતો હોવાની રજૂઆત બાદ અપાયેલી રાહત

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લાંબા સમયથી જેનો વેરો બાકી છે તેવા કરદાતાઓને મિલકત વેરા અને પાણી વેરામાં 5-5 હજાર મળીને કુલ રૂપિયા 10 હજાર સુધીની વ્યાજ માફી યોજના આગામી 31 ડિસેમ્બર 2026 સુધી લંબાવવામાં આવી છે. ત્યારે સમ્પ કનેક્શન ધરાવતા ફ્લેટ ધારકોને વ્યાજ માફી યોજનામાં અન્યાય થતો હોવાની મેયર અને કમિશનર સમક્ષ થયેલી રજૂઆતોને લઇ દોઢ ઇંચથી માંડીને ચાર ઇંચ સુધીના સમ્પ કનેક્શન માં રૂ. 5 હજારથી લઇ રૂ.3.75 લાખ સુધી વ્યાજ માફી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી તારીખ 31 ડિસેમ્બર સુધી આ લાભ પણ મળશે.



રાજકોટ મનપા દ્વારા શહેરના અંદાજે 6 લાખ જેટલા કરદાતાઓ પાસેથી મિલકત વેરાની આવકનો રૂપિયા 438 કરોડનો અંદાજ લગાવવામાં આવ્યો છે. આ સામે હજુ સુધી અંદાજે રૂપિયા 247 કરોડ જેટલી આવક થઇ છે. નવેમ્બર માસ શરૂ થઈ ગયો છે અને નાણાંકીય વર્ષ પુરું થવા આડે હજુ 5 મહિના જેટલો સમય છે. ત્યારે એક તરફ વેરા વસૂલાત શાખા રૂપિયા 439 કરોડનો લક્ષ્યાંક પૂર્ણ કરવા આકાશ પાતાળ એક કરી રહી છે ત્યારે બીજી તરફ મહાનગરપાલિકાની તિજોરી ભરવા અને લાંબા સમયથી વેરો નહીં ભરનારા બાકીદારો વેરો ભરપાઇ કરે એ માટે મિલકત વેરામાં 5 હજાર અને પાણી વેરામાં 5 હજાર મળી કુલ 10 હજાર રૂપિયાની વ્યાજ માફી યોજના ફરી થી આગામી ડિસેમ્બર મહિના સુધી અમલમાં મૂકવામાં આવી છે.

વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલે જણાવ્યું હતું કે, અગાઉ જનરલ બોર્ડમાં જે મિલકત ધારકોની વેરાની મુદલ કરતાં વ્યાજ વધુ હોય તેમની પાસેથી વેરાની મુદલ જેટલું જ વ્યાજ વસુલવા ઠરાવ થયો છે. જોકે સમ્પ કનેક્શન ધરાવતા ફ્લેટ ધારકોને વ્યાજ માફી યોજનામાં અન્યાય થતો હોય મેયર અને કમિશનર પાસે આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત વ્યાજબી જણાતા 1 ઇંચથી લઇને 4 ઇંચ સુધીના સમ્પ કનેક્શન ધરાવતા ફ્લેટ ધારકોને રૂ. 5 હજારથી માંડીને રૂ. 3.75 લાખ સુધીની વ્યાજ માફી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા 2015થી ચાર માળ સુધીના લો રાઇઝ બિલ્ડિંગોમાં એક થી દોઢ ઇંચના સંમ્પ કનેક્શન આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ પછી શહેરના વિકાસ સાથે હાઇરાઈઝ્ડ બિલ્ડિંગો અને સાથોસાથ સરકારી કચેરીઓ પણ વધવા લાગતાં હવે ચાર ઇંચ સુધીના સંમ્પ કનેક્શન પણ આપવામાં આવે છે. આવા સંમ્પ કનેક્શન ધરાવતા બિલ્ડિંગોમાં રૂ. 5 હજારથી લઈ રૂ. 3.75 લાખ સુધીની વ્યાજ માફી આપવામાં આવશે.

ફ્લેટની સંખ્યા કનેક્શન સાઇઝ વ્યાજમાફી 4 થી 6 એક ઇંચ 30,000 7 થી 13 દોઢ ઇંચ 65,000 14 થી 20 બે ઇંચ 1,00,000 21 થી 30 અઢી ઇંચ 1,50,000 31 થી 45 ત્રણ ઇંચ 2,25,000 46 થી 75 ચાર ઇંચ 3,75,000

ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં આવેલી કેન્દ્ર અને રાજ્ય સરકારની કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ અને સરકારી સંસ્થાઓનો રૂ. 98 કરોડ જેવો વેરો લાંબા સમયથી બાકી છે. આવી સરકારી કચેરીઓ જે સંમ્પ કનેક્શન ધરાવે છે તેઓને પણ આ રીતે જ વ્યાજ માફી યોજનાનો લાભ ડિસેમ્બર મહિના સુધી મળશે. આ સંદર્ભે વેરા વસૂલાત શાખા દ્વારા સરકારી કચેરીઓ અને સંસ્થાઓને પત્ર લખીને વ્યાજ માફી યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com
DATE 03/11/2026

એક પછી એક વિવાદો છતાં સંચાલક સામે કાર્યવાહી કેમ નહીં?

સરાઝા હોટેલ કે દારૂની મહેફિલોનો અડ્ડો.?

કાલાવાડ રોડની હાઈપ્રોફાઈલ હોટેલમાં દારૂકાંડ બાદ અનેક સવાલોનો મારો: 38 સામે ગુનો નોંધાયો પરંતુ હોટેલ સંચાલક કુશલ અનડકટ સામે કાર્યવાહીનો અભાવ ચર્ચામાં



અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટના કાલાવાડ રોડ પર કોસ્મોપ્લેક્સ સિનેમા સામે આવેલી સરાઝા હોટેલ હવે માત્ર લક્ઝરી સુવિધાઓ કે મહેમાનગતિ માટે નહીં, પરંતુ એક પછી એક સામે આવતા વિવાદો અને હાઈપ્રોફાઇલ દારૂની મહેફિલોના પ્રકરણને લઈને ચર્ચાના કેન્દ્રમાં આવી છે. તાજેતરમાં હોટેલના બેન્કવેટ હોલમાં એલસીબી ઝોન-2 દ્વારા પાડવામાં આવેલા દરોડામાં વિદેશી દારૂની બોટલો સાથે મસમોટા ઉદ્યોગપતિઓ, બિલ્ડરો અને વેપારીઓ ઝડપાતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાએ રાજકોટના નાગરિકોના મનમાં એક જ સવાલ ઊભો કર્યો છે કે, શું સરાઝા હોટેલમાં અવારનવાર આવી મહેફિલો યોજાતી હોવાની ચર્ચાઓ પાછળ કોઈ હકીકત છે? જો આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોય તો હોટેલ સંચાલન અને જવાબદાર તંત્રની ભૂમિકા શું છે?

31 ઓક્ટોબરની રાત્રે સરાઝા હોટેલના બીજા માળે આવેલા બેન્કવેટ હોલમાં જન્મદિવસની એડવાન્સ ઉજવણીના નામે રંગીન મહેફિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી 12 નવેમ્બરે આવનારા જન્મદિવસની ઉજવણી દિવાળીના તહેવારો અને રજાઓને ધ્યાનમાં રાખીને અગાઉથી જ ગોઠવવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. રાત્રિના સમયે ચાલી રહેલી આ પાર્ટીનો વીડિયો પોલીસ સુધી પહોંચતાં એલસીબી ઝોન-2ની ટીમે આશરે રાત્રે એક વાગ્યે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસની એન્ટ્રી થતાં જ બેન્કવેટ હોલમાં અફરાતફરી મચી ગઈ હતી. યુ-આકારમાં ગોઠવાયેલા ટેબલો, ખાલી ગ્લાસ, કોલ્ડ્રિંક્સ અને વિદેશી દારૂની બોટલો વચ્ચે મહેફિલ માણતા લોકો મળી આવ્યા હતા.

આ દરોડામાં પોલીસને 33 મહિલાઓ અને આશરે 43 પુરુષો મળી આવ્યા હોવાની વિગતો સામે આવી છે. જોકે, આટલી મોટી સંખ્યામાં લોકો હાજર હોવા છતાં માત્ર 38 વ્યક્તિઓ સામે જ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાની બાબત અનેક સવાલો ઊભા કરે છે. બાકીના લોકોની ભૂમિકા શું હતી? તેમની પૂછપરછ થઈ હતી કે નહીં? કોઈની જવાબદારી નક્કી કરવામાં આવી હતી કે કેમ? જો તમામ લોકો પાર્ટીમાં હાજર હતા તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી માટે કયા માપદંડ અપનાવવામાં આવ્યા? આ સવાલોના સ્પષ્ટ જવાબો



જાહેર થાય તે જરૂરી છે.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો પ્રશ્ન હોટેલના માલિક અને સંચાલક કુશલ અનડકટની ભૂમિકાને લઈને ઊભો થયો છે. હોટેલના બેન્કવેટ હોલમાં આટલી મોટી પાર્ટી યોજાય, ટેબલો ગોઠવાય, પીણાંની વ્યવસ્થા થાય અને વિદેશી દારૂની બોટલો અંદર સુધી પહોંચે, ત્યારે હોટેલ મેનેજમેન્ટને તેની જાણ હતી કે નહીં? જો જાણ હતી તો તેની જવાબદારી નક્કી કરવામાં આવી છે કે કેમ? અને જો જાણ નહોતી તો હોટેલની સુરક્ષા તથા આંતરિક વ્યવસ્થાની દેખરેખ કેવી રીતે ચાલે છે? આ સવાલોનો જવાબ આપવાની જવાબદારી હવે હોટેલ સંચાલન અને પોલીસ બંનેની બને છે.

લોકમુખે એવી પણ ચર્ચાઓ થઈ રહી છે કે સરાઝા હોટેલમાં અગાઉ પણ આ પ્રકારની મહેફિલો યોજાઈ હોવાના આક્ષેપો થયા છે. જોકે, આ અગાઉની ઘટનાઓની સત્તાવાર પુષ્ટિ અને વિગતો સામે આવવી જરૂરી છે. જો અગાઉ પણ ફરિયાદો કે બાતમીઓ મળી હોય તો તેના પર શું કાર્યવાહી કરવામાં આવી હતી, તેની તપાસ થવી જોઈએ. હોટેલમાં સીસીટીવી કેમેરા હોવા છતાં આવી પાર્ટી યોજાઈ અને પોલીસ દરોડા સુધી વાત પહોંચી તો સીસીટીવી ફૂટેજમાં શું સામે આવ્યું તે પણ તપાસનો મહત્ત્વનો મુદ્દો છે. બીજી તરફ, આ પાર્ટીમાં મોરબી અને રાજકોટના જાણીતા ઉદ્યોગપતિઓ, બિલ્ડરો અને વેપારીઓની હાજરીની ચર્ચાએ પ્રકરણને વધુ ગંભીર બનાવ્યું છે.

આ ઉપરાંત, સમગ્ર પ્રકરણનું કવરેજ કરવા ગયેલા પત્રકાર સાથે પોલીસની મહિલા અધિકારી દ્વારા ગેરવર્તણૂક કરી કાંઠલો પકડી લેવાનો આક્ષેપ સામે આવતાં વિવાદે નવો વળાંક લીધો છે. પોલીસની કામગીરી અંગે સવાલો ઉઠાવવાનું અને ઘટનાસ્થળની હકીકતો લોકો સુધી પહોંચાડવાનું પત્રકારનું કામ છે. ત્યારે કવરેજ દરમિયાન આવું વર્તન થયું હોવાના આક્ષેપે રાજકોટના પત્રકાર આલમમાં ભારે રોષ ફેલાવ્યો છે. આ મામલે ઉચ્ચ સ્તરે તપાસ અને જવાબદાર અધિકારી સામે કાર્યવાહી કરવાની માંગ પણ ઊઠી છે. પોલીસ કમિશનર દ્વારા આ ઘટનાની તપાસ માલવિયાનગર પોલીસ સ્ટેશનના પીઆઇ કૈલાને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

હવે સવાલ માત્ર દારૂની મહેફિલમાં ઝડપાયેલા 38 લોકો સામે નોંધાયેલા ગુનાનો નથી. સવાલ એ છે કે હોટેલમાં આવી પાર્ટીનું આયોજન કોણે કર્યું, દારૂ અંદર કેવી રીતે પહોંચ્યો, હોટેલ મેનેજમેન્ટની ભૂમિકા શું હતી, હાજર તમામ લોકોની તપાસ થઈ કે નહીં અને હોટેલ સંચાલક સામે કાર્યવાહી કેમ થઈ નથી? પોલીસ, કલેક્ટર અને સંબંધિત વિભાગો દ્વારા હોટેલના સીસીટીવી ફૂટેજ, બુકિંગ રેકોર્ડ, બેન્કવેટ હોલની મંજૂરીઓ અને જવાબદાર વ્યક્તિઓની ભૂમિકાની નિષ્પક્ષ તપાસ થાય તે જરૂરી છે. અન્યથા સરાઝા હોટેલનો આ દારૂકાંડ માત્ર એક રેડની ઘટના બનીને રહી જશે અને રાજકોટમાં કાયદાના અમલ સામે ઊઠેલા સવાલો યથાવત રહેશે.

સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાંજ પોલીસ એક્ટિવ થઈ હોવાની ચર્ચા

સરાઝા હોટેલમાં થયેલી દારૂની મહેફિલનો મામલો સામે આવતાં જ પાર્ટીના આયોજન અંગે અનેક વિગતો ચર્ચામાં આવી છે. આગામી 12 નવેમ્બરે જન્મદિવસ હોવાથી દિવાળીના તહેવારોની રજાઓને ધ્યાનમાં રાખીને 31 ઓક્ટોબરની રાત્રે જ એડવાન્સ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. હોટેલના બીજા માળે આવેલા બેન્કવેટ હોલમાં પાર્ટી ચાલી રહી હતી ત્યારે તેનો વીડિયો પોલીસ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ રાત્રિના આશરે એક વાગ્યે એલસીબી ઝોન–2ની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસની એન્ટ્રી થતાં જ પાર્ટીમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. હોટેલના પાર્કિંગમાં મોંઘીદાટ લક્ઝરી કારોનો કાફલો પણ જોવા મળ્યો હતો. આ પાર્ટીમાં રાજકોટ અને મોરબીના જાણીતા ઉદ્યોગપતિઓ તથા વેપારીઓ હાજર હોવાની ચર્ચાએ પ્રકરણને વધુ હાઈપ્રોફાઈલ બનાવી દીધું છે.

હોટેલ સંચાલક કુશલ અનડકટ સામે કાર્યવાહી કેમ નહીં?

સરાઝા હોટેલના દારૂકાંડમાં સૌથી વધુ ચર્ચા હોટેલ સંચાલક કુશલ અનડકટની ભૂમિકાને લઈને થઈ રહી છે. હોટેલના બીજા માળે આવેલા બેન્કવેટ હોલમાં મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં પાર્ટી યોજાઈ, ટેબલો ગોઠવાયા અને વિદેશી દારૂની બોટલો પણ મળી આવી. ત્યારે હોટેલ મેનેજમેન્ટ આ આયોજનથી અજાણ હતું કે નહીં તે તપાસનો વિષય છે. બેન્કવેટ હોલનું બુકિંગ કોણે કરાવ્યું હતું? પાર્ટી માટે કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી? હોટેલના સીસીટીવીમાં શું કેદ થયું છે? આ તમામ બાબતોની તપાસ થવી જોઈએ. હોટેલ સંચાલકની કોઈ ભૂમિકા હોય તો કાયદા મુજબ કાર્યવાહી થવી જોઈએ અને ભૂમિકા ન હોય તો તે અંગે પણ સ્પષ્ટતા થવી જોઈએ. માત્ર મહેફિલમાં હાજર લોકો સામે કાર્યવાહી કરીને સમગ્ર જવાબદારી પૂર્ણ થઈ જાય છે કે કેમ તે મોટો સવાલ છે.

હોટેલ અને પોલીસ વચ્ચેના સંબંધોની ચર્ચા: રાજકીય ઓથના આક્ષેપોની તપાસ જરૂરી

સરાઝા હોટેલમાં અગાઉ પણ આવી મહેફિલો યોજાઈ હોવાના આક્ષેપો અને લોકચર્ચા હવે ફરી સામે આવી છે. જો અગાઉ પણ પોલીસને આવી પ્રવૃત્તિઓ અંગે જાણ થઈ હોય તો કઈ કાર્યવાહી કરવામાં આવી હતી તે તપાસવું જરૂરી છે. હોટેલ સંચાલકો અને પોલીસ વચ્ચે કોઈ ખાસ સંબંધો હોવાની તથા રાજકીય વગના આધારે છૂટછાટ મળતી હોવાની ચર્ચાઓ પણ થઈ રહી છે. જોકે, આ પ્રકારના આક્ષેપોની હકીકત તપાસ વિના સ્વીકારી શકાય નહીં. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ અગાઉની ફરિયાદો, બાતમીઓ, હોટેલના બુકિંગ રેકોર્ડ અને સીસીટીવી ફૂટેજની તપાસ કરવી જોઈએ, જેથી કોઈને છાવરવામાં આવ્યા છે કે નહીં તે સ્પષ્ટ થઈ શકે.

પત્રકારનો કાંઠલો પકડવાનો આક્ષેપ: ખાખીની વર્તણૂક સામે પત્રકાર આલમમાં રોષ

સરાઝા હોટેલના દારૂકાંડનું કવરેજ કરવા ગયેલા પત્રકાર સાથે મહિલા પોલીસ અધિકારી દ્વારા ગેરવર્તણૂક કરવામાં આવી અને જાહેરમાં કાંઠલો પકડી લેવામાં આવ્યો હોવાનો આક્ષેપ સામે આવતાં રાજકોટના પત્રકાર જગતમાં ભારે રોષ ફેલાયો છે. દારૂકાંડમાં પોલીસની કામગીરી અંગે સવાલો ઊઠી રહ્યા હોય ત્યારે પત્રકારને કવરેજ કરતાં અટકાવવાના પ્રયાસો થયા હોવાની ફરિયાદે વિવાદને વધુ વેગ આપ્યો છે. આ ઘટનાને ગંભીરતાથી લઈને પત્રકાર આલમ દ્વારા જવાબદાર અધિકારી સામે તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પોલીસ કમિશનર દ્વારા સમગ્ર મામલાની તપાસ માલવિયાનગર પોલીસ સ્ટેશનના પીઆઇ કૈલાને સોંપવામાં આવી છે. હવે તપાસમાં શું બહાર આવે છે અને પત્રકાર સાથે થયેલા વર્તન અંગે જવાબદારી કોની નક્કી થાય છે તેના પર સૌની નજર છે.

બિનખેતી શાખામાં મળતિયાઓ પાસે કામગીરી કરાવતા અધિકારી સામે કાર્યવાહી કરવા માંગ

એક એકરના એક લાખ વસુલી ભ્રષ્ટાચાર કરતા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ : કલેકટરને રજૂઆત

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટ કલેકટર ઓફીસના ફ્લોર પર સી.સી. ટીવી કેમેરાથી સજજ બિનખેતી વિભાગની ઓફીસ આવેલ છે તે વિભાગની અંદર નાયબ મામલતદાર તરીકે મુકેશભાઇ રાઠોડ ફરજ બજાવે છે. છેલ્લા ઘણા વખતથી આ ઓફીસમાં સરકારી કચેરીના ટેબલ પર બેસીને ૩ બહારની વ્યક્તિઓ (૧) વિજય પરમાર (૨) ટી. બી. લીંબાસીયા તથા (૩) પ્રકાશભાઇ સોલંકી દ્વારા ફાઇલો જોવી, અરજદારને સાંભળવા અને ફાઇલ અંગે બીજા કર્મચારીને સુચના આપવા અંગેનું કામ કરી રહ્યા હતા. અમારા પાસે એવી પણ રજૂઆત આવી છે કે શહેરી વિસ્તારમાં બિનખેતી માટે આવનારી ફાઇલોનો ભાવ એક એકરે રૂા. ૧.૨૫ લાખ તથા બહારના ગ્રામીણ વિસ્તારમાં બિનખેતી માટે એક એકરના રૂા. ૧ લાખ લેખે વસુલવાનું સુયોજીત રીતે ભ્રષ્ટાચારની કામગીરી કરતા હતા.

કલેકટરની તમામ ઓફીસોમાં સી.સી. ટીવી હોવા છતાં બિનઅધિકૃત વ્યક્તિઓની સતત હાજરી, ટેબલ પર બેસવું અને તમામ પ્રકારના વ્યવહાર કરવાની કામગીરી આપના ધ્યાન પર નહીં



આવેલ હોય તેવું જણાતા આશ્ચર્ય થાય છે. આપની ઓફિસમાં આ પ્રકારનો ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થતો હોવા છતાં કોઇપણ પ્રકારની બીક વગર એક નાયબ મામલતદાર અધિકારી અને તેના મળતીયાઓ ભ્રષ્ટાચારને પોષી રહ્યા હતા તેવી ગુન્હાહિત પ્રવૃત્તિઓને તાત્કાલિક ધોરણે સરકારી કર્મચારીઓના ધારા-ધોરણ અને નિયમોને ધ્યાને રાખી આ નાયબ મામલતદાર ઉપર કાયદેસરની ભ્રષ્ટાચાર વિરોધી તથા અન્ય નિયમો મુજબ ગેરરીતિઓને આચરવાની બાબતે કડકમાં કડક કાર્યવાહી કરી તેની સામે ફોજદારી રાહે તથા અન્ય નિયમોને આધારે થતી કાર્યવાહી કરવા અમારી માગણી છે.

બહારની વ્યક્તિઓને સરકારી ફાઇલો ઉપર તપાસ કરી અને પોતાનો અભિપ્રાય આપી અને તે મુજબની કામગીરી કરાવવાની પ્રથા ગેરકાયદેસર અને ભ્રષ્ટાચારને પોષનારી છે. મુકેશભાઇ રાઠોડ દ્વારા બહારના વ્યક્તિઓ પાસે પોતે સરકારી કામગીરી કરાવતા હતા તે બાબતનો સ્વીકાર કર્યો હોવા છતાં આપના દ્વારા આજ દિવસ સુધી બિનખેતી વિભાગમાંથી તાત્કાલિક અસરથી તેની બદલી કરવામાં આવેલ નથી જે શંકાસ્પદ જણાય છે તથા મુકેશભાઇ રાઠોડ દ્વારા આચરવામાં આવેલ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સગેવગે કરવાનો સમય મળતો હોય તેથી ભ્રષ્ટાચારના પુરાવાનો નાશ થવાની શકયતાઓ છે. તાત્કાલિક ધોરણે તેમને તે વિભાગમાંથી ટ્રાન્સફર કરી તેની ઉપર કાયદેસરની તપાસ કામગીરી કરવી અનિવાર્ય છે. તે બાબતે અત્યાર સુધી શું પગલાં ભરવામાં આવ્યા અને આગળ શું કડક કાર્યવાહી કરવાના છો તે બાબતની જાણ કરવી તથા ન્યાયના હિતમાં આવા ભ્રષ્ટાચારી અધિકારીઓને તાત્કાલિક ધોરણથી સરકારી નિયમાનુસાર કાર્યવાહી કરી સબક શીખડાવવો ન્યાયના હિતમાં છે. નાયબ મામલતદાર તથા તેના મળતીયાઓ ત્રણ બિનઅધિકૃત વ્યક્તિઓ સામે ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓની અમલવારી કરી પોલીસ ફરિયાદ (F.I.R.) નોંધવી તથા અન્ય જે કાંઇ સરકારી કામગીરી કરી શકાતી હોય તે કરવા કોંગ્રેસ દ્વારા કલેકટરને આવેદન પાઠવી રજૂઆત કરાઇ છે.

કેન્સરની મોંઘીદાટ સારવાર એઇમ્સમાં સસ્તામાં મળશે

₹.39 કરોડની અદ્યતન રેડિયોથેરાપી સુવિધા કેન્દ્રનું મંત્રી જે.પી.નડ્ડાના હસ્તે લોકાર્પણ : સૌરાષ્ટ્રભરના દર્દીઓને અમદાવાદના ધક્કાથી મળશે રાહત

અગ્ર ગુજરાત, રાજકોટ

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી એઇમ્સ રાજકોટ ખાતે કેન્સરના દર્દીઓ માટે ₹39 કરોડના ખર્ચે સ્થાપિત અદ્યતન રેડિયોથેરાપી સુવિધાનું તા. 02 નવેમ્બર, 2026 ના રોજ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા ના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય સરકારના મંત્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ મંત્રી (સ્વતંત્ર હવાલો) પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવ તથા એડિશનલ સેક્રેટરી વિજય નેહરા વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. જ્યારે એઇમ્સ રાજકોટ ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી પ્રો. ડૉ. જે. એસ. તિતિયાલ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એલ. એન. દોરાઇરાજન, ડેપ્યુટી ડિરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ, લોકસભાના સાંસદ પરષોત્તમભાઇ રૂપાલા, ધારાસભ્યો દર્શિતાબેન શાહ અને ભાનુબેન બાબરીયા, આઇ.બી સભ્ય ડૉ. જીતેન્દ્ર અમલાણી,



રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ, ડી.ડી.ઓ શ્રી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના અન્ય મહાનુભાવો, સંસ્થાના તમામ ડીન, ફેકલ્ટી સભ્યો, વિભાગોના વડા, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સુવિધા અંતર્ગત High-Energy Linear Accelerator, Wide-Bore CT Simulator અને HDR Brachytherapy Unit જેવી અત્યાધુનિક તબીબી ટેકનોલોજી ઉપલબ્ધ કરવામાં આવી છે. તેના દ્વારા IMRT, VMAT, IGRT, SRS, SRT અને SBRT જેવી આધુનિક રેડિયોથેરાપી પદ્ધતિઓથી કેન્સરગ્રસ્ત ભાગોને વધુ ચોકસાઈથી રેડિયેશન આપી આસપાસના સ્વસ્થ અંગો અને પેશીઓને થતી અસર મર્યાદિત રાખવામાં મદદ મળશે.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા એ જણાવ્યું હતું કે એઇમ્સ રાજકોટની આ અદ્યતન રેડિયોથેરાપી સુવિધા ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં કેન્સરની સારવાર માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે. તેમણે જણાવ્યું હતું કે, “કોઇપણ નાગરિક સારવાર થી વંચિત ન રહે અને દરેકને સમયસર ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે સરકારની પ્રાથમિકતા છે.” તેમણે રેડીયોથેરાપી, કીમોથેરાપી અને સર્જિકલ સેવાઓના સંકલનથી દર્દીઓને એક જ સંસ્થામાં વ્યાપક કેન્સર સારવાર ઉપલબ્ધ થવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

એઇમ્સ રાજકોટ ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એલ.એન. દોરાઇરાજન જણાવ્યું હતું કે, “આ ₹39 કરોડની અદ્યતન સુવિધા સંસ્થાની આરોગ્ય સેવા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે પ્રગતિ નું મહત્ત્વપૂર્ણ સોપાન છે. આ સુવિધા માત્ર દર્દીઓને આધુનિક સારવાર પૂરી પાડશે એટલું જ નહીં, પરંતુ તબીબી વિદ્યાર્થીઓ અને નિષ્ણાતોને નવીનતમ ટેકનોલોજીની તાલીમ તથા કેન્સર સંશોધન માટે પણ નવી તકો પૂરી પાડશે.”

આ સુવિધાથી સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓને કેન્સરની સારવાર માટે અમદાવાદ, મુંબઈ કે અન્ય મોટા શહેરોમાં જવાની જરૂરિયાત અને તેના કારણે થતો સમય તથા આર્થિક બોજ ઘટાડવામાં મદદ મળશે. આયુષ્માન ભારત–PM-JAY હેઠળ પાત્ર દર્દીઓને યોજનાના નિયમો મુજબ લાભ મળશે. અન્ય દર્દીઓ માટે પણ એઇમ્સ નવી દિલ્હી ખાતે લાગુ દર મુજબ રાહતદરે સારવાર ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

એઇમ્સ રાજકોટ ખાતે રેડિયોથેરાપી સેવાઓને કીમોથેરાપી અને સર્જિકલ ઓન્કોલોજી સહિતની સેવાઓ સાથે સંકલિત કરીને દર્દી ના રોગ ના પ્રકાર, તબક્કા અને આરોગ્યની સ્થિતિ અનુસાર નિષ્ણાતોની ટીમ દ્વારા સારવાર પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, આ સુવિધા પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી ઓ ની તાલીમ અને ઓન્કોલોજી ક્ષેત્રે સંશોધન ને પણ પ્રોત્સાહન આપશે.

રાજધાની ટ્રાન્સપોર્ટમાં કર્મચારીઓએ 51.40 લાખનો કાપડનો માલ ગાયબ કર્યો

ટ્રાન્સપોર્ટરના નવાગઢ સ્થિત ગોડાઉનમાંથી 106 કાપડની ગાંસડીઓ ગુમ છતાં કોમ્પ્યુટરમાં સ્ટોક બરાબર : મામલો સામે આવ્યા બાદ લાજવાના બદલે વેપારીના પુત્રને ધમકી આપી

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટના ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીના જેતપુરના નવાગઢ સ્થિત ગોડાઉનમાંથી રૂ.51.40 લાખની કિંમતની 106 કાપડની ગાંસડીઓ ગાયબ થવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગોડાઉનમાં આવતા માલની ગણતરી, સ્ટોકની જાળવણી અને કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરવાની જવાબદારી જેમના શિરે હતી તે જ મેનેજર અને કોમ્પ્યુટર ઓપરેટરે કથિત રીતે વેપારીઓની ગાંસડીઓ સગેવગે કરી નાખ્યાનો આક્ષેપ થયો છે. ખાસ વાત એ છે કે કોમ્પ્યુટરમાં સ્ટોકનો હિસાબ બરાબર દર્શાવાતો હતો, પરંતુ વાસ્તવિક ગણતરી કરાવતાં મોટી ઘટ સામે આવી હતી. એટલું જ નહીં, આ અંગે પોલીસ ફરિયાદ કરવાની વાત થતાં વેપારીના પુત્રને અજાણ્યા નંબર પરથી ધમકી પણ આપવામાં આવી હતી. આ મામલે રાજકોટના નાના મવા રોડ પર નેહરુનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં રહેતા 61 વર્ષીય વિનુભાઈ ગીરધરભાઈ ગોંડલિયાએ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જેતપુરમાં રહેતા મિતેષ મનજી રામાણી અને આદિલ ઈરફાન લુલાણીયાનાં નામ આપતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, વિનુભાઈ ગોંડલિયા તેમના પુત્ર પંકજ સાથે મળીને જેતપુરના નવાગઢમાં રાધેકૃષ્ણ ટ્રાન્સપોર્ટની સામે રાજધાની ટ્રાન્સલોજીસ્ટીક નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય ચલાવે છે. આ ટ્રાન્સપોર્ટની મુખ્ય ઓફિસ રાજકોટમાં આવેલી છે, જ્યારે નવાગઢમાં ચંદ્રકાંતભાઈ ઠુંમર પાસેથી ગોડાઉન ભાડે રાખવામાં આવ્યું છે. અહીં મહારાષ્ટ્રના ડોંબીવલી અને બદલાપુર સહિતના વિસ્તારોમાંથી વિવિધ કાપડ વેપારીઓનો માલ ટ્રકો મારફતે આવતો હતો. માલની સાથે વેપારીનું નામ, ગાંસડીઓની સંખ્યા, અંદાજિત કિંમત અને ઇન-વોઇસ સહિતનાં દસ્તાવેજો મોકલવામાં આવતા હતા. દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ગાંસડીઓ ગોડાઉનમાં ઉતારવામાં આવતી હતી અને માલ મળ્યાની ખાતરીરૂપે લોરી રિસીપ્ટ પર સહી-સિક્કા કરવામાં આવતા હતા.

ગોડાઉનના સંચાલન માટે મિતેષ રામાણીને આશરે આઠ વર્ષ પહેલાં મેનેજર તરીકે નોકરીએ રાખવામાં આવ્યા હતા. તેમની જવાબદારી ગોડાઉનમાં આવતા માલની ગણતરી, સ્ટોકની જાળવણી, માલની ડિલિવરી અને દેખરેખ રાખવાની હતી. બીજી તરફ, આશરે સાત વર્ષ પહેલાં ગોડાઉનમાં કોમ્પ્યુટર ઓપરેટરની જરૂરિયાત ઊભી થતાં ત્યાં કામ કરતા જાહીદ લુલાણીયાની ભલામણથી તેના ભત્રીજા આદિલ લુલાણીયાને નોકરીએ રાખવામાં આવ્યો હતો. આદિલનું કામ ગાંસડીઓની ગણતરી કરવાનું, વેપારી પ્રમાણે સ્ટોકનું પત્રક તૈયાર કરવાનું, કોમ્પ્યુટરમાં માલની એન્ટ્રી કરવાની અને દરરોજ હેડ ઓફિસને હિસાબ મોકલવાનું હતું. આમ, ગોડાઉનમાં માલની આવક-જાવકથી માંડીને સ્ટોકના રેકર્ડ સુધીની તમામ મહત્વની જવાબદારી બંને કર્મચારીઓ સંભાળતા હતા અને ગોડાઉનની ચાવીઓ પણ તેમની પાસે જ રહેતી હતી.

આ સમગ્ર મામલાનો પર્દાફાશ આશરે ચાર મહિના પહેલાં થયો હતો. વિનુભાઇના પુત્ર પંકજને જેતપુરના વેપારી લાલજીભાઈ મનજીભાઈ વાઘાણીએ જાણ કરી હતી કે તેમણે મંગાવેલો માલ હજુ સુધી મળ્યો નથી અને ગોડાઉનના કર્મચારીઓ તેમને ધક્કા ખવડાવી રહ્યા છે. આ ફરિયાદ મળતાં પંકજ નવાગઢના ગોડાઉનમાં તપાસ કરવા પહોંચ્યા હતા અને મેનેજર મિતેષ તથા કોમ્પ્યુટર ઓપરેટર આદિલને વેપારીઓની ગાંસડીઓની ડિલિવરી કેમ આપવામાં આવતી નથી તથા તેમનો માલ ક્યાં છે તે અંગે પૂછપરછ કરી હતી. જોકે, બંને તરફથી સંતોષકારક જવાબ મળવાને બદલે ગલ્લાં-તલ્લાં કરવામાં આવતાં શંકા ગઇ હતી. આથી કોમ્પ્યુટરમાં સ્ટોકની તપાસ કરાવવામાં આવી હતી, પરંતુ તેમાં તમામ હિસાબ બરાબર દર્શાવવામાં આવતો હતો. પરિણામે વાસ્તવિક સ્થિતિ જાણવા મજૂરો રાખીને ગોડાઉનમાં પડેલા માલની ફિઝિકલ ગણતરી કરાવવામાં આવતાં સ્ટોકમાં મોટી ઘટ હોવાનું બહાર આવ્યું હતું.

આ અંગે મેનેજર અને કોમ્પ્યુટર ઓપરેટરને હિસાબ પૂર્ણ કરીને આપવા માટે બે-ત્રણ મહિનાનો સમય પણ આપવામાં આવ્યો હતો, પરંતુ તેમ છતાં બંને કર્મચારીઓ ગાયબ થયેલી ગાંસડીઓનો હિસાબ આપી શક્યા નહોતા. આખરે પોલીસ ફરિયાદ કરવાની વાત થતાં પંકજને કોઈ અજાણ્યા મોબાઇલ નંબર પરથી ધમકીભર્યો ફોન આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે માલવિયાનગર પોલીસ મથકમાં અરજી પણ કરવામાં આવી હતી. ત્યારબાદ વિનુભાઈ અને તેમના પુત્રએ ગોડાઉનમાં પડેલા કાપડના માલની ફરીથી વિગતવાર ગણતરી કરાવતાં એ.વી.જી. ઇન્ડસ્ટ્રીઝ મહારાષ્ટ્રની 24 ગાંસડીની કિંમત રૂ.10.08 લાખ, શ્રી કિશાન ટેક્સટાઇલ મિલ ડોંબીવલીની 74 ગાંસડીની કિંમત રૂ.39.22 લાખ, રૂમિત કોટન ફેબની ત્રણ ગાંસડીની કિંમત રૂ.1.05 લાખ અને પદમા એન્ટરપ્રાઇઝની પાંચ ગાંસડીની કિંમત રૂ.1.05 લાખ મળી કુલ 106 ગાંસડીઓની કિંમત રૂ.51.40 લાખ થતી હોવાનું સામે આવ્યું હતું. આટલી મોટી કિંમતનો માલ ગાયબ થતાં વિનુભાઈએ બંને કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવી છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસે ગુનો નોંધી બંને શખ્સોને સકંજામાં લઇ ગાયબ થયેલી ગાંસડીઓ ક્યાં સગેવગે કરવામાં આવી છે અને આ પ્રકરણમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ તથા મુદ્દામાલની રિકવરી માટેની કાર્યવાહી હાથ ધરી છે.



એરપોર્ટ રોડ પરથી 46.70 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બે શખ્સો ઝડપાયા

SOG પોલીસે ઓટો રિક્ષામાંથી રૂ.1.49 લાખનો મેફેડ્રોનનો જથ્થો પકડી પાડ્યો : રોકડ, રિક્ષા અને મોબાઇલ સહિત રૂ.3.10 લાખનો મુદ્દામાલ કબજે

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટ શહેરમાં માદક પદાર્થોના કારોબાર સામે SOG પોલીસે વધુ એક કાર્યવાહી કરી એરપોર્ટ રોડ ફાટકથી આગળ જૈન દેરાસર રોડ પરથી MD ડ્રગ્સના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ઓટો રિક્ષામાં માદક પદાર્થ મેફેડ્રોન (MD ડ્રગ્સ)નો જથ્થો લઇ શખ્સો પસાર થવાના છે. જેના આધારે SOGની ટીમે જૈન દેરાસર રોડ પર વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમીવાળી ઓટો રિક્ષા નંબર GJ-23-Z-6613 ત્યાંથી પસાર થતાં પોલીસે તેને અટકાવી તલાશી લીધી હતી. રિક્ષામાંથી રૂ.1,49,900ની કિંમતનો 46.70 ગ્રામ MD ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ડ્રગ્સ ઉપરાંત રૂ.1,200ની રોકડ રકમ, ઓટો રિક્ષા અને મોબાઇલ ફોન સહિત કુલ રૂ.3,10,300નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે રિક્ષા ચલાવતા 34 વર્ષીય સાહિલ ઉર્ફે જાડાબાપુ શફીભાઇ કાદરી અને તેની સાથે રહેલા મજૂરી કામ કરતા રૂમીન ઉર્ફે રૂમલો મયુદ્દીનભાઇ જુણેજાની ધરપકડ કરી હતી. બંને શખ્સો પાસેથી મળી આવેલા MD ડ્રગ્સનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે સહિતની દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવટી દસ્તાવેજો કે સરકારી તિજોરી સાથે છેતરપિંડી થઈ હોવાનો વિશ્વસનીય પુરાવો ન મળતાં અદાલતનો ચુકાદો

7.48 કરોડના બોગસ GST બિલિંગ કેસમાં બંને આરોપીઓ નિર્દોષ

અગ્ર ગુજરાત, રાજકોટ

સૌરાષ્ટ્રમાં ભારે ચર્ચા જગાવનારા રૂ.7.48 કરોડના બોગસ જીએસટી બિલિંગ કૌભાંડ કેસમાં રાજકોટની અદાલતે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. બેંકમાંથી લોન અપાવવાની લાલચ આપી ફરિયાદી પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ સહિતના દસ્તાવેજો મેળવી તેના નામે બોગસ પેઢી ઊભી કરી કરોડો રૂપિયાના જીએસટી બિલો બનાવી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યાનો આરોપ હતો. જોકે, આરોપીઓએ બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હોય અથવા સરકાર સાથે છેતરપિંડી આચરી હોય તેવો કોઈ વિશ્વસનીય પુરાવો ફરિયાદપક્ષ અદાલત સમક્ષ રજૂ કરી શક્યો ન હતો. બચાવપક્ષની દલીલો અને પુરાવાઓના મૂલ્યાંકન બાદ અદાલતે બંનેને શંકાનો લાભ આપ્યો હતો.

આ કેસની શરૂઆત વર્ષ 2022માં થઈ હતી. ફરિયાદી ઉમેશ ચૌહાણને નાણાંની જરૂરિયાત હોવાથી કૌશિક મકવાણાએ બેંકમાંથી લોન અપાવી આપવાની ખાતરી આપી હતી અને તેની મુલાકાત મુખ્ય આરોપી રાહુલ બારૈયા સાથે કરાવી હતી. લોનની પ્રક્રિયા કરાવવાના બહાને રાહુલ બારૈયાએ ફરિયાદી પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજો મેળવી લીધા હતા. ત્યારબાદ ફરિયાદીના આ દસ્તાવેજોનો ઉપયોગ કરીને તેની જાણ બહાર રાજકોટમાં દુકાન ભાડે



રાખી નોટરાઇઝ્ડ ભાડા કરાર તૈયાર કરાવવામાં આવ્યો હતો અને 'ચૌહાણ ટ્રેડર્સ' નામની પેઢીનું રજિસ્ટ્રેશન કરાવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ પેઢીના નામે જીએસટી નંબર મેળવવા તેમજ વ્યવહારો કરવા માટે અન્ય વ્યક્તિઓનાં આધારકાર્ડ અને પાનકાર્ડનો ઉપયોગ કરી નવ સીમકાર્ડ મેળવવામાં આવ્યાં હતાં. યશ બેંકમાં પેઢીના નામે ખાતું ખોલાવી તેની બેંક કીટ પણ મુખ્ય આરોપીએ પોતાની પાસે રાખી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ હતો. આ રીતે પેઢીના નામે રૂ.7,48,76,296ના બોગસ બિલો બનાવી તેનો અસલી તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો અને રૂ.1,10,40,515ની ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ મૂકાયો હતો.

આ મામલે વર્ષ 2025માં રાજકોટ ક્રાઇમ બ્રાંચમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ પૂર્ણ થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરી હતી. દરમિયાન મુખ્ય આરોપી રાહુલ બારૈયા સામે આ જ પ્રકારના ગુનાઓ સુરત અને પુણે ખાતે પણ નોંધાયેલા હોવાની વિગતો સામે આવી હતી.

અદાલતમાં કેસની સુનાવણી દરમિયાન મુખ્ય આરોપી રાહુલ બારૈયા તરફથી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણીએ અસરકારક બચાવ રજૂ કર્યો હતો. ફરિયાદી, પંચ સાક્ષીઓ, જીએસટી અધિકારીઓ, બેંક કર્મચારીઓ, નોટરી તેમજ તપાસ કરનારા પોલીસ અધિકારીઓની ઊલટતપાસ કરવામાં આવી હતી. બચાવપક્ષે દલીલ કરી હતી કે, ફરિયાદપક્ષના સાક્ષીઓની જુબાનીમાંથી આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થતા નથી. જીએસટી રજિસ્ટ્રેશન, બેંક ખાતું ખોલવાની અને કેવાયસીની પ્રક્રિયા કાયદેસર રીતે થઇ હતી કે નહીં તે અંગે પણ તપાસ એજન્સી આરોપીઓની ગુનાહિત ભૂમિકા સાબિત કરવામાં નિષ્ફળ રહી છે.

આરોપીઓએ ખોટા દસ્તાવેજો બનાવ્યા, ખોટી સહીઓ કરી કે સરકારી તંત્ર સાથે છેતરપિંડી આચરી હોવાનો કોઇ નક્કર પુરાવો રેકર્ડ પર નથી. માત્ર દસ્તાવેજો અદાલતમાં રજૂ કરી દેવાથી તેમાં દર્શાવેલી વિગતો આપોઆપ સાબિત થઈ જતી નથી. દસ્તાવેજોની કાયદેસરતા અને તેમાં સમાવિષ્ટ વિગતોની વિશ્વસનીયતા પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે તેવી રજૂઆત સાથે વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓના સિદ્ધાંતો પણ બચાવપક્ષે રજૂ કર્યા હતા.

અદાલતે બંને પક્ષોની દલીલો, સાક્ષીઓની જુબાનીઓ અને રેકર્ડ પરના પુરાવાઓનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કરતાં નોંધ્યું હતું કે, કહેવાતા બોગસ બિલો ક્યાં અને કેવી રીતે તૈયાર કરવામાં આવ્યા, કોની સાથે વ્યવહારો થયા અને સમગ્ર કથિત ગુનાહિત કાવતરામાં બંને આરોપીઓની ચોક્કસ ભૂમિકા શું હતી તે ફરિયાદપક્ષ સાબિત કરી શકયો નથી. સરકારી અધિકારીઓ તથા બેંક કર્મચારીઓની જુબાનીઓમાંથી પણ આરોપીઓની ગુનામાં સીધી સંડોવણી ફલિત થતી ન હોવાનું અદાલતે નોંધ્યું હતું. આખરે આરોપીઓ વિરુદ્ધના આક્ષેપો શંકાથી પર સાબિત ન થતાં અદાલતે બંને આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસમાં મુખ્ય આરોપી રાહુલ બારૈયા વતી એડવોકેટ તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભૂમિકા નંદાણી, દિવ્યમ દવે, નૈમીષ રાદડીયા, કેવિન ભીમાણી, મૃત્યુંજય જોષી, જયદેવસિંહ જાડેજા અને હીરલ નિમાવત રોકાયેલા હતા. જ્યારે સહઆરોપી કૌશિક મકવાણા તરફથી એડવોકેટ હિતેશ વિરડા, ભાવેશ બાંભવા અને પ્રકાશ ચાવડાએ બચાવની કામગીરી સંભાળી હતી.

ધાંગધ્રામાં ચુલી ગામ નજીક દારૂ ભરેલો ટ્રક ઝડપાયો, રૂ.90.48 લાખનો મુદ્દામાલ કબજે

ચંડીગઢથી ભાણવડના બુટલેગર ભોળા શામળાએ મંગાવ્યો હતો 17304 બોટલ વિદેશી દારૂનો જથ્થો: રાજકોટ રેન્જની ટીમે ટ્રકચાલકને દબોચ્યો, બુટલેગર સહિત સાત શખ્સો વોન્ટેડ

અગ્ર ગુજરાત, રાજકોટ

દિવાળી અને નૂતનવર્ષના તહેવારો પૂર્વે દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા તત્ત્વો સામે રાજકોટ રેન્જ પોલીસે લાલ આંખ કરી છે. ત્યારે રાજકોટ રેન્જની ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના ચુલી ગામની સીમમાં આવેલી આશીર્વાદ હોટલ નજીકથી વિદેશી દારૂ ભરેલો ટાટા ટ્રક ઝડપી પાડી રૂ.90.48 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી મળી કુલ 17,304 બોટલો મળી આવી હતી. આ જથ્થો ચંડીગઢથી ભાણવડના બુટલેગર ભોળા શામળાએ મંગાવ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે ટ્રકચાલક અબ્બાસ હુસૈનભાઇ હિંગોરાને ઝડપી લીધો છે, જ્યારે ટ્રકમાલિક સહિત સાત શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહી અંગેની વિગત મુજબ, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા આગામી દિવાળી અને નૂતનવર્ષના તહેવારો દરમિયાન રાજકોટ રેન્જ હેઠળ આવતા જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તેમજ લોકો શાંતિપૂર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરી શકે તે હેતુથી



દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્ત્વોને ઝડપી પાડવા સૂચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને રાજકોટ રેન્જના પોલીસ ઇન્સ્પેક્ટર અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી.એન. મોરી, બી.સી. મિયાત્રા, એસ.પી. ગોહિલ, એ.વાય. ઉધાસ સહિતની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે દારૂની હેરાફેરી કરતા નેટવર્ક પર નજર રાખી હતી.

દરમિયાન પીએસઆઇ એસ.પી. ગોહિલ અને એ.વાય. ઉધાસ સહિતની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ટાટા કંપનીનો ટ્રક નંબર GJ-25-U-6805માં અન્ય રાજ્યમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી અમદાવાદ-કચ્છ હાઇવે પરથી પસાર થવાનો છે. આ બાતમીના આધારે રાજકોટ રેન્જની ટીમે ધાંગધ્રા તાલુકાના ચુલી ગામની સીમમાં આવેલી આશીર્વાદ હોટલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળો ટ્રક ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તલાશી લેવામાં આવી હતી.

ટ્રકની તપાસ દરમિયાન અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ 17,304 બોટલો મળી આવી હતી. આ દારૂની કિંમત રૂ.75,41,676 આંકવામાં આવી છે. ટ્રકમાં દારૂનો જથ્થો છુપાવવા માટે ઘાસના ભૂસાની બોરીઓનો આડશ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ટાટા ટ્રક, મોબાઇલ ફોન, ઘાસના ભૂસાની બોરીઓ તથા ટ્રકને લગતા કાગળો સહિત કુલ રૂ.90,48,176નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે ટ્રક ચલાવતા અબ્બાસ હુસૈનભાઇ હિંગોરા (રહે. ઢેબર, તા. ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા)ને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો ભાણવડના બુટલેગર ભોળા શામળાએ મંગાવ્યો હોવાનું ખુલ્યું છે. આ ઉપરાંત ટ્રકમાલિક રાજુ ખીમાભાઇ કોડીયાતર, જુસબ હાજીભાઇ હિંગોરા, ટ્રકની પાયલોટિંગ કરનાર આર્ટિગા કારનો ચાલક, મોબાઇલ ફોન મારફતે રૂટનું ડાયરેક્શન આપનાર શખ્સ, દારૂનો જથ્થો ભરી આપનાર અજાણ્યો શખ્સ સહિતના લોકોની સંડોવણી સામે આવી છે. પોલીસે ટ્રકમાલિક રાજુ ખીમાભાઇ કોડીયાતર, જુસબ હાજીભાઇ હિંગોરા, આર્ટિગા કારનો ચાલક, રૂટનું ડાયરેક્શન આપનાર શખ્સ, માલ મંગાવનાર ભોળાભાઇ શામળા તથા જથ્થો ભરી આપનાર અજાણ્યા શખ્સ સહિત સાત આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. આ મામલે ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને ચંડીગઢથી ગુજરાત સુધી દારૂનો જથ્થો કયા માર્ગે લાવવામાં આવ્યો હતો અને આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંકળાયેલા છે તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

વઢવાણ પોલીસ જાપ્તામાંથી પાંચ માસ પહેલાં ફરાર થયેલો આરોપી જસદણમાંથી ઝડપાયો

- રાજકોટ ગ્રામ્ય SOGની ટીમે નવા બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડ્યો : ચોરીના ગુનામાં પકડાયા બાદ પોલીસ જાપ્તામાંથી ભાગી છૂટ્યો હતો

અગ્ર ગુજરાત, રાજકોટ

વઢવાણ પોલીસ સ્ટેશનના પોલીસ જાપ્તામાંથી પાંચ માસ પહેલાં ફરાર થઈ ગયેલા આરોપીને રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમે જસદણમાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ચોરીના ગુનામાં પકડાયા બાદ પોલીસ જાપ્તામાંથી નાસી છૂટેલો અને ત્યારબાદ પોલીસને હાથતાળી આપી ફરતો ઘનશ્યામ ઉર્ફે ઘનો કાંજીયાને જસદણના નવા બસ સ્ટેન્ડ પાસેથી ખાનગી બાતમીના આધારે ઝડપી લેવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં પેરોલ જમ્પ કરનારા,



પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા તેમજ વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વઢવાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં આરોપી તરીકે ઘનશ્યામ ઉર્ફે ઘનો સ/ઓ વિરૂભાઇ કાંજીયા (ઉં.વ.23, રહે. જસાપર ગામ, પાણીના ટાંકા પાસે, તા. મુળી, જિ. સુરેન્દ્રનગર)ની ધરપકડ કરવામાં આવી હતી. જોકે, તે પોલીસ જાપ્તામાંથી ફરાર થઇ ગયો હતો. આ મામલે વઢવાણ પોલીસ સ્ટેશનમાં પોલીસ જાપ્તામાંથી ફરાર થવા અંગે ભારતીય ન્યાય સંહિતાની કલમ 262 હેઠળ અલગથી ગુનો પણ નોંધાયો હતો. ત્યારથી આરોપી પોલીસથી બચવા માટે નાસતો ફરતો હતો.

આ ગુનાની તપાસ રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાના પો.સબ.ઇન્સ. જી.જે. ઝાલા કરી રહ્યા હતા. દરમિયાન એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પેક્ટર એફ.એ. પારગીની સૂચના મુજબ પો.સબ.ઇન્સ. જી.જે. ઝાલા, પો.હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ વેગડ અને ચંદુભાઇ પલાળીયાને સંયુક્ત બાતમી મળી હતી કે, ફરાર આરોપી જસદણ ખાતે આવ્યો છે. જેના આધારે ટીમે જસદણના નવા બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી આરોપી ઘનશ્યામ ઉર્ફે ઘનોને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપી સામે વઢવાણ પોલીસ સ્ટેશનમાં ચોરી તથા પોલીસ જાપ્તામાંથી ફરાર થવા અંગેના બે ગુના નોંધાયેલા છે. હાલ તેને ઝડપી લઇ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ કામગીરીમાં એસ.ઓ.જી. પો.ઇન્સ. એફ.એ. પારગી, પો.સબ.ઇન્સ. જી.જે. ઝાલા, પી.બી. મિશ્રા, પો.હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ વેગડ, ચંદુભાઇ પલાળીયા તેમજ પો.કોન્સ. રામદેવસિંહ ઝાલા અને વિજયગીરી રસીકગીરી જોડાયા હતા.

રૂા.25 લાખથી વધુના ગોળની છેતરપિંડીના ગુનામાં કોડીનારના વેપારીને હાઇકોર્ટમાંથી રાહત

આરોપી ભાવેશભાઈ જાનીની સેશન્સ કોર્ટે અરજી ફગાવ્યા બાદ હાઇકોર્ટે શરતોને આધીન આગોતરા જામીન પર મુક્ત કરવાનો આપ્યો આદેશ

અગ્ર ગુજરાત, રાજકોટ

કોડીનારની 'એ.સી. એન્ડ કંપની' પેઢીના માલિકો હેમાંગભાઇ ચંદુલાલ જાની, ભાવેશભાઇ ચંદુલાલ જાની તથા અમિતભાઇ ચંદુલાલ જાનીએ ફરિયાદી રાયસિંગભાઇ જેસિંગભાઇ ઝાલા તથા અન્ય સાહેદો સાથે વિશ્વાસઘાત આચર્યો હતો. આરોપીઓએ ફરિયાદીના ગોરખમઢી મુકામે આવેલા કોલ્ડ સ્ટોરેજમાંથી ગોળના ૧૨૦૦ નંગ ડબ્બા તેમજ ફાચરીયા મુકામે આવેલા રાબડામાંથી ગોળના ૧૨૦૦ નંગ ડબ્બા મળી કુલ ૨૪૦૦ નંગ ડબ્બા (કિંમત રૂા. ૨૫,૫૨,૦૬૫/-) ની ખરીદી કરી હતી.

આ માલની નિર્ધારિત રકમ ન ચૂકવી, ખોટા વાયદાઓ આપી આરોપીઓએ એકબીજાની મદદગારીથી છેતરપિંડી આચરી હતી. આ ઉપરાંત, કોડીનાર તાલુકાના અન્ય ગોળના રાબડા ચલાવતા ખેડૂતો પાસેથી પણ આ જ પ્રકારે ગોળ ખરીદી નાણાં ન આપી છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઇ હતી.

કોડીનાર પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ આરોપી ભાવેશભાઇ ચંદુલાલ જાનીએ અગાઉ નામદાર સેશન્સ અદાલત, કોડીનારમાં સંયુક્ત આગોતરા જામીન અરજી કરી હતી, જે સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. સેશન્સ કોર્ટમાંથી અરજી ફગાવ્યા બાદ આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જ્યાં કાનૂની દલીલોને ધ્યાને રાખી ગુજરાત હાઇકોર્ટે અરજદાર ભાવેશભાઇ ચંદુલાલ જાનીને શરતોને આધીન આગોતરા જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

અવસાન નોંધ

રાજકોટ : મગનપરી પોપટપરી ગોસ્વામી પડધરીવાળા તા.2-11ને સોમવારના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા.5-11ને ગુરુવાર ના રોજ સાંજે 4 થી 6 રાખેલ છે સ્થળ: "સર્વેશ્વર મહાદેવ મંદિર" મિલાપનગર, પંચાયત બસ સ્ટોપ પાસે, ઈનોવેટિવ સ્કુલ, સામે યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com DATE 03/11/2026

લીલીયાના ગુંદરણ ગામે બે શ્રમિકોને કાર સાથે બાંધી જીવતા સળગાવ્યાં

ડબલ મર્ડરથી સમગ્ર અમરેલી જિલ્લામાં ચકચાર : MPથી પેટીયુ રળવા આવેલા યુવાનોને મોત મળ્યું : અજાણ્યા અસામાજીક તત્વો વિરૂધ્ધ ફરિયાદ : ઘટનાની ચોક્કસ હકિકત જાણવા પોલીસ તપાસનો ધમધમાટ

અગ્ર ગુજરાત, અમરેલી

સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ખડા કરતી એક અત્યંત ક્રૂર અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જિલ્લાના લીલીયા તાલુકાના ગુંદરણ ગામ નજીક અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા 2 શ્રમિકોને કાર સાથે બાંધીને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે. વહેલી સવારે સળગેલી હાલતમાં કાર અને તેની સાથે 2 લોકોના બળીને ખાખ થઈ ગયેલા મૃતદેહો નજરે પડતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, હત્યારાઓએ અત્યંત ક્રૂર અને યોજનાબદ્ધ કાવતરું ઘડીને આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો. લીલીયાના ગુંદરણ ગામની સીમ વિસ્તારમાં એક અવાવરૂ સ્થળે કાર ઊભી રાખવામાં આવી હતી. ત્યારબાદ બંને વ્યક્તિઓને કાર સાથે મજબૂતીથી બાંધી દેવામાં આવ્યા હતા અને તેના પર જ્વલનશીલ પદાર્થ છાંટીને કાર સહિત બંનેને જીવતા સળગાવી દેવાયા હતા. આ અમાનવીય કૃત્ય આચરીને અજાણ્યા હત્યારાઓ અંધારાનો લાભ ઉઠાવી ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

સ્થાનિક સૂત્રો અને પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે મોતને ભેટનાર


ફોટો : ધર્મેશ મહેતા

બંને વ્યક્તિઓ મૂળ મધ્યપ્રદેશ (MP) રાજ્યના વતની હતા. તેઓ અહીં રોજીરોટી મેળવવા અને મજૂરીકામ અર્થે આવેલા શ્રમિકો હોવાની વિગતો બહાર આવી રહી છે. પેટનો ખાડો પૂરવા પરપ્રાંતમાંથી આવેલા આ ગરીબ શ્રમિકોની આટલી ઘાતકી અને અરેરાટીભરી રીતે હત્યા શા માટે કરવામાં આવી, તે રહસ્ય હજુ અકબંધ છે. આ ઘટનાને પગલે શ્રમિક વર્ગમાં ભારે દહેશતનો માહોલ ફેલાયો છે.

સવારના સુમારે સીમ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા ગ્રામજનોનું ધ્યાન સંપૂર્ણ બળી ગયેલી કાર તરફ ગયું હતું. નજીક જઈને જોતાં કાર સાથે માનવ અવશેષો અને બળેલી હાલતમાં 2 મૃતદેહો દેખાતાં ગ્રામજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ બાબતની જાણ વાયુવેગે વાયરલ થતાં ગુંદરણ સહિત આસપાસના ગામોમાંથી લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને લીલીયા પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો.

આ બેવડી હત્યા પાછળનું સાચું કારણ શું હોઈ શકે તે અંગે પોલીસે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. શું કોઈ અંગત અદાવત કે આંતરિક વિવાદમાં આ જઘન્ય હત્યાકાંડ આચરવામાં આવ્યો છે કે પછી કોઈ જૂની દુશ્મનાવટ કે લૂંટનો પ્રયાસ હતો, તે દિશામાં સઘન પૂછપરછ હાથ ધરાઈ રહી છે. ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) અને ડોગ સ્ક્વોડની ટીમને પણ કામે લગાડવામાં આવી છે. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી અજાણ્યા હત્યારાઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડ માટે નાકાબંધી શરૂ કરી દીધી છે.

જાફરાબાદના ટીંબી ગામે દિવાળી અંતર્ગત નાગેશ્રી પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



ફોટો : ધર્મેશ મહેતા

અગ્ર ગુજરાત, રાજુલા

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે આગામી દિવાળીના પવિત્ર તહેવારને અનુલક્ષીને નાગેશ્રી પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તહેવારોના દિવસોમાં ગામમાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે અને લોકો શાંતિપૂર્વક માહોલમાં તહેવાર ઉજવી શકે તેવા આશય સાથે નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.ડી. હડિયાના સીધા માર્ગદર્શન હેઠળ આ પેટ્રોલિંગ યોજાયું હતું. આ પેટ્રોલિંગમાં પીએસઆઈ હડિયા સહિત નાગેશ્રી પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ જોડાયો હતો. પોલીસ કાફલા દ્વારા ટીંબી ગામના મુખ્ય માર્ગો, બજારો અને વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.

ઉપલેટાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે ખેડૂતોની આક્રોશ રેલી

ગુજરાત કિસાન સભાના પ્રદેશ અધ્યક્ષ ડાહ્યાલાલ ગજેરાની ઉપસ્થિતિમાં ખેડૂતોના સૂત્રોચ્ચાર; મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

અગ્ર ગુજરાત, ઉપલેટા



ફોટો : વિમલ સોંદરવા

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની સહિત ખેડૂતોના વિવિધ પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ગુજરાત કિસાન સભા દ્વારા ઉપલેટામાં ખેડૂત આક્રોશ રેલી યોજવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કિસાન સભાના અધ્યક્ષ ડાહ્યાલાલ ગજેરાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ રેલીમાં ઉપલેટા શહેર અને તાલુકાના ખેડૂતો, મહિલા ખેડૂતો સહિત મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

ઉપલેટાના આંબેડકર ચોકથી શરૂ થયેલી રેલી ગાંધી ચોક સુધી પહોંચી હતી. રેલી દરમિયાન ખેડૂતોએ વિવિધ માંગણીઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરી સરકારનું ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ખેડૂતો દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાની રજૂઆતો કરવામાં આવી હતી. ખેડૂતોએ જણાવ્યું હતું કે ઉપલેટા તાલુકામાં ઓછા વરસાદને કારણે ચોમાસુ પાક નિષ્ફળ ગયો છે અને હાલની પરિસ્થિતિમાં શિયાળુ વાવેતર કરવું પણ મુશ્કેલ બન્યું છે. આવી સ્થિતિમાં ઉપલેટા તાલુકાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.આવેદનપત્રમાં ખેડૂતોનું ધિરાણ અને કરજ માફ કરવા, ખેડૂતોને રોજગારી મળી રહે તે માટે રાહત કામો શરૂ કરવા તેમજ ઉપલેટા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકોને રાહત દરે ઘાસચારો મળી રહે તે માટે ઘાસચારા કેન્દ્રો શરૂ કરવાની માંગ પણ કરવામાં આવી હતી.

ખેડૂત આગેવાનોએ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે જો ઉપલેટા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોને યોગ્ય રાહત આપવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન અને પ્રદર્શન કરવામાં આવશે. ખેડૂતોના પ્રશ્નોને લઈને યોજાયેલી આ રેલીથી તાલુકામાં કૃષિ સંકટ અને રાહતની માંગ ફરી ચર્ચામાં આવી છે.

ધોરાજીના ખેડૂતો પાયમાલ તૈયાર પાક પર કમોસમી વરસાદનો કહેર!


ફોટો : વિમલ સોંદરવા

અગ્ર ગુજરાત, ધોરાજી

ધરતીને ખોળે રાખીને આખું વર્ષ પરસેવો પાડતા ખેડૂતોની મહેનત પર ફુદરતે ફરી પાણી ફેરવી દીધું છે. ધોરાજી પંથકમાં વરસેલા કમોસમી વરસાદે ખેડૂતોની આશાઓને ધૂળધાણી કરી નાખી છે. ખેતરમાં લહેરાતો અને લણણી માટે તૈયાર થયેલો પાક વરસાદી પાણીમાં પલળી જતાં ધરતીપુત્રો સામે આર્થિક સંકટ ઊભું થયું છે. ક્યારેક વરસાદની રાહ જોતા ખેડૂતો આજે એ જ વરસાદથી પોતાના પાકને બચાવવા મજબૂર બન્યા છે. કપાસ, મગફળી, સોયાબીન, એરંડા અને ડુંગળી સહિતના પાકને નુકસાનની ભીતિથી ખેડૂતોના ચહેરા પર ચિંતાની લકીરો સ્પષ્ટ જોવા મળી રહી છે. ખેડૂત માટે ખેતરમાં ઊભેલો પાક માત્ર પાક નથી હોતો, પરંતુ આખા વર્ષની મહેનત, પરિવારની આશા અને આગામી દિવસોના ગુજરાનનો આધાર હોય છે. બિયારણથી લઈને ખાતર, દવા, મજૂરી અને સિંચાઈ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ જ્યારે પાક તૈયાર થયો હતો, ત્યારે કમોસમી વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે. જે ખેતરોમાં થોડા દિવસ પહેલાં સારા પાકને જોઈને ખેડૂતોના ચહેરા પર ખુશી હતી, ત્યાં આજે નુકસાનની ચિંતા અને નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાલુ સિઝનમાં ખેડૂતોની મુશ્કેલીઓનો જાણે અંત જ આવ્યો નથી. ચોમાસાની શરૂઆતમાં વરસાદ ખેંચાતા

આખા વર્ષની મહેનત પાણીમાં, સરકાર પાસે વળતરની પોકાર

વાવેતર અને પાકને બચાવવા માટે ખેડૂતોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ક્યાંક પાણીના અભાવે પાક સુકાવાની ચિંતા હતી, તો ક્યાંક મોંઘા ખર્ચે પાકને જીવંત રાખવા ખેડૂતો દિવસ-રાત મહેનત કરતા હતા. અનેક મુશ્કેલીઓ વચ્ચે ખેડૂતોએ પોતાનો પાક બચાવ્યો, પરંતુ હવે જ્યારે પાક હાથમાં આવવાનો સમય આવ્યો ત્યારે કમોસમી વરસાદે તેમની આશાઓને ફરી એકવાર આંચકો આપ્યો છે.

ખેડૂતોની વેદના એ છે કે ખેતી માટે લીધેલા ઉધાર અને કરેલા ખર્ચની ભરપાઈ કેવી રીતે કરવી? પાક વેચીને દેવું ચૂકવવાની અને પરિવારની જરૂરિયાતો પૂરી કરવાની આશા રાખી હતી, પરંતુ તૈયાર પાક જ વરસાદમાં પલળી જતાં હવે આખું વર્ષ કેવી રીતે પસાર કરવું તેવો સવાલ ખેડૂતોને સતાવી રહ્યો છે. એક તરફ ખેતીનો વધતો ખર્ચ અને બીજી તરફ પાકની બરબાદી... આવી સ્થિતિમાં ધરતીપુત્રો માટે પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બની શકે છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સરકારે કેટલાક જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે, પરંતુ રાજકોટ જિલ્લાનો તેમાં સમાવેશ ન થતાં ખેડૂતોમાં અગાઉથી જ ચિંતા જોવા મળી રહી હતી. હવે કમોસમી વરસાદે તેમની મુશ્કેલીમાં વધુ વધારો કર્યો છે. કુદરતની બેવડી માર વચ્ચે ફસાયેલા ખેડૂતોને હવે સરકારના સહારાની આશા છે.

માળીયા હાટીનામાં ભૂકંપના આંચકા: 15 મિનિટમાં બે વખત ધરતી ધ્રુજી

અગ્ર ગુજરાત, જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના વિસ્તારમાંથી

ધરતીની ધ્રુજારીથી લોકોમાં ભયનો માહોલ

ધરતીકંપના સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતીમુજબ માળીયા હાટીના અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક જ ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા, જેના કારણે સ્થાનિક રહીશોમાં અફરાતફરી મચી ગઈ હતી.

આશ્ચર્યજનક બાબત એ રહી કે માત્ર 15 મિનિટના ટૂંકા ગાળામાં જ બે વખત ધરતી ધ્રૂજવાનો અહેસાસ થયો હતો. આ આંચકાની સૌથી વધુ અસર માળીયા હાટીના તેમજ અકાળા, જલધર સહિતના આસપાસના ગામોમાં જોવા મળી હતી. વારંવાર થયેલા આંચકાના કારણે પંથકના લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી.

સુરક્ષિત રહેવાના ભાગરૂપે અચાનક આવેલા આંચકાઓને કારણે ઘરો અને દુકાનોમાં રહેલા લોકો ડરીને તાત્કાલિક બહાર ખુલ્લા મેદાનો અને શેરીઓમાં દોડી આવ્યા હતા. સદનસીબે આ હળવા આંચકાના કારણે પ્રાથમિક માહિતી મુજબ કોઈપણ પ્રકારના જાનમાલના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ લોકોમાં હજુ પણ થોડો ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

જેતપુર નજીક આખલો આડો ઉતરતાં અકસ્માતમાં રાજકોટના યુવકનું મોત

એકને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડાયો : જેતલસર પાસે બનેલો બનાવ

અગ્ર ગુજરાત, રાજકોટ


ફોટો : અમુ સિંગલ

જેતપુરના જેતલસર પાસે આવેલા ગલગલીયા ધાબા નજીક એક અત્યંત હૃદયદ્રાવક અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર અચાનક એક રખડતો આખલો વાહનની આડે આવી જતાં સર્જાયેલી આ દુર્ઘટનામાં રાજકોટના ૧૮ વર્ષીય આશાસ્પદ યુવકનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેની સાથે સવાર અન્ય એક યુવકને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી વિગતો મુજબ, રાજકોટથી જૂનાગઢ તરફ મામા-ફઈના બે પિતરાઈ ભાઈઓ પોતાનું એક્ટિવા બાઈક લઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમનું વાહન જ્યારે જેતલસર હાઈવે પર ગલગલીયા ધાબા પાસેથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે રસ્તાની વચ્ચે અચાનક એક આખલો આવી ગયો હતો. વાહનની ગતિ વધારે હોવાને કારણે ચાલક કશું સમજે તે પહેલાં જ એક્ટિવા આખલા સાથે ધડાકાભેર અથડાયું હતું અને બંને યુવકો રોડ પર પટકાયા હતા.

આ ગંભીર અકસ્માતમાં એક્ટિવા સવાર ૧૮ વર્ષીય શક્લેન સાબિતભાઈ આદમાંણીને શરીરે અને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જ્યારે તેની સાથે મુસાફરી કરી રહેલા તેના જ મામા-ફઈના ભાઈ ૧૬ વર્ષીય નવાજભાઈ મેહમુબાઈ ખાડાને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક 108ને જાણ કરવામાં આવી હતી અને બંને ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક જેતપુરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ ૧૮ વર્ષીય શક્લેન આદમાંણીને મૃત જાહેર કર્યો હતો, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા નવાજ ખાડાની હોસ્પિટલમાં સારવાર શરૂ કરવામાં આવી છે.

આ દુર્ઘટનાને પગલે મૃતક યુવકના પરિવારમાં ભારે આક્રંદ અને શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવ અંગેની જાણ થતાં જ જેતપુર તાલુકા પોલીસની ટીમ હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી તેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વેરાવળ પીપલ બેંકના ડાયરેક્ટર તરીકે મુકેશભાઈ ચોલેરાની વરણી

અગ્ર ગુજરાત, પ્રભાસપાટણ

વેરાવળ પીપલ બેંકના ડાયરેક્ટર તરીકે મુકેશભાઈ ચોલેરાની વરણી થતાં વેરાવળ વેપારી મહામંડળ, વેરાવળ શહેર ભાજપ તથા કેમિકલ એસોસિએશનના પ્રમુખ લાલચંદ પરશુરામ દ્વારા એક વિશેષ અભિનંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ, વેરાવળ શહેર બક્ષીપંચ મોરચા ભાજપ પ્રમુખ તરીકે ગજેન્દ્ર બાપુની વરણી થવાથી બંને આગેવાનોને વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



મુકેશભાઈ ચોલેરા ભારતીય જનતા પાર્ટીમાં છેલ્લા ઘણા વર્ષોથી જોડાયેલા છે અને જોઈન્ટ સેક્રેટરી : સૌરાષ્ટ્ર પેસેંજર એસોસીએશન તેઓ વેરાવળ રેલ્વે કન્સલ્ટન્ટ કમિટિ પણ સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ માનસિંગભાઈ પરમાર તથા શહેર ભાજપ પ્રમુખ શૈલેષ મેસવાણિયાએ મુકેશભાઈ ચોલેરા અને ગજેન્દ્ર બાપુ બંનેને શુભેચ્છાઓ પાઠવી હતી. આ શુભેચ્છા સમારોહમાં મહામંત્રી મૌલિક વૈયાટા, શહેર યુવા મોરચા ભાજપ પ્રમુખ હિરેન ધારચા, ગીર સોમનાથ જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ હાર્દિક ઝાલા, જિલ્લા આઈ.ટી. કન્વીનર આશિષ ગોસ્વામી, નગરપાલિકા પ્રતિનિધિ દેવેનભાઈ ઓઝા તેમજ વેરાવળ-સોમનાથ શહેર યુવા મોરચા ભાજપ કારોબારી સભ્ય કેવિન કાનાબાર સહિતના હોદ્દેદારો અને ઉપસ્થિત આગેવાનોએ પુષ્પગુચ્છથી સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા હતા.

ઉપલેટામાં 1.90 લાખના ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

અગ્ર ગુજરાત, ઉપલેટા

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ 'સે નો ટુ ડ્રગ્સ' અભિયાન અંતર્ગત ગેરકાયદેસર માદક પદાર્થોની પ્રવૃત્તિઓ ડામવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાના પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપલેટા વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરીમાં હતા. તે દરમિયાન સ્ટાફના બાતમીદાર દ્વારા ચોક્કસ અને ભરોસાપાત્ર હકીકત મળી હતી કે ઉપલેટામાં એમ.ડી. સ્કૂલ પાસે આવેલ મચ્છી માર્કેટ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતો એક શખ્સ પોતાના કબજામાં ગાંજાનો જથ્થો વેચાણ અર્થે રાખીને બેઠો છે.

આ બાતમીના આધારે પોલીસે નિયમોનુસારની પ્રાથમિક કાર્યવાહી કરી બે સરકારી પંચોને સાથે રાખીને ઉપરોક્ત મકાનમાં રેડ કરી હતી. આ દરોડા દરમિયાન ભાડાના મકાનમાં રહેતા ઇમરાન ઉર્ફે જાવલો સીદીકભાઇ કારવા નામના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. મકાનની તલાશી લેતા લાકડાના કબાટમાંથી ખાખી સેલોટેપ વીંટાળેલા ત્રણ પેકેટ મળી આવ્યા હતા. એફ.એસ.એલ. અધિકારી દ્વારા સ્થળ પર જ આ પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવતા તે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો હોવાનું સાબિત થયું હતું. પોલીસે સ્થળ પરથી ૩ કિલો ૮૧૬ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો, એક મોબાઇલ ફોન અને અન્ય પુરાવાઓ મળી કુલ રૂપિયા ૧,૯૧,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલા તહોમતદારની પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેણે આ માદક પદાર્થ ઓરિસ્સા રાજ્યના બાલાસોર જિલ્લાના કાંગસા ગામના એક વ્યક્તિ પાસેથી ટ્રેન મારફતે ઉપલેટામાં છૂટક વેચાણ કરવા માટે લાવ્યો હોવાનું કબૂલ્યું છે. આ પકડાયેલ ઇસમ વિરુદ્ધ અગાઉ પણ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હોવાનું ખૂલ્યું છે. આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય વોન્ટેડ શખ્સને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જેતપુરના દેરડી આવાસ યોજનામાં મિત્રની પત્ની વિશે ખરાબ બોલતા યુવક પર હુમલો

અગ્ર ગુજરાત, જેતપુર

રાજકોટ જિલ્લાના જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા દેરડીધાર આવાસ યોજનામાં રહેતા યુવક પર મિત્રની પત્ની વિશે કેમ ખરાબ બોલે છે કહી ને યુવક પર પાંચ શખ્સોએ લાકડાના ધોકા તેમજ ઢીકાપાટુ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાં ની ઘટના સામે આવી છે. આ મામલે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગત મુજબ, જેતપુરના દેરડીધાર આવાસ યોજનામાં રહેતા અને GEB માં પ્રાઇવેટ નોકરી કરતા ૩૮ વર્ષીય અમિતભાઈ હુસેનભાઈ મોર નામના યુવક ફરિયાદ નોંધાવી છે કે ગત તારીખ ૦૧ નવેમ્બરના રોજ રાત્રે અગિયારેક વાગ્યે દેરડીધાર આવાસ યોજનામાં આવેલ સોનુબેન ગાંધીની દુકાને ગયા હતા. ત્યાં હાજર આરોપી સૂરજ ઉર્ફે ટકો અને અંકુર સોલંકીએ 'તમે અમારા મિત્ર કુણાલની પત્ની વિશે કેમ ખરાબ બોલો છો?' તેમ કહી ઝઘડો કર્યો હતો. બીજા દિવસે એટલે કે ૦૨ નવેમ્બરના રોજ બપોરે ૧૧:૩૦ વાગ્યે ફરિયાદી તેમની દીકરીને લઈને ફરી દુકાને ગયા ત્યારે આ બંને આરોપીઓએ 'ગઈકાલે તો તું બચી ગયો હતો, આજે તારો વારો છે' તેવી ધમકી આપી હતી.

લાકડાના ધોકાથી માર મારતા પાંચ સામે ગુનો દાખલ કરાયો

ત્યારબાદ બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યે ફરિયાદી જ્યારે તેમના ઘરે પત્ની અને બાળકો સાથે હતા, ત્યારે અંકુર સોલંકી, સૂરજ ઉર્ફે ટકો, કુણાલ ભાટિયા અને કુણાલની પત્ની ભાવિકા ભાટિયા તેમના ઘરે ધસી આવ્યા હતા અને તેમને ઢીકાપાટુનો મુઢમાર મારવાનું શરૂ કર્યું હતું. ડરી ગયેલા અમિતભાઈ ત્યાંથી ભાગીને રોડ પર આવેલી દ્વારકાધીશ દુકાન પાસે પહોંચ્યા હતા, પરંતુ આરોપીઓ તેમની પાછળ ત્યાં પણ પહોંચી ગયા હતા. ત્યાં અંકુર અને સૂરજે તેમને પકડી રાખ્યા હતા અને કુણાલ ભાટિયાએ તેની સાથે લાવેલા લાકડાના ધોકા વડે ફરિયાદીના માથામાં અને શરીરે જીવલેણ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે ફરિયાદી લોહીલુહાણ થઈ ગયા હતા.

હુમલા બાદ ફરિયાદીના પત્ની અને સાળો ત્યાં આવી પહોંચ્યા હતા, જેમની પાછળ આરોપી ભાવિકા ભાટિયા અને સોનુબેન ગાંધી પણ આવ્યા હતા. આ બંને મહિલાઓએ ફરિયાદીને ધમકી આપી હતી કે જો તેઓ પોલીસમાં ફરિયાદ કરશે તો તેમને જાનથી મારી નાખવામાં આવશે. લોહીલુહાણ હાલતમાં અમિતભાઈને જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના માથાના ભાગે ૪ ટાંકા આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે જેતપુર ઉદ્યોગનગર પોલીસે આરોપીઓ સૂરજ ઉર્ફે ટકો, અંકુર સોલંકી, કુણાલ ભાટિયા, ભાવિકા ભાટિયા અને સોનુબેન ગાંધી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com DATE 03/11/2026

જીવદયા ગ્રુપ અને બાપા સીતારામ ગૌ સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે

દિવાળી પર્વે 25થી વધુ ગૌશાળાઓમાં અર્પણ કરાશે 60,000 કિલો ઘાસચારો

ઋષભભાઈ રૂપાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, અતુલભાઈ શેઠ, મનીષભાઈ માદેકા સહિતના **અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં થશે અબોલ જીવોની સેવા**

અગ્ર ગુજરાત, રાજકોટ

દિવાળી, ધનતેરસ અને કાળી ચૌદસના પવિત્ર તહેવારો નિમિત્તે અબોલ, બીમાર, અશક્ત અને તરછોડાયેલા જીવોને સાતા પહોંચાડવાના ઉમદા હેતુસર 'જીવદયા ગ્રુપ રાજકોટ' તથા 'બાપા સીતારામ ગૌ સેવા મંડળ' ના સંયુક્ત ઉપક્રમે એક જીવદયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જીવદયા ગ્રુપના મોભી અને જૈન અગ્રણી ઉપેનભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ, બાપા સીતારામ ગૌ સેવા મંડળના સમીરભાઈ કામદારના સહકારથી તેમજ વિવિધ સુખી-સંપન્ન દાતાઓના સાથ સહકારથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળીના દિવસો દરમિયાન રાજકોટ શહેરની આસપાસની રપથી વધુ પાંજરાપોળ અને ગૌશાળાઓમાં અબોલ જીવો માટે આશરે ૩૦૦૦ મણ એટલે કે ૬૦,૦૦૦ કિલો જેટલો પૌષ્ટિક ઘાસચારો અર્પણ કરવામાં આવશે. જીવદયા ગ્રુપના કાર્યકરો સતત ૩૬૫ દિવસ આ પ્રકારે અબોલ જીવોની સેવામાં સમર્પિત રહીને તહેવારોમાં ગાયમાતા અને માદા જીવોને સાતા પહોંચાડવા માટે પૌષ્ટિક અને વેદકીય રીતે બનાવેલ લાડવા તથા ઘાસચારો ખવડાવવાનું સેવાયજ્ઞ ચલાવે છે.

આ સેવાકીય આયોજનના ભાગરૂપે કાળી ચૌદસ એટલે કે ૭ નવેમ્બરના રોજ સવારે ૮:૩૦ થી ૯:૩૦ કલાક દરમિયાન મણિયાર દેરાસરના ઉપાશ્રય ખાતે વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં પૂ. પ્રશમશીલાશ્રીજી મ.સા. ના શિષ્યા, પૂ. પ્રશમરત્નાશ્રીજી મ.સા. ના શિષ્યા, પૂ. પ્રશમપ્રીણાશ્રીજી મ.સા., પૂ. પ્રશમરેણાશ્રીજી મ.સા. તેમજ પૂ. પ્રશમેશ્વરાશ્રીજી મ.સા.ના પવિત્ર સાનિધ્યમાં "જીવદયા એટલે વિશ્વની જીવાદોરી" વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાશે. આ પ્રસંગે સૌરાષ્ટ્રના સિંહણ બા.બ્ર. પૂ. શ્રી ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામના અંતરીક્ષ આશીર્વાદ અને સોનલબાઈ મહાસતીજી નાલંદા ઉપાશ્રયની પ્રેરણા પણ પ્રાપ્ત થઈ છે.

આ જીવદયા કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઇ રૂપાણીના પુત્ર ઋષભભાઈ વિજયભાઇ રૂપાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, બિલ્ડર અતુલભાઈ શેઠ, રોલેક્ષ કંપનીના મનીષભાઈ માદેકા, 'દીકરાનું ઘર' વૃદ્ધાશ્રમના મુકેશભાઈ દોશી તથા અનુપમભાઈ દોશી, સુનિલભાઈ વોરા, નલીનભાઈ તન્ના તેમજ માંડવી ચોક તપગચ્છ જૈન સંઘના જીતુભાઈ દેસાઈ (ચાવાળા) વગેરે મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં જીવદયા કાર્ય સંપન્ન થશે.

આ કાર્યક્રમમાં મણિયાર દેરાસરના પંકજભાઈ કોઠારી, કિરીટભાઈ સંઘવી, અરૂણભાઇ દોશી, જીતુભાઈ ગાંધી, દિપકભાઈ મહેતા, જયંતભાઈ મહેતા, જીગરભાઈ પારેખ, સતીષભાઈ રામસીના, રણજીતભાઈ શાહ, હીરાચંદજી શાહ, પ્રફુલભાઈ દામાણી, પુષ્પકભાઈ જૈન, હરેન્દ્રભાઈ ધંધુકિયા, હર્ષિલભાઈ શાહ, હેમલભાઈ સંઘવી, કેતનભાઇ ગોસલીયા તથા સર્વે કમિટી મેમ્બર્સનો આ કાર્યમાં સહકાર સાંપડ્યો છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રકાશ મોદી, વિરેન્દ્ર સંઘવી, નીરવ સંઘવી, ભરત બોરડીયા, હરેશ દોશી, હીમાંશુ ચીનોય, નિમેશ શાહ, દીનેશ મોદી, અરૂણ નિર્મળ, હીરેન કામદાર, હર્ષદ મહેતા, મેહુલ રવાણી, સોનુભાઈ આદતાણી, સુનીલ દામાણી, જયેશ દામાણી, નેગીભાઈ ધોળિયા, મેહુલ આશરા, કિર્તીભાઇ પારેખ, મીહીર મોદી, હીતેશ દોશી, વિજય દોશી, નિલેશ શાહ, પિયુષ ઉદાણી, વિમલ શેઠ, નીખીલ શાહ, શૈલેષ ઉદાણી, અશ્વીન અજમેરા, હરીશ હરિયાણી, મનોજ પારેખ, દીપ્યેશ કામદાર, યોગેશ મહેતા, ડી.એમ. જોશી, અજય વખારીયા, રાજેશ પારેખ, જીગર દોમડીયા, મેહુલ સંઘાણી, નીરવ પારેખ, ભરત મહેતા, અશોક ગજેરા, જયસુખ હરસોરા, કલ્પેશ મોડાસરા, દિપક લખતરિયા, બાબુ ભલગામા, મહેશ ધકાણ, સંજય ટાંક, પારસ મોદી તથા બહેનોમાં સંધ્યાબેન મોદી, અલ્કા બોરડીયા, હેમા મોદી, હીના સંઘવી, રીટા દોશી, જીજ્ઞા મોદી, આરતી દોશી, હેતલ દોશી, ડિમ્પલ શાહ, રૂબી દોશી, દક્ષા મહેતા, બકુલા શાહ, બીના દોશી, હેમા વોરા, અંકિતા મહેતા, ભારતી દોશી, નીતા કામદાર, જયશ્રી દોમડીયા, કાજલ મીઠાણી, છાયા શાહ, કેતના વોરા સહિતના જીવદયા ગ્રુપના કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

વીર શ્રાવક-શ્રાવિકા જ્ઞાન શિબિરનું તા.12થી 16 નવેમ્બર સુધી આયોજન

ગોંડલ સંપ્રદાય સ્થાનકવાસી જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ દ્વારા કાર્યક્રમ યોજાશે

અગ્ર ગુજરાત, રાજકોટ

અનંત-અનંત ઉપકારી ચરમ તીર્થંકર શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની અનંતી કૃપાથી ગોંડલ સંપ્રદાયના જશ પરિવારના આગમ અર્કદર્શક ચારિત્રનિષ્ઠ પરમ પૂજ્ય ગુરુભગવંત બા.બ્ર. રાજેશમુનિજી મહારાજસાહેબ તથા પૂજ્યનાં સુશિષ્ય અને સુશિષ્યા ભગવંતોના ચાતુર્માસનો લાભ રાજકોટના વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત થઈ રહેલ છે.

ગોંડલ સંપ્રદાય સ્થાનકવાસી જૈન સિધ્ધાંત સંરક્ષક સમિત, રાજકોટ દ્વારા વેકેશનનો સદ્ઉપયોગ થાય તેમજ કિશોરો-યુવાનો જૈન ધર્મનું પાયાનું જ્ઞાન મેળવી આદર્શ શ્રાવક-શ્રાવિકારત્નો બને તથા જીવન સાર્થક બનાવે તેવા હેતુસર દર દિવાળી અને ઉનાળુ વેકેશનમાં તાલીમ કેમ્પ (શિબિર)નું આયોજન પૂજ્ય રાજગુરુભગવંત તથા પૂજ્યના સુશિષ્ય-સુશિષ્યા ભગવંતોની શુભ નિશ્રામાં થાય છે. ઉપરાંત પારિવારિક શિબિરો, યુવા શિબિરોનું આયોજન પણ શ્રીસંઘોમાં નિયમિતરૂપે કરવામાં આવે છે.

૧૦ થી ૪૦ વર્ષના ભાઇઓ-માટે વીર શ્રાવક તાલીમ કેમ્પનું આયોજન શ્રી ઋષભદેવ સંઘમાં (૧, તિરૂપતિ નગર, કેન્સર હોસ્પિટલ સામે, નિર્મલા રોડ, રાજકોટ) અને ૧૦ થી ૪૦ વર્ષના બહેનો માટે વીર શ્રાવિકા તાલીમ કેમ્પનું આયોજન શ્રી સંભવનાથ સંઘ (૨-નંદનવન પાર્ક, ચંદન પાર્ક મેઇન રોડથી પેરેડાઇઝ હોલ સામેના રોડમાં અથવા સાધુ વાસવાણી રોડથી ગોલ્ડન સુપર માર્કેટ પાસેનો રોડ, રાજકોટ)માં તા. ૧૨ નવેમ્બરથી ૧૬ નવેમ્બર, ૨૦૨૬ - ગુરુવારથી સોમવાર દરમ્યાન આયોજન કરવામાં છે. ભાઇઓની શિબિર પૂજ્ય ગુરુભગવંત આદિ ભગવંતોની શુભ નિશ્રામાં અને બહેનોની શિબિર પૂજ્ય ગુરુભગવંતના આજ્ઞાનુવર્તી પરમ પૂજ્ય ગુરુણીભગવંત બા.બ્ર. કુસુમબાઇ મહાસતીજીના શિષ્યરત્નાઓ બા.બ્ર. પૂજ્યશ્રી ઋજુતાજી મહાસતીજી આદિ ભગવંતોની શુભ નિશ્રામાં છે.

આ તાલીમ કેમ્પો દ્વારા જીવન જીવવાની કળા, ડીપ્રેશનથી દૂર રહેવાના ઉપાય, એકાગ્રતાથી ભણવાની તાલીમ, ગુસ્સા પર કાબુ મેળવવાની કળા, મોબાઈલ-લેપટોપ-ટીવી-નેટ વગર પણ સુખ-શાંતિથી જીવવાના ઉપાય, ધાર્મિક અને સંસ્કારી મિત્રોનો મેળાપ, આ ભવ અને પરભવ સુધારવાની તાલીમ, સાચા સુખના સ્વરૂપને ઓળખવાનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ કેમ્પમાં ભાગ લેવાથી જીવનમાં ઇન્ટરનેટ યુગમાં કુનિમિત્તોથી બચાવ થશે, ધનથી નહીં પણ ધર્મથી ધન્યતા અનુભવાશે, દુઃખથી નહીં પાપથી ડરાશે, ચતુર્વિધ શ્રીસંઘમાં સ્થાન આદિ ઘણું બધું મળશે. કેમ્પમાં રહેવા-જમવા માટેનુ સુયોગ્ય વ્યવસ્થા છે. જિંદગીમાં યુ-ટર્ન લાવીએ. જીવનના ટાઇમ-ટેબલમાં થોડો ધર્મનો, સંસ્કારનો ટાઇમ રાખીએ. પૂજ્યશ્રી ભગવંતોના વિશિષ્ટ જ્ઞાનનો લાભ લેવાનો આ સોનેરી અવસર ચૂકશો નહી અને કેમ્પમાં જોડાઇ જીવન સાર્થક બનાવશો.

આ તાલીમ કેમ્પમાં ભાગ લેવા તથા વધુ માહિતી મેળવવા ભાઇઓએ મો. ૯૬૨૪૩ ૧૮૮૧૭, ૭૦૧૬૬ ૬૨૫૯૨ તથા બહેનોએ મો. ૯૪૨૭૨ ૨૩૩૬૦ ૯૪૦૯૭ ૫૯૮૬૮ ઉપર સંપર્ક ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ-રાજકોટના સહપ્રમુખ પરેશભાઇ પટેલે (મો. ૯૪૨૬૭ ૧૨૨૮૯) જણાવેલ છે.

સિનિયર સિટીઝન માટે 'ઇવનિંગ પોસ્ટ' ખાતે બે દિવસીય ભવ્ય 'સંગીત સંધ્યા'નું આયોજન

મેલોડી કલર્સ અને સ્વરાગીની મ્યુઝિકલ ગ્રુપ જમાવશે રંગ

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટમાં સિનિયર સિટીઝનો માટે પ્રવૃત્ત એવી સરગમ ક્લબ સંચાલિત સિનિયર સિટીઝન પાર્ક 'ઇવનિંગ પોસ્ટ' ખાતે મનોરંજન અને સંગીતરસથી સભર બે દિવસીય 'સંગીત સંધ્યા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૪/૧૧ને બુધવારે સાંજે ૫:૩૦ કલાકે: "મેલોડી કલર્સ" દ્વારા સંગીત સંધ્યાની પ્રસ્તુતિ થશે અને તા.૫/૧૧ને ગુરુવાર સાંજે ૫:૩૦ કલાકે: "સ્વરાગીની મ્યુઝિકલ ગ્રુપ" દ્વારા સૂર અને તાલનો કાર્યક્રમ રજૂ થશે.

હાલમાં ઇવનિંગ પોસ્ટ સિનિયર સિટીઝન પાર્કની બાજુમાં પુલનું કામ ચાલુ હોવાને કારણે ચૌધરી હાઇસ્કૂલથી જ્યુબિલી તરફનો મુખ્ય રોડ બંધ રાખવામાં આવ્યો છે. જો કે, પાર્ક રાબેતા મુજબ ચાલુ જ છે અને સભ્યો, ઓર્ગેનાઇઝરો, કલાકારો કે આમંત્રિત મહેમાનોને કોઇ મુશ્કેલી ન પડે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પાર્કમાં આવવા-જવા માટે ચૌધરી હાઇસ્કૂલથી સિવિલ હોસ્પિટલ તરફ જતા રોડ પર જિલ્લા બેંકના પાછળના ભાગની શેરી તરફથી ઇવનિંગ પોસ્ટનો પાછળનો દરવાજો ખુલ્લો રાખવામાં આવશે. આ ઉપરાંત મુખ્ય દરવાજો પણ ખુલ્લો રહેશે, જ્યાં આવવા-જવા માટે ઇવનિંગ પોસ્ટની પાછળની શેરીનો ઉપયોગ કરી શકાશે. આ રૂટ પર વાહનો માટે પૂરતા પ્રમાણમાં પાર્કિંગની સગવડ પણ મળી રહેશે.

આ સંગીત સંધ્યાના કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઇ ડેલાવાળા, ઇવનિંગ પોસ્ટના ઇન્ચાર્જ મનસુખભાઇ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઇ સોલંકી, મનસુરઅલી ત્રિવેદી તેમજ વિજયકુમાર માલવિયા વગેરે હોદ્દેદારો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

નવા વર્ષના શુભ દિને પૂ. મોટા મહાસતીજીના કંઠેથી અર્પણ થયેલ મોટા મહામાંગલિકનું થશે જીવંત પ્રસારણ

નાલંદા તીર્થધામ ખાતે દિવાળીના દિવસોમાં 'તપ-જપ આરાધના મહોત્સવ'નું આયોજન

જપ સાધના, મહા માંગલિક અને જ્ઞાન પૂજનનો ભક્તિમય અવસર : ધનતેરશથી લાભપંચમ સુધી વિવિધ ધાર્મિક અને માનવસેવાના કાર્યક્રમો યોજાશે

અગ્ર ગુજરાત, રાજકોટ

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્રના સિંહણ, વચન સિદ્ધિકા, તીર્થ સ્વરૂપા અને વિશ્વવિખ્યાત પૂ. શ્રી ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામ (નાલંદા ઉપાશ્રય) ખાતે દિવાળીના પવિત્ર તહેવારો પ્રસંગે ભવ્યાતિભવ્ય 'તપ-જપ આરાધના મહોત્સવ' નું આયોજન કરવામાં આવ્યું છે. ધનતેરશથી લઈને લાભપંચમ સુધીના દિવસો દરમિયાન સાધના, સદાવ્રત, વિઘ્ન નિવારક જપ અને પૂજનના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

દિવાળી પર્વના વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં તા.૬-૧૧ને શુક્રવારે ધનતેરશ નિમિતે સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાકે સાધર્મિક બંધુઓ માટે નવકારશી, સવારે ૮:૦૦ થી ૯:૦૦ કલાકે સોનલ સદાવ્રત સમારોહ (માનવ રાહત),



સવારે ૯:૦૦ થી ૯:૩૦ કલાકે શુકનવંત ડ્રેસ કોડ સાથે "પુચ્છિસ્સુણં" ના જાપ, તા.૭-૧૧ને શનિવારે રૂપ ચૌદસ નિમિતે સવારે ૮:૩૦ થી ૯:૩૦ કલાકે: "પુચ્છિસ્સુણં" ના જાપ., સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાકે વિઘ્ન નિવારક દેવની દિવ્ય જપ સાધના અંતર્ગત "શ્રી ઘંટાકર્ણ મહાવીર" ના જાપ (ડ્રેસ કોડ: બહેનો માટે લાલ અને ભાઈઓ માટે વ્હાઈટ અને વ્હાઈટ) તા.૮-૧૧ને રવિવારે દીપાવલી તથા મહાવીર નિર્વાણ કલ્યાણક અવસરે સવારે ૮:૩૦ થી ૯:૩૦ કલાકે: "પુચ્છિસ્સુણં" ના જાપ., સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાકે: ધ્યાનિધાન ભગવાન મહાવીરના "નિર્વાણ કલ્યાણક" નિમિત્તે વિશેષ પ્રવચન તા.૧૦-૧૧ને મંગળવારે બેસતા વર્ષે ગુરુ ગૌતમ સ્વામી કેવળજ્ઞાન અવસરે સવારે ૭:૩૦ થી ૮:૦૦ કલાકે પૂ. મોટા મહાસતીજીના કંઠેથી અર્પણ થયેલ મોટા મહા માંગલિકનું જીવંત પ્રસારણ કરાશે. તેમજ તા.૧૪-૧૧ને શનિવારે લાભ પંચમી નિમિતે સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ કલાકે: જ્ઞાન પૂજનનો અપૂર્વ આરાધના અવસરનો કાર્યક્રમ યોજાશે. નાલંદા તીર્થધામ ખાતે આ પાંચ દિવસીય મહોત્સવમાં ભાઈઓ તથા બહેનોને બહોળી સંખ્યામાં પધારી જપ-તપ અને આરાધનાનો લાભ લેવા ખાસ વિનંતી કરવામાં આવી છે.



ગાર્ડી વિદ્યાપીઠ ખાતે એમબીએના વિદ્યાર્થીઓ માટે કોર્પોરેટ કારકિર્દી માર્ગદર્શન સત્ર સંપન્ન

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટમાં આણંદપર ખાતે આવેલ ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમબીએ વિભાગ દ્વારા ગાર્ડી વિદ્યાપીઠના પ્લેસમેન્ટ સેલના સહયોગથી તાજેતરમાં એમબીએ પ્રથમ સેમેસ્ટર અને ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે કોર્પોરેટ કારકિર્દી માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સત્રમાં ટાટા એઆઇએ લાઇફ ઇન્શ્યોરન્સ કંપનીના બિઝનેસ એસોસિયેટ અતુલ ખીમાણી તેમજ વિજયભાઇ મહેતા (એડમિન હેડ) અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને વીમા અને નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને કોર્પોરેટ કલ્ચર, વ્યવસાયિક અપેક્ષાઓ, કારકિર્દીના વિવિધ માર્ગો અને કોર્પોરેટ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે જરૂરી સ્કિલ્સ અંગે મૂલ્યવાન માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એમણે વીમા અને નાણાકીય સેવાઓના ક્ષેત્રનું વધતું મહત્ત્વ, અસરકારક સંવાદ, ગ્રાહક સંબંધ વ્યવસ્થાપન અને ગ્રાહકલક્ષી અભિગમની ભૂમિકા વિશે વિસ્તૃત સમજ આપી હતી.

શ્રી જયાનંદધામ ખાતે 8 નવેમ્બરના રોજ ઘંટાકર્ણવીર દેવના હવન અને પૂજનનું આયોજન

રવિવારે સવારે ૯ કલાકથી પ.પૂ. આચાર્ય દેવ જયશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાંની પવિત્ર નિશ્રામાં યોજાશે ધાર્મિક અનુષ્ઠાન

અગ્ર ગુજરાત, રાજકોટ

શ્રી જયધર્મ કલ્યાણનિધિ ટ્રસ્ટ સંચાલિત નૂતન જિનાલય શ્રી જયાનંદધામ (નવગ્રહ જિનાલય) ના આંગણે આગામી રવિવાર તા. ૮-૧૧-૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકથી વિઘ્ન નિવારક દેવ શ્રી ઘંટાકર્ણવીરના ભવ્ય હવન અને પૂજન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર ધાર્મિક પ્રસંગે આશીર્વાદ દાતા તરીકે પ.પૂ. આચાર્ય દેવ જયશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાંની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ પ્રસંગે સકળ સંઘના ભાઇઓ તથા બહેનોને મોટી સંખ્યામાં પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પૂજાના નિર્ધારિત કપડામાં પધારેલ ભાઇઓને જ હવન અને પૂજનનો લાભ આપવામાં આવશે. પૂજામાં બેસનાર ભાવિકોએ નિશ્ચિત સમય કરતાં ૩૦ મિનિટ અગાઉ સ્થળ પર પહોંચી જવાનું



રહેશે. જે ભાગ્યશાળીઓને શ્રી ઘંટાકર્ણ યંત્રનું પૂજન કરવાની ભાવના હોય, તેમને શ્રી સંઘ દ્વારા યંત્ર પૂજા અર્થે આપવામાં આવશે. જેનો નકરો રૂા. ૨૫૦/- રાખેલ છે. પૂજન કર્યા બાદ આ યંત્ર ભાવિકોએ પોતાના ઘરે લઇ જવાનું રહેશે, અને પૂજન માટે વાક્ષેપ (અક્ષત) સ્થળ પરથી જ પૂરા પાડવામાં આવશે.

જામનગરના પ્રખ્યાત વિધિકાર પ્રિયાંશુભાઇ શાહ દ્વારા પૂજન વિધિ કરાવવામાં આવશે, જ્યારે સંગીતકાર યોગેશભાઇ શાહ દ્વારા સંગીતમય માહોલ બનાવવામાં આવશે. સંપૂર્ણ પૂજન, હવન અને સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર તરીકે ઉષાબેન હસમુખભાઇ સંઘાણી પરિવાર તેમજ મોનાબેન ધવલભાઇ સંઘાણી (હસ્તે વેદાંશી, શ્રેયા) છે. હવન અને પૂજનની વિધિ પૂર્ણ થયે જિનાલયની બાજુમાં આવેલ જૈન ભુવન ખાતે ભવ્ય સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંગે વધુ માહિતી કે પૂછપરછ મિલનભાઇ શાહ: ૯૩૭૪૧૧૨૧૩, નિરવભાઇ શાહ: ૬૩૫૭૬ ૫૩૫૫૫, વિશાલભાઇ શાહ: ૯૫૧૦૩ ૩૩૭૭૭ નો સંપર્ક કરી શકાશે.

સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શાજન સેમ્યુઅલ સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ

એરેના એનિમેશન દ્વારા 'એલ્યુમની મીટ અને પદવીદાન સમારોહ-2026' સંપન્ન

એનિમેશન, VFX અને ગ્રાફિક ડિઝાઇનિંગના કોર્સ પૂર્ણ કરનાર યુવા કલાકારોને પદવીઓ એનાયત; ૨૦૦થી વધુ મહાનુભાવો અને વિદ્યાર્થીઓ રહ્યા સહભાગી

અગ્ર ગુજરાત, રાજકોટ

કલા, કૌશલ્ય અને ક્રિએટિવિટીના અગ્રણી હબ સમાન એરેના એનિમેશન દ્વારા ગત ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ "એલ્યુમની મીટ અને પદવીદાન સમારોહ - ૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહ માત્ર એક કાર્યક્રમ ન રહેતા યુવા કલાકારોની ઉલ્કૃષ્ટ સફર અને તેમના ઉજ્જવળ ભવિષ્યની ગૌરવગાથા બની રહ્યો હતો, જેણે રાજકોટના શૈક્ષણિક અને ક્રિએટિવ જગતમાં અનોખી છાપ છોડી છે.

આ સમારોહની વિશેષ ગરિમા એ રહી કે એનિમેશન અને એજ્યુકેશન ક્ષેત્રની દિગ્ગજ રાષ્ટ્રીય કંપની Aptech Limitedની હેડઓફિસથી ખાસ ઉચ્ચ પદાધિકારીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં એરેના એનિમેશનના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને નેશનલ સેલ્સ હેડ શાજન સેમ્યુઅલ, રીજનલ સેલ્સ હેડ રમેશ મોગાવીરા તથા નેશનલ એકેડેમિક હેડ અમર ત્રિવેદીની ઉપસ્થિતિએ મહોત્સવની શોભા વધારી હતી.

ઉપસ્થિત અતિથિઓએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતા જણાવ્યું હતું



કે, "આજના ડિજિટલ યુગમાં એનિમેશન અને VFX (વિઝ્યુઅલ ઇફેક્ટ્સ) ક્ષેત્રે અપાર સંભાવનાઓ રહેલી છે. યુવાનો પોતાની ઉલ્કૃષ્ટ કલા અને સર્જનાત્મકતા દ્વારા વૈશ્વિક સ્તરે મોટી સફળતા અને નામના મેળવી શકે છે."

સમારોહ દરમિયાન એનિમેશન, ગ્રાફિક ડિઝાઇનિંગ, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ (VFX) અને મલ્ટીમીડિયા જેવા અદ્યતન અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પદવીઓ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે વિદ્યાર્થીઓએ પોતાના લાઇવ પ્રોજેક્ટ્સ અને ક્રિએટિવ સ્કિલની ઝલક રજૂ કરી સૌ કોઇને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમનું સૌથી મોટું આકર્ષણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (Alumni) સાથેનો જીવંત સંવાદ રહ્યો હતો. દેશ-વિદેશની નામાંકિત કંપનીઓ, સ્ટુડિયો અને ક્રિએટિવ ઇન્ડસ્ટ્રીઝમાં કાર્યરત એલ્યુમની વિદ્યાર્થીઓએ પોતાના સુવર્ણ સંસ્મરણો વાગોળ્યા હતા અને વર્તમાન વિદ્યાર્થીઓ સાથે ઇન્ડસ્ટ્રીની રિયલ-વર્લ્ડ ચેલેન્જીસ તથા લેટેસ્ટ ટ્રેન્ડ્સ શેર કર્યા હતા.

આ ભવ્ય કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉપરાંત તેમના વાલીઓ અને વિવિધ કંપનીઓના અગ્રણી પ્રતિનિધિઓ સહિત અંદાજે ૨૦૦ જેટલા ઉત્સાહી લોકો સહભાગી થયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે Digital Keval, Sandhya Branding Agency, Asense Branding, Velixa, Depth Vision અને Mauli's Art Studio નો વિશેષ સહયોગ સાંપડ્યો હતો, જ્યારે Arkya Foods દ્વારા ગિફ્ટિંગ પાર્ટનર તરીકે સાથ આપવામાં આવ્યો હતો. એરેના એનિમેશન (કાલાવડ રોડ) ના સંચાલકો વિધી કોટક, જૈમીન ભીંડા અને કમલ ભારદીયા ના ઉલ્કૃષ્ટ નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ દીપોત્સવી માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સંચાલકોએ જણાવ્યું હતું કે, "વિદ્યાર્થીઓ સંસ્થાનું સાચું ગૌરવ છે, તેમની સફળતા જ અમારી ખરી ઓળખ છે." સમગ્ર આયોજનને સફળ બનાવવા પ્રિયંકા ચાવડા, ભાવિષા ગોસ્વામી, શ્રુતિ સાવલિયા અને માનસી કિકાણી સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com DATE 03/11/2026

‘પ્રયાસ’ એસોસિએશન દ્વારા દિવ્યાંગ બાળકોને દિવાળીની અનોખી ભેટ: ‘તારક મહેતા...’ના કલાકારોને મળીને બાળકો ખુશખુશાલ

અગ્ર ગુજરાત, રાજકોટ

દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે કાર્યરત રાજકોટની જાણીતી સંસ્થા ‘પ્રયાસ પેરેન્ટ્સ એસોસિએશન’ દ્વારા આ દિવાળીના તહેવાર નિમિત્તે સંસ્થાના દિવ્યાંગ બાળકોને એક યાદગાર અને અનોખી સરપ્રાઇઝ ભેટ આપવામાં આવી હતી. સંસ્થાએ બાળકોની વર્ષો જૂની મનોકામના પૂર્ણ કરીને તેમને મુંબઈ સ્થિત પ્રસિદ્ધ ફિલ્મસિટીની ખાસ મુલાકાત કરાવી હતી.

આ પ્રવાસ દરમિયાન બાળકોને ઘર-ઘરમાં લોકપ્રિય અને દેશની નંબર-૧ ધારાવાહિક ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના શૂટિંગ સેટ પર લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સંસ્થાના પૂજાબેન પટેલ તથા અન્ય સભ્યોની ઉપસ્થિતિમાં બાળકોએ ટીવી પડદાના પોતાના માનીતા કલાકારો સાથે પ્રત્યક્ષ મુલાકાત કરી હતી. દિવ્યાંગ બાળકોએ સીરિયલના મુખ્ય પાત્રો જેવા કે જેઠાલાલ, સોઢી, તારક મહેતા તેમજ ટપ્પુ સેનાના બાળ કલાકારો સાથે વિતાવેલી ક્ષણોથી અત્યંત હર્ષ અને આનંદ અનુભવ્યો હતો. કલાકારોએ પણ બાળકો સાથે પ્રેમપૂર્વક સમય વિતાવીને તેમની સાથે વાતો કરી હતી. પોતાના પ્રિય પાત્રોને રૂબરૂ મળીને બાળકોના ચહેરા પર એક અનોખી ચમક અને ખુશી જોવા મળી હતી. ‘પ્રયાસ’ એસોસિએશનના આ સુંદર અને સંવેદનશીલ પ્રયાસની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.



ફિલ્મસિટીની મુલાકાત દરમિયાન જેઠાલાલ, સોઢી અને તારક મહેતા સહિતના પ્રિય પાત્રોને પ્રત્યક્ષ મળી બાળકોની વર્ષો જૂની ઈચ્છા પૂર્ણ થઈ



રાજકોટ સર્કિટ હાઉસ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી એસ.પી. સિંહ બઘેલ અને પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા વચ્ચે શુભેચ્છા મુલાકાત

સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારો, પશુપાલન, ડેરી ઉદ્યોગ અને પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વિચારોનું આદાન-પ્રદાન

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટ સર્કિટ હાઉસ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી પ્રો. એસ.પી. સિંહ બઘેલજી સાથે પૂર્વ સંસદ સભ્ય રામભાઈ મોકરીયાની શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. આ શુભેચ્છા મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે દેશ તથા ગુજરાતના વર્તમાન વિકાસલક્ષી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડૂતો, પશુપાલકો, ડેરી ક્ષેત્ર, ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવા માટે સકારાત્મક



વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયાએ સૌરાષ્ટ્રના પશુપાલકો અને ગ્રામ્ય વિસ્તારના વિવિધ પ્રશ્નો અંગે કેન્દ્રીય રાજ્યમંત્રીનું ધ્યાન દોર્યું હતું. જેના પ્રત્યુત્તરમાં કેન્દ્રીય મંત્રી બઘેલજીએ પણ કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ સૌરાષ્ટ્રના ખેડૂતો અને પશુપાલકો સુધી પહોંચે તે માટે સંપૂર્ણ સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો. આ બેઠક અત્યંત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી અને આગામી સમયમાં ગુજરાત તથા સૌરાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે પરસ્પર સહયોગ અને સંકલન વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

એમ.ટી.ધમસાણિયા કોમર્સ એન્ડ બીબીએ કોલેજ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાઇ

અગ્ર ગુજરાત, રાજકોટ

ભારતની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય સમરસતાના પ્રતીક એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ નિમિત્તે શ્રીમતી એમ. ટી. ધમસાણિયા કોમર્સ એન્ડ બીબીએ કોલેજ, રાજકોટ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો.શૈલેષ રાણસરીયા, કોલેજનો સમગ્ર ટીચિંગ તથા નોન-ટીચિંગ સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સરદાર



વલ્લભભાઇ પટેલના રાષ્ટ્રપ્રેમ, દૃઢ નિશ્ચય અને અખંડ ભારતના નિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે “અનેકતામાં એકતા એ જ ભારતની સાચી ઓળખ છે” એવા સંદેશ સાથે સૌએ એક સશક્ત, સમૃદ્ધ અને એકતાપૂર્ણ ભારતના નિર્માણમાં સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આમ, રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલના આદર્શો અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને જીવનમાં ઉતારવાનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.



PNB રાજકોટ ખાતે ‘વિજિલન્સ અવેરનેસ’ માટે વોકાથોનનું આયોજન કરાયું

અગ્ર ગુજરાત, રાજકોટ

પંજાબ નેશનલ બેંકની રાજકોટ ડિવિઝનલ ઓફિસ દ્વારા ‘વિજિલન્સ અવેરનેસ વીક’ (સતર્કતા જાગૃતિ સપ્તાહ)ના ભાગરૂપે એક સવારની વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડિવિઝનલ હેડ શિવકુમાર શ્રીવાસ્તવ, ડેપ્યુટી ડિવિઝનલ હેડ પુનીત સિંહ અને તમામ કર્મચારીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ માધ્યમથી તેમણે પ્રામાણિકતા, પારદર્શિતા અને ભ્રષ્ટાચારમુક્ત કાર્યસંસ્કૃતિનો સંદેશ આપ્યો હતો.

ભાજપ નેતા મહેશ લુણાગરિયા પર ગુનો દાખલ કરી કાર્યવાહીની માંગ

પોલીસને બદનામ કરતી પોસ્ટ મૂકતા કોંગ્રેસ અગ્રણી તુષિત પાણેરીની રજૂઆત

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટ ના કાલાવડ રોડ સ્થિત ફાઇવ સ્ટાર હોટલ સરાઝા ખાતે એક હાઇ પ્રોફાઇલ દારૂ પાર્ટી પર રાજકોટ એલ સી બી પોલીસે દરોડો પાડ્યો, કાયદા અને નિયમ મુજબ રાજકોટના ડીસીપી ઝોન 2 રાકેશ દેસાઈ અને તેની ટીમ આ હાઇપ્રોફાઇલ કેસ પર કાનૂની કાર્યવાહી કરી જ રહી છે. એવામા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર મે એક પોસ્ટ જોઈ , જેમા મહેશ લુણાગરિયા નામની વ્યક્તિ રાજકોટ પોલીસને બેઠમાની અને તોડબાજી કરવાની ખુલ્લેઆમ સલાહ આપે છે. આ પોસ્ટ સમાજમાં પોલીસની છબીને તાર તાર કરવા માટે પૂરતી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કાનૂની નિયમોનું પાલન કરાવતી પોલીસ એક ડિસિપ્લિન ફોર્સ છે. ખાખી



વર્દી પહેરેલા કોઈ પણ પોલીસકર્મી કે ઉચ્ચ પોલીસ અધિકારીને જોનાર મારા સહિત દરેક સામાન્ય નાગરિકના ચેહરા પર પ્રત્યક્ષ રીતે એક સન્માનની ભાવના અને મનના એકાદ ખૂણે આંશિક ભયનો અહેસાસ સ્વાભાવિક રીતે ઉદભવે છે. લોકોમાં પોલીસનો ભય હોવો જ જોઇએ તેવું હું દ્રઢપણે માનું છું.

વધુમા મહેશ લુણાગરિયા ની ફેસબુક પ્રોફાઇલ જોતા તેઓએ પોતાનો ભારતીય જનતા પાર્ટી નો ખેસ ધારણ કરેલો ફોટો રાખ્યો છે એટલે નિશ્ચિત પણે તેઓ ભારતીય જનતા પાર્ટી ના પ્રાથમિક સભ્ય હોવાનું તો સાબિત થાય જ છે . . આપ સાહેબ મુખ્યમંત્રી છો પરંતુ ભારતીય જનતા પાર્ટી ના પ્રાથમિક સભ્ય પણ છો , ત્યારે જો મહેશ લુણાગરિયા ભાજપ ના કોઈ હોદ્દેદાર , સંગઠન કાર્યકર્તા કે પ્રાથમિક સભ્ય પદે હોય તો પણ પોલીસ ને પબ્લિક પ્લેટફોર્મ પર બેઇમાની અને તોડબાજી કરવાની ખુલ્લી સલાહ આપવા સબબ તેમની સામે સંબંધિત કાનૂની કલમો ની જોગવાઇ હેઠળ ગુન્હો નોંધવામા આવે તેવી મારી માંગ છે તેમ કોંગ્રેસ નેતા તુષિત પાણેરી દ્વારા માંગણી કરવામાં આવી છે.

જન્મદિવસ શુભેચ્છા

પત્રકાર કશ્યપ જોશીના સુપુત્ર જીત જોશીનો આજે 27મો જન્મદિવસ



અગ્ર ગુજરાત, રાજકોટ: ‘નૂતન પ્રભાત’ અને ‘રાજકોટ મિરર’ સાથે પત્રકાર તરીકે સંકળાયેલા તેમજ ‘લોકમુખ’ સામાહિકના તંત્રી કશ્યપ જોશીના પુત્ર જીત જોશીનો આજે ૩જી નવેમ્બરે જન્મદિવસ છે. પોતાના જીવનના ૨૬ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરી જીત આજે ૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યા છે. નાની વયથી જ એકાઉન્ટિંગ અને ફાઇનાન્શિયલ સેક્ટરમાં પોતાની આગવી સૂઝબૂઝ અને સખત મહેનતના બળે પ્રગતિના શિખરો સર કરી રહેલા જીત જોશી અત્યંત મિલનસાર સ્વભાવના કારણે વિશાળ મિત્રવર્તુળ ધરાવે છે. તેમની આ સિદ્ધિઓ અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે માતા કવિતા જોશી, પિતા કશ્યપ જોશી, બહેન સૃષ્ટિ સહિતના સમગ્ર પરિવારજનોએ પણ જીતને જન્મદિવસની અમીટ આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી છે. સ્નેહીજનો, સગા–સંબંધીઓ, મિત્રવર્તુળ અને વિવિધ ક્ષેત્રોના હિતેચ્છુઓ દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

લેખક, પત્રકાર અને એઇડ્સ જનજાગૃતિના પ્રણેતા અરૂણ દવેનો આજે જન્મદિવસ



અગ્ર ગુજરાત, રાજકોટ: ૧૯૭૮થી બાળકોના સર્વાંગી વિકાસની સંસ્થા ચિલ્ડ્રન કલબ શરૂ કરીને આજે છેલ્લા ચાર દાયકાથી વિવિધ સેવાકીય ક્ષેત્રે વિશિષ્ટ સેવા કરતા અરૂણ દવેનો આજે જન્મદિવસ છે. તેઓ ૬૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. બાળ પ્રવૃત્તિથી બ્લડ બેંક અને બાદમાં કેન્સર જાગૃતિ અભિયાન ચલાવીને ૧૯૮૭માં લાઇલાજ એઇડ્સ સામે જનજાગૃતિ અભિયાન શરૂ કરી આંતરરાષ્ટ્રીય ફલક પર તેમના એઇડ્સ જનજાગૃતિના રેકોર્ડ બ્રેક કાર્યક્રમની વિશ્વસ્તરે નોંધ લેવાઇ હતી. નિવૃતિ બાદ લેખક, પત્રકાર અને કોલમિસ્ટ તરીકે સક્રિય કાર્ય કરી રહ્યા છે. શિક્ષણક્ષેત્રના અનુભવ સાથે બાળકોના સર્વાંગી વિકાસમાં યુવા અને મહિલા વિકાસ સાયકોલોજીસ્ટની સેવા આપી રહ્યા છે. મીલનસાર સ્વભાવને કારણે વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા અરૂણ દવેની તેમના જન્મદિવસે શિક્ષણ, સમાજ, અખબારી જગત, મેડિકલ જગત, સામાજિક સંસ્થાઓ, તથા તેમના મિત્ર વર્તુળ તરફથી તેમના મો.નં.૯૮૨૫૦ ૭૮૦૦૦ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

AAP સ્ટુડન્ટ વિંગ ASAP રાજકોટ પ્રમુખ કલાપી વારાનો આજે જન્મદિવસ



અગ્ર ગુજરાત, રાજકોટ : વિદ્યાર્થી નેતા અને આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ એસોસિએશન ઓફ સ્ટુડન્ટ્સ ફોર અલ્ટરનેટિવ પોલિટિક્સ ASAP રાજકોટ પ્રમુખ કલાપી વારાનો આજે જન્મદિવસ છે. તેઓએ ૨૨ વર્ષ પૂર્ણ કરીને ૨૩માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. હાલ ASAPમાં રાજકોટ પ્રમુખ તરીકે વિદ્યાર્થીઓના પ્રશ્નોને નિષ્ઠાથી લડાયક રીતે વાચા આપી રહ્યા છે. આજે તેમના જન્મદિવસે તેમને બહોળા મિત્રમંડળ, વિદ્યાર્થીઓ, સગા સંબંધીઓ વગેરે તરફથી તેમના મો.નં. ૯૧૦૬૨ ૯૪૫૧૦ ઉપર જન્મદિવસની શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

પત્રકારોને કાઠલા પકડી ધક્કા મારનાર પોલીસ ઇન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવા કોંગ્રેસની માંગ

દારૂડિયા ઉદ્યોગપતિઓને વીઆઈપી સુવિધા અને પાછલા બારણેથી ઘર ભેગા કરનાર સામે પોલીસ કમ

અગ્ર ગુજરાત, રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા (લોક સંસદ વિચાર મંચ રાજકોટ), રાજકોટ શહેર કોંગ્રેસ મહામંત્રી દિલીપભાઇ આસવાણી (પૂર્વ કોર્પોરેટર) ની સંયુક્ત યાદી ધરાવે છે કે સરાજા હોટલમાં રેવ પાર્ટીમાં પોલીસની ભૂમિકા શંકાસ્પદ રહી છે ત્યારે ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી ઘટના બાદ આરોપીને કાલાવાડરોડ પરના રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં બનાવ બનેલો હોવાના કારણે જ્યારે લોકશાહીના આધાર સ્તંભ અને ચોથી જાગીર ગણાતા પત્રકારો જ્યારે પોતાનું રિપોર્ટિંગ કરવા જાય છે ત્યારે તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર લાજવાના બદલે ગાજે છે અને પત્રકારોને પોતાના સત્તાના જોરે ધક્કાઓ મારી રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશનમાં જતા અટકાવે છે અને કાઠલા પકડે છે તે ઘટનાને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ સખત શબ્દોમાં વખોડે છે.

રાજકોટની કાલાવાડ રોડ ઉપરની સરાજા હોટલમાં લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) દ્વારા હાઇ પ્રોફાઇલ રેવ પાર્ટીમાં દરોડો પાડ્યો અને તેમ છતાં આ હોટલની નજદીક 500 મીટરના એરિયામાં આવેલ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર અને સ્ટાફ ઊંઘતો રહ્યો હતો. પત્રકારો સાથે બેહુદુ વર્તન અને ચકચારી



પાર્ટીના નબીરાઓને વીઆઈપી ટ્રીટમેન્ટ ચા ગાઠિયા સહિતની તમામ પ્રકારની સુવિધા કરનાર રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર અને સ્ટાફની સામે રાજકોટ શહેર પોલીસ કમિશનર સમગ્ર પ્રકરણની તટસ્થ તપાસ કરી તાલુકા પોલીસ સ્ટેશનના સીસી ફુટેજ મેળવી યોગ્ય કાર્યવાહી કરે. મહિલાઓને બ્રેથ એનેલાઇઝર દ્વારા તપાસ કરતા રિપોર્ટ નેગેટીવ આવવા છતાં તમામ મહિલાઓને હોસ્પિટલ સુધી પોલીસ શા માટે લઇ ગઇ ? રેવ પાર્ટીઓમા સામેલ દારૂડિયાઓ અને નબીરાઓ છૂટી ગયા છે જ્યારે અંધારા કરનાર પોલીસની કામગીરીથી ખુદ પોલીસ હવે ભેખડે ભરાઇ ગઇ છે.

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદોને વસ્ત્રોનું વિતરણ

અગ્ર ગુજરાત, રાજકોટ

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ચાલતા “વસ્ત્ર સેવા સેતુ” પ્રોજેક્ટ અંતર્ગત અટીકા ફાટક પાસે નારાયણનગર વિસ્તારમાં જરૂરિયાતમંદ પરિવારોમાં ૩૩૦ જોડી વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા. વસ્ત્રો મેળવનાર લોકોના મોઢા પર ખુશીની લાગણી જોવા મળી હતી.

આ પ્રોજેક્ટને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટી કલ્પકભાઈ મણીઆરના માર્ગદર્શન હેઠળ રાજુલભાઇ દવે, રમેશભાઈ પરમાર, શિલ્પાબેન મહેતા તેમજ મયંકભાઇ ત્રિવેદી અને કૃષ્ણકાંતભાઈએ જહેમત ઉઠાવેલ હતી. આ તકે વસ્ત્રોનું દાન કરનાર તમામ દાતાઓ તેમજ થેલીઓના દાતા જે.પી. જવેલર્સનો ટ્રસ્ટે આભાર વ્યક્ત કર્યો હતો.

SBI પેન્શનર્સ એસોસિએશન દ્વારા સરદાર પટેલની જન્મજયંતિની ઉજવણી



અગ્ર ગુજરાત, રાજકોટ

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પેન્શનર્સ એસોસિએશન દ્વારા અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરુષ, સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન, ભારત માતાના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૧ મી જન્મજયંતિ નિમિતે શહેરના બહુમાળી ભવન પાસે આવેલ સરદાર સાહેબની પ્રતિમાને પેન્શનર્સ એસોસિએશનના અગ્રણી શરદભાઇ દવે, જનાર્દન આચાર્ય, જીતુ ગણાત્રા,રાજુભાઇ પરમાર સહિતના સભ્યોએ પુષ્પાંજલિ અર્પણ કરેલ આ ઉપરાંત ડિશાનપરા ચોકમાં આવેલ સરદાર વલ્લભભાઇ પટેલ સ્મારકની મુલાકાત લઇને સરદાર પટેલના જીવનકવનને આવરી લેતુ પ્રદર્શન નિહાળેલ અને દુર્લભ ફોટોગ્રાફ્સ જોઇને ધન્યતા અનુભવી આ મહામાનવનું સ્મરણ કરેલ સરદાર સ્મારકના ટ્રસ્ટી હેલીબેન ત્રિવેદીને મળી સરદાર સાહેબની યાદમાં થઇ રહેલ પ્રવૃતિની જાણકારી મેળવી હતી.

સરદાર પટેલ જન્મજયંતિ ઉજવણી પ્રસંગે સંગઠનના સદસ્યો શરદભાઇ દવે, અનુપમ દોશી, દક્ષિણભાઇ જોશી, રમેશ શિશાંગીયા, વી.વી.સાવલિયા, વિજય ચાવડા, હરેશ ભટ્ટ, કે.જે.માવાણી ઉપસ્થિત રહ્યા હતા.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com
DATE 03/11/2026

ધનની આરાધના : સાત સમુદ્ર પાર સમૃદ્ધિના દેવતાઓ અને ઉત્સવો

દિવાળીના ધનતેરસથી વિશ્વની વિવિધ સંસ્કૃતિઓમાં ધન, વૈભવ અને સૌભાગ્યની પરંપરાઓ સુધીની એક સાંસ્કૃતિક સફર



થાઈલેન્ડની દેવી નાંગ ક્વાક

કોઈ સંસ્કૃતિ સોનાને સમૃદ્ધિનું પ્રતીક માને છે, કોઈ અનાજને સાચી સંપત્તિ ગણે છે, તો કોઈ વેપારની સફળતા અને સારા ભાગ્યને જીવનની સમૃદ્ધિ સાથે જોડે છે. માનવજાતના ઇતિહાસમાં એક રસપ્રદ સામ્ય જોવા મળે છે : દેશો જુદા, ભાષાઓ જુદી, ધાર્મિક માન્યતાઓ જુદી, પરંતુ સુખ, સમૃદ્ધિ અને આર્થિક સુરક્ષાની ઇચ્છા લગભગ દરેક સમાજમાં એકસરખી રહી છે. આ ઇચ્છાએ જ દુનિયાની વિવિધ સંસ્કૃતિઓમાં ધનના દેવતાઓ, સમૃદ્ધિની દેવીઓ અને સૌભાગ્યના ઉત્સવોને જન્મ આપ્યો છે.

ભારતમાં દિવાળીના આગમન પહેલાં ઉજવાતો ધનતેરસ આ જ માનવીય ભાવનાનું એક આગવું સાંસ્કૃતિક સ્વરૂપ છે. સોનાં-ચાંદીની ખરીદીથી લઈને નવા વાસણો અને વ્યવસાયની શુભ શરૂઆત સુધી આ પર્વમાં સમૃદ્ધિની અનેક અભિવ્યક્તિઓ જોવા મળે છે. પરંતુ ભારતીય પરંપરામાં ધનનો અર્થ માત્ર સંપત્તિ નથી. ધન્વંતરિ આરોગ્યના દેવતા છે, લક્ષ્મી ઐશ્વર્ય અને સમૃદ્ધિનાં પ્રતીક છે અને કુબેર ધનના કોષાધ્યક્ષ છે. જાણે ભારતીય સંસ્કૃતિએ સંપત્તિની સાથે સ્વાસ્થ્ય અને સુખાકારીને પણ સમૃદ્ધિના અર્થમાં સામેલ કર્યાં છે.

આપણે જો ભારતની બહાર નજર કરીએ તો ચીનના કાઇશેનથી લઈને જાપાનના એબિસુ, થાઇલેન્ડની નાંગ ક્વાક અને પ્રાચીન ગ્રીસના પ્લુટસ સુધી ધન અને સૌભાગ્યનાં અનેક દૈવી સ્વરૂપો જોવા મળે છે. ક્યાંક નવા વર્ષમાં ધનના દેવતાનું સ્વાગત થાય છે, ક્યાંક વેપારીઓ મંદિરે જઈ વ્યવસાયની વૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે, તો ક્યાંક ભાગ્ય અને અન્નની વિપુલતાને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે.

તો ચાલો, ધનતેરસના દીપથી પ્રગટેલી જિજ્ઞાસાને લઈને વિશ્વની વિવિધ સંસ્કૃતિઓમાં પ્રવેશીએ અને જાણીએ કે માનવજાતે ધન, વૈભવ, વેપાર અને સૌભાગ્યની આરાધના માટે કેવાં કેવાં સ્વરૂપો સર્જ્યાં છે.

ચીન – કાઇશેન, ધનના દેવતાનું સ્વાગત

ચીનમાં ધનના દેવતા તરીકે કાઇશેન (Caishen) બહુ પ્રખ્યાત છે. જેઓની ચીની લોકધર્મ, તાઓવાદ અને કેટલીક બૌદ્ધ પરંપરાઓમાં આરાધના થાય છે. ચીની નવા વર્ષના પાંચમા દિવસે મંદિરોમાં ધૂપ પ્રગટાવવામાં આવે છે, ઘરોના દરવાજે તેમની તસવીરો મૂકવામાં આવે છે અને ફટાકડા ફોડીને સમૃદ્ધિનું સ્વાગત કરવામાં આવે છે. ચીની પરંપરામાં સોનાના જહાજ જેવા આકાર ધરાવતા ડમ્પલિંગ પણ શુભ માનવામાં આવે છે. તેમનો આકાર પ્રાચીન સોનાના પિંડ જેવો હોવાથી તેને સંપત્તિ અને સૌભાગ્યનું પ્રતીક ગણવામાં આવે છે. કાઇશેનનાં વિવિધ સ્વરૂપો છે, જેમાં ઝાઓ ગોંગમિંગનું સ્વરૂપ વિશેષ જાણીતું છે.

તાઇવાન – કાઇશેનની આરાધના અને વેપારની સમૃદ્ધિ

ચીનની જેમ તાઇવાનમાં પણ ચીની ધાર્મિક પરંપરાઓનો પ્રભાવ જોવા મળે છે. અહીં કાઇશેન ધન અને આર્થિક સુખાકારીના દેવતા તરીકે પૂજાય છે. ચંદ્રવર્ષના નવા વર્ષની ઉજવણી દરમિયાન મંદિરોમાં ધૂપ, પ્રાર્થના અને શુભેચ્છાઓ દ્વારા સમૃદ્ધિનું સ્વાગત થાય છે. દુકાનદારો અને વેપારીઓ નવા વર્ષમાં વ્યવસાયની વૃદ્ધિ અને આર્થિક સ્થિરતા માટે પ્રાર્થના કરે છે.

તાઇવાનની આ પરંપરાને ધનતેરસ સાથે સાંસ્કૃતિક રીતે સરખાવી શકાય, જોકે બંનેના ધાર્મિક મૂળ અને ઉત્સવની તારીખો જુદી છે.

જાપાન – સાત ભાગ્યદેવતાઓ અને એબિસુ ઉત્સવ

જાપાનની સંસ્કૃતિમાં શિચિફુકુજિન એટલે સાત ભાગ્યદેવતાઓનું વિશેષ સ્થાન છે. આ સાત દેવતાઓ જાપાનની શિન્તો, બૌદ્ધ અને અન્ય ધાર્મિક પરંપરાઓના સંમિશ્રણનું સુંદર ઉદાહરણ છે. તેમાં એબિસુ વેપાર, માછીમારી અને વ્યવસાયની સફળતા સાથે જોડાયેલા છે, જ્યારે દાઇકોકુતેન ધન, અન્ન અને સમૃદ્ધિના દેવતા તરીકે ઓળખાય છે.

જાપાનમાં જાન્યુઆરી મહિનામાં ઉજવાતો ટોકા એબિસુ ઉત્સવ વિશેષ જાણીતો છે. ઓસાકાના ઇમામિયા એબિસુ મંદિરમાં ૯થી ૧૧ જાન્યુઆરી દરમિયાન હજારો વેપારીઓ અને શ્રદ્ધાળુઓ એકત્ર થાય છે. તેઓ વ્યવસાયમાં વૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે અને શુભ બાંસની ડાળીઓ, જેને ફુકુસાસા કહેવામાં આવે છે, ઘરે કે દુકાનમાં રાખવા માટે ખરીદે છે. આ ડાળીઓ પર સારા ભાગ્ય અને સમૃદ્ધિનાં પ્રતીકો લગાવવામાં આવે છે.

થાઇલેન્ડ – નાંગ ક્વાક, વેપાર અને સૌભાગ્યની દેવી

થાઇલેન્ડ ની પરંપરામાં “નાંગ ક્વાક” સમૃદ્ધિ અને વેપારની દેવી તરીકે પૂજાય છે. તેમની મૂર્તિમાં એક સ્ત્રી હાથ ઊંચો કરીને જાણે ગ્રાહકોને પોતાની દુકાન તરફ બોલાવતી હોય તેવી મુદ્રામાં જોવા મળે છે. થાઇલેન્ડની અનેક દુકાનો અને બજારોમાં તેમની નાની મૂર્તિઓ જોવા મળે છે. વેપારીઓ માને છે કે તેમની હાજરીથી ગ્રાહકોનું આગમન વધે છે અને વ્યવસાયમાં સમૃદ્ધિ આવે છે. તેમની પાછળની લોકકથાઓમાં વેપારી પરિવારની પુત્રી સુપાવડીનો ઉલ્લેખ પણ મળે છે, જેને બૌદ્ધ સાધુઓના આશીર્વાદથી સૌભાગ્ય પ્રાપ્ત થયું હોવાનું કહેવાય

વિયેતનામ – થાન તાઈ, ધનના દેવતા

વિયેતનામમાં થાન તાઈ (Thần Tài) ધન અને વ્યવસાયની સમૃદ્ધિના દેવતા ગણાય છે. ઘરો અને દુકાનોમાં તેમની પૂજા માટે નાનું સ્થાન બનાવવામાં આવે છે. વિયેતનામી ચંદ્રવર્ષના પ્રથમ મહિનાના દસમા દિવસે ધનના દેવતાનો વિશેષ પૂજાદિન ઉજવાય છે.

આ દિવસે લોકો સોનું ખરીદવાની પરંપરા પણ અનુસરે છે. દુકાનોમાં ભીડ જોવા મળે છે અને લોકો ધનના દેવતાને ફૂલ, ફળ, ધૂપ અને અન્ય પ્રસાદ અર્પણ કરે છે. વર્ષ દરમિયાન આવકમાં વૃદ્ધિ, વ્યવસાયમાં સફળતા અને પરિવારની આર્થિક સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવે છે.



બેગ પેક

પૂર્વી મોદી મલકાણ
U.S.A.

પ્રાચીન ગ્રીસ – પ્લુટસ, સંપત્તિના દેવતા

પ્રાચીન ગ્રીક સંસ્કૃતિમાં પ્લુટસ (Plutus) સંપત્તિના દેવતા તરીકે ઓળખાતા હતા. તેમને ઘણીવાર અનાજ, ફળો અને સમૃદ્ધિથી ભરેલા શિંગડા જેવા પાત્ર સાથે દર્શાવવામાં આવતા. આ પ્રતીકને કોર્નુકોપિયા કહેવામાં આવે છે. તે અખૂટ સમૃદ્ધિ, અન્નની વિપુલતા અને કુદરતની ઉદારતાનું પ્રતીક છે. ગ્રીક માન્યતાઓમાં સંપત્તિ માત્ર સોનાં-ચાંદી સુધી સીમિત નહોતી. જમીન, પાક, પશુધન અને અન્નની ઉપલબ્ધતા પણ સમૃદ્ધિના મહત્ત્વના માપદંડ હતા. પ્લુટસનું દૈવી સ્વરૂપ આ વિચારને પ્રતિબિંબિત કરે છે.

પ્રાચીન રોમ – ફોર્ચ્યુના, ભાગ્યની દેવી

પ્રાચીન રોમન સંસ્કૃતિમાં ફોર્ચ્યુના (Fortuna) ભાગ્ય, સૌભાગ્ય અને સમૃદ્ધિની દેવી હતી. તેમના હાથમાં ઘણીવાર કોર્નુકોપિયા અને ભાગ્યનું ચક્ર દર્શાવવામાં આવતું. કોર્નુકોપિયા વિપુલતાનું અને ચક્ર જીવનમાં બદલાતા ભાગ્યનું પ્રતીક છે. રોમના લોકો જીવનમાં સફળતા, સારા નસીબ અને આર્થિક સમૃદ્ધિ માટે તેમની આરાધના કરતા. ફોર્ચ્યુનાના અનેક મંદિરો હતાં અને તેમની પૂજા વિવિધ સ્વરૂપે થતી હતી. ગ્રીસના પ્લુટસ અને રોમની ફોર્ચ્યુનાની પરંપરા આપણને સમજાવે છે કે યુરોપની પ્રાચીન સંસ્કૃતિઓમાં પણ ધન અને ભાગ્યને દૈવી શક્તિ સાથે જોડવામાં આવતાં હતાં.

નેપાળ – તિહાર અને લક્ષ્મીપૂજા

નેપાળમાં દિવાળીનો ઉત્સવ તિહાર તરીકે ઓળખાય છે. પાંચ દિવસ ચાલતા આ ઉત્સવમાં કાગડો, કૂતરો, ગાય અને બળદની પૂજા ઉપરાંત લક્ષ્મીપૂજાનું વિશેષ મહત્ત્વ છે. ઉત્સવના ત્રીજા દિવસે ગાયની પૂજા કરવામાં આવે છે અને સાંજે લક્ષ્મીજીનું સ્વાગત થાય છે. ઘરોને દીવાઓથી શણગારવામાં આવે છે. રંગોળી અને ફૂલોથી ઘરનો પ્રવેશદ્વાર સુંદર બનાવવામાં આવે છે. લોકો માને છે કે પ્રકાશ અને સ્વચ્છતાથી શોભતા ઘરમાં લક્ષ્મીજીનું આગમન થાય છે. આ પરંપરા ભારતના ધનતેરસ અને દિવાળી સાથે ધાર્મિક રીતે ખૂબ નજીકનો સંબંધ ધરાવે છે.

શ્રીલંકા અને મ્યાનમાર – દીપોત્સવની ભારતીય પરંપરા

શ્રીલંકામાં તમિલ હિન્દુ સમુદાય દ્વારા દીપાવલી ઉજવવામાં આવે છે. મંદિરોમાં પૂજા, દીપપ્રાગટ્ય, પરિવાર સાથેના ધાર્મિક કાર્યક્રમો અને મીઠાઈઓની આપ-લે થાય છે.

મ્યાનમારમાં પણ ભારતીય મૂળના સમુદાયો દ્વારા દિવાળીની પરંપરા જળવાઈ છે. અહીં દીવાઓ પ્રગટાવવાની અને પરિવાર સાથે ઉત્સવ મનાવવાની પરંપરા જોવા મળે છે. જોકે બંને દેશોમાં ધનતેરસ જેવો સ્વતંત્ર અને સર્વવ્યાપી સ્થાનિક ઉત્સવ નથી. અહીં મુખ્યત્વે ભારતીય ધાર્મિક પરંપરાનો પ્રભાવ જોવા મળે છે.

ભારતીય મૂળના લોકો અને વિશ્વભરમાં દિવાળીની ઉજવણી

ભારતીય સંસ્કૃતિની એક વિશેષતા એ છે કે જ્યાં જ્યાં ભારતીય સમુદાયો પહોંચ્યા છે ત્યાં તેઓ પોતાની સાથે તહેવારો, ધાર્મિક પરંપરાઓ, ભાષા, ભોજન અને જીવનશૈલી પણ લઇ ગયા છે. તેથી દિવાળીની ઉજવણી આજે અનેક ખંડોમાં જોવા મળે છે.

મોરેશિયસમાં દિવાળીના દિવસે ઘરોમાં દીવાઓ પ્રગટાવવામાં આવે છે અને લક્ષ્મીપૂજા થાય છે. ફિજીમાં ભારતીય મૂળના લોકો રંગબેરંગી દીવાઓ અને સજાવટ સાથે ઉત્સવ ઉજવે છે. ત્રિનિદાદ અને ટોબેગોમાં દિવાળી નિમિત્તે યોજાતો દિવાલી નગર ઉત્સવ વિશેષ જાણીતો છે. ગુયાના અને સુરીનામમાં પણ દિવાળીની જાહેર ઉજવણી થાય છે.

મલેશિયા અને સિંગાપોરમાં દીપાવલીના દિવસોમાં મંદિરો અને બજારો રોશનીથી ઝળહળી ઊઠે છે. દક્ષિણ આફ્રિકામાં ડર્બન અને અન્ય શહેરોમાં ભારતીય સમુદાયો ઉત્સવ ઉજવે છે. બ્રિટન, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં પણ દિવાળીના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.

આ દેશોમાં દિવાળીની ઉજવણીનું સ્વરૂપ સ્થાનિક સંસ્કૃતિ પ્રમાણે બદલાય છે. ક્યાંક તે ધાર્મિક પર્વ છે, ક્યાંક સામુદાયિક ઉત્સવ છે અને ક્યાંક વિવિધ ધર્મો અને સમુદાયોને જોડતો સાંસ્કૃતિક પ્રસંગ છે. આ તમામ દેશોમાં ધનતેરસ અલગથી ઉજવાય છે એવું કહી શકાય નહીં, પરંતુ ભારતીય મૂળના પરિવારોમાં ધનતેરસ અને લક્ષ્મીપૂજાની પરંપરાઓ પણ જળવાઈ રહી છે.

અંતે... ધનનું સાચું સ્વરૂપ

વિશ્વની આ સાંસ્કૃતિક સફર આપણને એક રસપ્રદ સત્યની નજીક લઈ જાય છે. ચીનનો કાઇશેન હોય, જાપાનનો એબિસુ હોય, થાઇલેન્ડની નાંગ ક્વાક હોય કે ભારતની લક્ષ્મીજી – દરેક સંસ્કૃતિએ પોતાની રીતે સમૃદ્ધિની કલ્પનાને દૈવી સ્વરૂપ આપ્યું છે. નામ અને પૂજાવિધિ બદલાય છે, પરંતુ માનવીની મૂળભૂત આશા બદલાતી નથી. દરેક વ્યક્તિ પોતાના પરિવાર માટે સુખ, જીવનમાં સુરક્ષા, વ્યવસાયમાં સફળતા અને આવતીકાલ માટે આશા ઇચ્છે છે.

પરંતુ એક પ્રશ્ન અહીં ઊભો થાય છે : શું સંપત્તિ જ સમૃદ્ધિ છે? જો ઘરમાં સોનું હોય પણ સ્વાસ્થ્ય ન હોય, તિજોરી ભરેલી હોય પણ સંબંધોમાં ઉષ્મા ન હોય, વ્યવસાયમાં સફળતા હોય પણ મનમાં સંતોષ ન હોય તો શું તેને સંપૂર્ણ સમૃદ્ધિ કહી શકાય?

ભારતીય ધનતેરસ આપણને આ પ્રશ્નનો સુંદર સંકેત આપે છે. ધન્વંતરિનું આરોગ્ય, લક્ષ્મીનું ઐશ્વર્ય અને કુબેરની સંપત્તિ – આ ત્રણેયનું સ્મરણ જાણે કહે છે કે જીવનની સાચી સમૃદ્ધિ અનેક પરિમાણોથી બને છે. તેમાં સ્વાસ્થ્ય છે, સંપત્તિ છે, જ્ઞાન છે, સંબંધો છે, સંતોષ છે અને બીજાને ઉપયોગી થવાની ઉદારતા પણ છે.

દુનિયાના દરેક ખૂણે પ્રગટતા દીવા કદાચ એક જ સંદેશ આપે છે : ધન એટલું જ મહત્ત્વનું છે જેટલો તેનો વિનિયોગ. સંપત્તિ જ્યારે માત્ર વ્યક્તિની તિજોરીમાં બંધ રહે છે ત્યારે તે માલિકીની વસ્તુ બને છે, પરંતુ જ્યારે તે કોઈના જીવનમાં શિક્ષણ, આરોગ્ય, અન્ન કે આશાનું અજવાળું પ્રગટાવે છે ત્યારે તે સાચી સમૃદ્ધિ બને છે.

આ ધનતેરસે કદાચ આપણે સોનાં-ચાંદીની સાથે થોડું સ્વાસ્થ્ય, થોડો સંતોષ, થોડું જ્ઞાન, થોડો પ્રેમ અને થોડી કરુણા પણ ખરીદીએ – કારણ કે આ એવી મૂડી છે જેનો ખજાનો વહેંચવાથી ક્યારેય ખાલી થતો નથી.

છેવટે, દુનિયા ભલે ધનના દેવતાઓને જુદાં જુદાં નામે પૂજતી હોય, પરંતુ દરેક માનવીના હૃદયમાં પ્રગટતી સમૃદ્ધિની પ્રાર્થના એક જ છે જીવન એટલું સમૃદ્ધ બને કે આપણા હોવાને કારણે બીજા કોઈના જીવનમાં પણ પ્રકાશ વધે.

નવેમ્બર તા.૩૦મી સુધી આકાશમાં લીઓનીડસ ઉલ્કા વર્ષાનો અદ્ભુત નજારો

મધ્યરાત્રિ બાદ પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય : રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા વિજ્ઞાન જાથાનું આયોજન

અગ્ર ગુજરાત, રાજકોટ

દુનિયાભરના લોકોએ ઓકટોબરમાં ડેકોનીકસ અને ઓરીયોનીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી તથા તા. ૧-૨ નવેમ્બરે ટોરીડસ ઉલ્કા વર્ષા નિહાળી હતી. બીજા તબક્કામાં વિશ્વના લોકો મધ્યરાત્રિ બાદથી ૩૦ નવેમ્બર સુધી લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યાં છે. તા. ૧૬ થી તા. ૧૮ મી નવેમ્બર વહેલી પરોઢ સુધીમાં ઉલ્કા વર્ષા મહત્તમ જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઇ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે. ત્યારે રાજયના વિજ્ઞાનપ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન કર્યું છે.



'જાથા' ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બરના પ્રારંભથી તા. ૩૦ સુધી સિંહ રાશિની લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્ભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકથી ૧૦ થી ૧૫ અને વધુમાં વધુ ૧૦૦ (એકસો) ઉલ્કા વર્ષા અવકાશમાં જોવા મળે છે. ત્રણ દિવસ અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળશે. સિંહની ઉલ્કાવર્ષાને ધૂમકેતુ ટેમ્પલ સાથે જોડવામાં આવે છે. ઉલ્કાઓનું કેન્દ્રબિંદુ સિંહરાશિમાં હોવાથી તેને સિંહની ઉલ્કાવર્ષા કહેવામાં આવે છે. ઉત્તરીય અને દક્ષિણ ગોળાર્ધ બંનેમાં દ્રશ્યમાન જોવા મળશે.

જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઇ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દૂરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

લીઓનીડસ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના રાજુ યાદવ, દિનેશ હુંબલ, હરેશ ભટ્ટ, નિર્ભય જોશી, પ્રકાશ મનસુખભાઇ, નિર્મળ મેત્રા, ભોજાભાઇ ટોયટા, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન શેઠીયા સહિત અનેક સદસ્યો આ અભિયાનમાં જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઇલ : ૯૮૨૫૦ ૧૬૬૮૯ થા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.



એકાદશીથી લાભપાંચમ સુધીના પવિત્ર દિવસોમાં શ્રીવિષ્ણુસહસ્રનામ, શ્રીસૂક્ત અને ગીતાજીના પાઠનું વિશેષ મહાત્મ્ય

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા શ્રી હરિની આરાધના અને માનવ સેવા સાથે ઉજવાશે દીપાવલી પર્વ

અગ્ર ગુજરાત, રાજકોટ

દીપાવલી એટલે ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલ ઉલ્લાસ, પ્રકાશ અને ઉત્સાહનું મહાપર્વ. એકાદશીથી લઈને લાભપાંચમ સુધીના દિવસો શ્રીહરિની પૂજા અને આરાધના માટે અત્યંત શ્રેષ્ઠ માનવામાં આવે છે. ઐશ્વર્યની પ્રાપ્તિ માટે દિવાળીના દિવસોમાં શ્રીસૂક્ત અને લક્ષ્મીપૂજનનું વિશેષ મહત્ત્વ છે, પરંતુ શ્રીમદ્ ભાગવતજી અનુસાર લક્ષ્મીપતિ શ્રીહરિની આરાધના વિના લક્ષ્મીપૂજન અપૂર્ણ રહે છે. આ પવિત્ર પર્વ નિમિત્તે ભાવિકોએ એકાદશીથી લાભપાંચમ સુધીના દિવસોમાં પ્રતિદિન શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્ર, શ્રીસૂક્ત, નારાયણ અથર્વશીર્ષ, કનકધારા સ્તોત્ર અને ભગવદ્ ગીતાનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરવો જોઈએ. જે ભક્તો શુદ્ધ ઉચ્ચાર સાથે આ પાઠ ન કરી શકે, તેઓ દ્વાદશાક્ષરી મંત્ર “ૐ નમો ભગવતે વાસુદેવાય” નો નિર્મળ ચિત્તે જપ કરી શકે છે. શક્ય હોય તો આ પાઠ દેવસ્થાનમાં કરવાથી ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રો અનુસાર, દરિદ્રનારાયણની સેવા વિના શ્રીહરિ નારાયણની સેવા ક્યારેય પૂર્ણ થતી નથી. આ પ્રકાશ અને ઉલ્લાસના પર્વમાં જરૂરિયાતમંદ પરિવારોને યથાશક્તિ અન્ન, વસ્ત્ર, મીઠાઈ અને દવા જેવી આવશ્યક ચીજવસ્તુઓ દ્વારા સહાયરૂપ બનીને પરોક્ષ નારાયણસેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

વર્ષોની પરંપરા મુજબ ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિર દ્વારા આ દીપાવલીના તહેવારમાં દાતાઓના સહયોગથી અનેકવિધ સેવાકાર્યો હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત જરૂરિયાતમંદ વૃદ્ધોને મીઠાઈ અને ફરસાણની પ્રસાદીનું વિતરણ તેમજ ઝૂપડપટીના વસાહતીઓમાં લાડુ, ગાંઠિયા અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવશે.

શેત્રુજીડેમ ખાતે શિક્ષકોનો નિવૃત્તિ વંદનાનો ઉપક્રમ યોજાયો

શિક્ષણએ જીવન જીવવા માટેનું પવિત્ર સાધન છે: અરૂણભાઇ દવે



અગ્ર ગુજરાત, પાલીતાણા

પાલીતાણા નજીકના શેત્રુંજીડેમ ખાતે આવેલી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે વય નિવૃત્તિ વિદાય સન્માનનો કાર્યક્રમ યોજાઇ ગયો.

આ વિસ્તારમાં છેલ્લા છ દાયકાથી કામ કરતી બુનિયાદી શિક્ષણની સંસ્થા ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે શાળાના આચાર્ય ડૉ.અરજણભાઈ પરમાર તેમજ વિજ્ઞાન શિક્ષક રમેશભાઇ બારૈયાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ખાસ હાજર રહેલા લોકભારતી સ્થિત વૈજ્ઞાનિક ડો. અરૂણભાઇ દવે બુનિયાદી શિક્ષણનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, શિક્ષણએ જીવન જીવવાનું પવિત્ર સાધન છે.માનવતા લક્ષી શિક્ષણ અને પાયાની કેળવણી તરીકે ભાર મુકતા બુનિયાદી શિક્ષણ અને નવી તાલીમના શિક્ષણનું અત્યારના યુગમાં



કેટલું મહત્વ છે તે વિવિધ દ્રષ્ટાંતો સાથે સમજાવ્યું હતું. તેમણે આ વિસ્તારમાં 60 વર્ષથી કામ કરતી આ બુનિયાદી શાળાને અને તેમના કામને બિરદાવ્યું હતું.

ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજેન્દ્રભાઇ ખીમાણી, ખોડાભાઇ ખાસિયા , ડૉ.મનહરભાઇ ઠાકર, ડાંગ જિલ્લાના શિક્ષણાધિકારી જીગ્નેશભાઇ સહિત ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમમાં વિદ્વાન કથાકાર મહાવીરબાપુ, મયુરસિંજી સરવૈયા તેમજ ગામજનો , ભૂતપૂર્વ વિધાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા .કાર્યક્રમના પ્રારંભે ઉત્તર બુનિયાદી વિદ્યાલય શેત્રુંજીડેમના સંચાલક લાલજીભાઇ સોલંકીએ સૌને આવકારીને સંસ્થા પરિચય આપ્યો હતો. કાર્યક્રમના સંચાલનમાં પાયલબેન મોણપરા અને સંજયભાઇ કાત્રોડીયા સહિતના જોડાયા હતા.

અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com DATE 03/11/2026

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા એજ્યુકેશનલ અને અવેરનેસ કેમ્પ યોજાયો

પીડિતો માટે નિષ્ણાંતોએ ડાયાબિટીસ અંગે માર્ગદર્શન આપ્યું : મેયરે ૧૦ લાખથી વધારી ગ્રાન્ટ ૧૫ લાખ કરી

અગ્ર ગુજરાત, રાજકોટ

વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે ટાઇપ-1 ડાયાબિટીસથી પીડિત બાળકો અને તેમના પરિવારજનોમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ વધારવા, યોગ્ય સારવાર અને સંભાળ અંગે માર્ગદર્શન પૂરું પાડવા તથા બાળકોને આત્મવિશ્વાસ સાથે જીવન જીવવા માટે પ્રેરિત કરવાના હેતુથી જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન – રાજકોટ દ્વારા 'જાગૃતિથી સશક્તિકરણ' અંતર્ગત ભવ્ય એજ્યુકેશનલ અને અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ શહેરો તથા ગામોમાંથી ટાઇપ-1 ડાયાબિટીસથી પીડિત બાળકો, તેમના માતા-પિતા, પરિવારજનો, દાતાઓ, તબીબો અને સમાજના અગ્રણીઓ સહિત 1700થી વધુ લોકોએ ઉત્સાહભેર સહભાગિતા નોંધાવી હતી. વિશાળ સંખ્યામાં થયેલી ઉપસ્થિતિએ ટાઇપ-1 ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવાના અને બાળકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાના સંસ્થાના પ્રયાસોને વધુ બળ પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં મેયર ડો. નેહલ શુક્લ, રાજ્યસભાના પૂર્વ સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, ડે.મેયર દક્ષાબેન વસાણી, રાજુભાઈ ધ્રુવ, વલ્લભભાઈ સતાણી (ચેરમેન – શ્રીરામ એરોસ્પેસ એન્ડ ડિફેન્સ), અશોકભાઈ ઝીંઝુવાડિયા (રાધિકા જવેલર્સ), પરષોત્તમભાઈ કામાણી (ડોક્ટર પમ્પ), સંજયભાઈ પટેલ (CEO અને ચેરમેન), નીતિનભાઈ કામદાર (જુલિયાના ફેશન), કિશનભાઈ પરમાર (UPay Agro Pvt. Ltd.), ધૈર્યભાઈ પારેખ, નલીનભાઈ ઝવેરી, જગદીશભાઈ ચંદારાણા, દીપકભાઈ કોઠારી, મેહુલભાઈ રવાણી, પાવક ઉનડકટ, અમિતભાઈ વાઘેલા, સહિતના વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત એન્ડોક્રિનોલોજિસ્ટ ડો. પંકજ પટેલ અને પીડિયાટ્રિક એન્ડોક્રિનોલોજિસ્ટ ડો. ઝલક ઉપાધ્યાય શાહ દ્વારા ટાઇપ-1 ડાયાબિટીસથી પીડિત બાળકો તથા તેમના માતા-પિતાને ઇન્સ્યુલિનનું યોગ્ય વ્યવસ્થાપન, પોષણ, કાર્બોહાઇડ્રેટની ગણતરી, બ્લડ શુગરનું નિયંત્રણ, શારીરિક વિકાસ, રમતગમત અને દૈનિક જીવનમાં રાખવાની જરૂરી સાવચેતીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન – રાજકોટ દ્વારા તૈયાર કરવામાં આવેલા **"JDF 360" માસિક ન્યૂઝલેટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સમાજના વિવિધ દાતાઓ, ઉદ્યોગપતિઓ અને સેવાભાવી વ્યક્તિઓ દ્વારા સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા માટે માતબર રકમ ની દાન ની જાહેરાત કરવામાં આવી હતી.

મેયર ડો. નેહલ શુક્લ દ્વારા સંસ્થાના સેન્ટર માટે ગુરુ ગોવિંદસિંહ કોમ્યુનિટી હોલ ખાતે જગ્યા ફાળવવા અંગે સહયોગની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થાને મળતી RMC ની વાર્ષિક ગ્રાન્ટ રૂ. 10 લાખથી વધારીને રૂ. 15 લાખ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

એજિલસ ડાયગ્નોસ્ટિક્સ: સંસ્થા સાથે જોડાયેલા 50 જેટલા બાળકોના સંપૂર્ણ બોડી પ્રોફાઇલ ચેકઅપની જવાબદારી નિઃશુલ્ક નિભાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સહયોગ બાળકોના આરોગ્યની નિયમિત તપાસ અને સમયસર જરૂરી સારવાર માટે ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે સહયોગની જાહેરાત કરનાર દાતાઓની યાદી

1. અશોકભાઈ ઝીંઝુવાડિયા (રાધિકા જવેલર્સ) – રૂ. 2,51,000
2. વલ્લભભાઈ સટાણી (શ્રી રામ એરોસ્પેસ) – રૂ. 1,51,000
3. પરષોત્તમભાઈ કામાણી (ડોક્ટર પમ્પ) – રૂ. 1,11,000
4. કમલનયનભાઈ સોજીત્રા (ફાલ્કન પમ્પ્સ) – રૂ. 1,00,000
5. રમેશભાઈ ટીલારા – રૂ. 51,000
6. ભગવાનજીભાઈ સાંતોકી (ક્લાસિક મોટર્સ) – રૂ. 25,000
7. દેવેનભાઈ નરેન્દ્રભાઈ દોશી (રાજેશ ટ્રેડલિન્ક્સ) – રૂ. 21,000
8. વિવાન ગોપાલભાઈ સેજપાલ – રૂ. 11,000
9. કિશોરભાઈ રતિલાલ શિંગાળા – રૂ. 5,000

કાર્યક્રમ દરમિયાન બાળકોના દૈનિક ડાયાબિટીસ વ્યવસ્થાપનને સરળ બનાવવા માટે મેડિકલ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન – રાજકોટના મેનેજિંગ ટ્રસ્ટી અપુલ દોશી, કમલનયનભાઈ સોજીત્રા, રોહિત કાનાબાર, હરિકૃષ્ણ પંડ્યા, અનિશ શાહ, અમિત દોશી, મિતેશ ગણાત્રા, પારસ દોશી, જેનિશ કાંજિયા, સાવન કાનાબાર, ઋષિલ દવે, ડો. કાજલ ઢોલરિયા, મૈત્રી દોશી, યશ ગોકાણી, ચંદ્રેશ સાંકળીયા, રિતિકા મોટવાણી, મિહિર સાકરિયા, રાહુલ રાઠોડ અને પાર્થ સચદે સહિત સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ, સહયોગીઓ, સ્વયંસેવકો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અગ્ર ગુજરાત માર્કેટ અપડેટ્સ 03/11/26



આજ ના કંપની વિશે ના નવીનતમ સમાચાર

- ITC ઓપરેટિંગ રેવન્યુ: ₹30,578.40 કરોડ (ગયા વર્ષના આ જ ગાળામાં ₹21,255.86 કરોડ હતી, જે 43.85% નો વધારો દર્શાવે છે). ચોખ્ખો નફો: ₹4,229.33 કરોડ (ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ₹5,186.55 કરોડ હતો, જેમાં 18.45% નો ઘટાડો થયો છે). કુલ ખર્ચ: ₹25,462.44 કરોડ (વાર્ષિક ધોરણે 69.6% નો વધારો). EBITDA: ₹5,645 કરોડ, ઓપરેટિંગ પ્રોફિટેબિલિટી પર દબાણને કારણે વાર્ષિક ધોરણે 15.7% નો ઘટાડો થયો છે.
- MARICO ઓપરેટિંગ રેવન્યુ: ₹3,897 કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ₹3,450 કરોડની સરખામણીએ 13% નો વાર્ષિક વધારો (YOY) દર્શાવે છે. ચોખ્ખો નફો: ₹550 કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ₹420 કરોડની સરખામણીએ 31% નો મજબૂત વધારો દર્શાવે છે. EBITDA: ₹709 કરોડ, જે વાર્ષિક ધોરણે 27% નો મોટો ઉછાળો દર્શાવે છે (ગયા વર્ષે ₹560 કરોડ હતું). EBITDA માર્જિન: 18.2%, જે ગયા વર્ષના 16.2% ની સરખામણીએ 200 બેસિસ પોઇન્ટ્સ વધ્યું છે.
- NATIONAL ALUMINIUM COMPANY ઓપરેટિંગ રેવન્યુ: ₹5,419.44 કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ₹4,292.34 કરોડની સરખામણીએ 26.3% નો વાર્ષિક વધારો (YOY) દર્શાવે છે. ત્રિમાસિક ધોરણે (QOQ) રેવન્યુમાં 2.2% નો સામાન્ય વધારો થયો છે. ચોખ્ખો નફો: ₹1,835 કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ₹1,429.94 કરોડની સરખામણીએ 28.3% નો મોટો વાર્ષિક વધારો દર્શાવે છે. જોકે, અગાઉના ક્વાર્ટર (Q1 FY27) ના ₹2,003 કરોડની સરખામણીએ નફામાં 8.4% નો સિક્વન્શિયલ (QOQ) ઘટાડો નોંધાયો છે. OPERATING EBITDA: ₹2,410.6 કરોડ, જે વાર્ષિક ધોરણે (YOY) 25.2% વધ્યો છે, પરંતુ અગાઉના ક્વાર્ટરની સરખામણીએ તેમાં 11% નો ઘટાડો થયો છે.
- TRIDENT ચોખ્ખો નફો: ₹176 કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ₹91 કરોડની સરખામણીએ 93.4% નો મજબૂત વાર્ષિક વધારો (YOY) દર્શાવે છે. ઓપરેટિંગ રેવન્યુ: ₹1,719.48 કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ₹1,787.17 કરોડની સરખામણીએ 3.8% નો સામાન્ય વાર્ષિક ઘટાડો દર્શાવે છે. (EBITDA): ₹314 કરોડ, જે ગયા વર્ષના સમાન ગાળાના ₹214 કરોડની સરખામણીએ 46.7% નો મોટો વાર્ષિક વધારો દર્શાવે છે. EBITDA MARGIN: માર્જિનમાં શાનદાર સુધારો થયો છે અને તે ગયા વર્ષના 12% થી વધીને 18% પર પહોંચી ગયું છે.

DISCLAIMER - અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે- વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

IPO DETAILS					
COMPANY NAME	OPEN	CLOSE	OFFER PRICE	SHARES	AMOUNT

SME DETAILS					
COMPANY NAME	OPEN	CLOSE	OFFER PRICE	SHARES	AMOUNT
MAXWELL ENGINEERING SOLUTIONS	30/10	03/11	150 - 158	1600	2,52,800
VECTRAS ENPROCON	30/10	03/11	99 - 105	2400	2,52,000
HGS (INDIA)	30/10	03/11	114 - 120	2400	2,88,000
JOHNSONCAB ELECTRICALS	30/10	03/11	190 - 200	1200	2,40,000
VEDANT POLY FABS	02/11	04/11	88 - 94	2400	2,25,600

માનવ મન, ભગવદ્ ગીતાનો સંદેશ અને જીવનમાં શાંતિ મેળવવાના માર્ગો

અનિયંત્રિત મન : જીવનનો સૌથી મોટો પડકાર અને તેને જીતવાનો માર્ગ: મનઃ જીવનનો સર્વશ્રેષ્ઠ મિત્ર કે સૌથી મોટો શત્રુ? ભગવદ્ ગીતાના પ્રકાશમાં મન પર વિજયનો માર્ગ



મનુષ્યના જીવનમાં જો સૌથી શક્તિશાળી શક્તિ કોઈ હોય તો તે તેનું 'મન' છે, અને માનવ જીવનનો સૌથી મોટો પડકાર પણ આ મન જ છે. જો મન શાંત હોય, તો વિકટમાં વિકટ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સ્પષ્ટ માર્ગ દેખાય છે. પરંતુ જો મન અશાંત, ચંચળ અને અસ્થિર હોય, તો દુનિયાની તમામ ભૌતિક સુખ-સગવડો વચ્ચે પણ વ્યક્તિ બેચેની, ચિંતા અને અશાંતિ અનુભવે છે. મનને નિયંત્રિત કરવું એટલે વિચારોને બળજબરીથી દબાવી દેવા કે તેનો નાશ કરવો નહીં, પરંતુ મનની ભટકતી ઊર્જાને યોગ્ય, સકારાત્મક અને શ્રેષ્ઠ દિશા આપવી છે.

ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાય (આત્મસંયમ યોગ)ના શ્લોક ૫, ૬, ૨૬ અને ૩૫માં ભગવાન શ્રીકૃષ્ણે મનના મૂળ સ્વભાવ અને તેના નિયંત્રણ અંગે અત્યંત પ્રેરણાદાયી, મનોવૈજ્ઞાનિક અને આત્મ-કલ્યાણકારી માર્ગદર્શન આપ્યું છે. ચાલો, તેને ઊંડાણપૂર્વક સમજીએ.

૧. મનઃ તમારો ઉદ્ધારક મિત્ર કે વિનાશક શત્રુ.

શ્લોક ૫- ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે મનુષ્યે પોતાના મન દ્વારા પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ, પોતાને ક્યારેય નીચે ન ખેંચવો કે પતન તરફ ન દોરવો જોઈએ. કારણ કે મનુષ્યનું પોતાનું મન જ એનો સૌથી મોટો મિત્ર છે અને એ જ મન તેનો સૌથી મોટો શત્રુ પણ બની શકે છે.

આ સંદેશ આજના આધુનિક જીવનમાં અક્ષરશઃ સાચો અને અત્યંત પ્રાસંગિક છે. બહારની આસપાસની દુનિયા કે લોકો આપણને એટલા પરેશાન નથી કરતા, જેટલા આપણા પોતાના જ વિચારો આપણને દુઃખી કરે છે. નકારાત્મકતા, ભય, ક્રોધ, ઈર્ષ્યા, અહંકાર, સરખામણી અને અતિશય ચિંતા મનની શાંતિને છીનવી લે છે. જો આપણે વિચારોના સંચાલક કે માલિક બનવાને બદલે તેના ગુલામ બની જઈએ, તો આ મન આપણને દિશાહીન બનાવીને માનસિક તણાવ તરફ ધકેલી દે છે.

૨. જીતેલું મનઃ જીવનનો શ્રેષ્ઠ સાથી.

શ્લોક ૬- શ્રીકૃષ્ણ આગળ સમજાવે છે કે જેણે પોતાના મન પર વિજય મેળવી લીધો છે, તેના માટે એ મન એક પરમ મિત્રની જેમ વર્તે છે અને જીવનના દરેક તબક્કે સાથ આપે છે. પરંતુ જેણે મન પર વિજય મેળવ્યો નથી, તેના માટે એ જ મન શત્રુ બનીને તેને જ નુકસાન પહોંચાડે છે.

આપણે અવાર નવાર આપણી નિષ્ફળતા કે દુઃખ માટે બહારની પરિસ્થિતિઓ કે અન્ય લોકોને દોષ આપીએ છીએ, પરંતુ મોટાભાગની સમસ્યાઓનું મૂળ મનની અસ્થિરતામાં રહેલું હોય છે. મન એક ક્ષણે અતીતના દુઃખ કે ભૂલોમાં અને બીજી ક્ષણે ભવિષ્યની અજ્ઞાત ચિંતાઓમાં દોડતું રહે છે. પરિણામે, આપણે અત્યંત મૂલ્યવાન એવી 'વર્તમાન ક્ષણ'નો આનંદ ગુમાવી બેસીએ છીએ. તેથી જીવનમાં સાચી સફળતા અને શાંતિ માટે માત્ર બાહ્ય જગતને બદલવાની જરૂર નથી, સૌથી પહેલાં પોતાના મનને શ્રેષ્ઠ સંસ્કારોથી સુસંસ્કૃત કરવાની જરૂર છે.

મનને જીતવું એટલે મનમાં ક્યારેય ખરાબ વિચાર જ ન આવે એવો અવાસ્તવિક આગ્રહ રાખવો નહીં. વિચારોનું આવવું એ મનની સ્વાભાવિક પ્રક્રિયા છે, પરંતુ કયા વિચારને પોષવો, કયા વિચારને સ્વીકારવો અને કયા નકારાત્મક વિચારને પડતો મૂકવો, આ વિવેકબુદ્ધિ અને સમજણ કેળવવી એ જ મન પરના વિજયની સાચી શરૂઆત છે.

૩. ભટકતા મનને જાગૃતિ પૂર્વક પાછું લાવવું.

શ્લોક ૨૬- શ્રીકૃષ્ણ ઉપદેશ આપે છે કે ચંચળ અને અસ્થિર મન પોતાની ટેવ મુજબ જ્યાં જ્યાં ભટકે, ત્યાં ત્યાંથી તેને જાગૃતિ પૂર્વક પાછું ખેંચીને આત્મામાં, એટલે કે પોતાના કેન્દ્રમાં સ્થિર કરવું જોઈએ.



પ્રાસંગિક

બાબુભાઈ મેનપરા

નિવૃત્ત BSNL અધિકારી

આનો અર્થ એ નથી કે મન ક્યારેય ભટકશે જ નહીં. મનનું ભટકવું એ એનો મૂળભૂત સ્વભાવ છે. સાચી સાધના કે જાગૃતિ એ છે કે જ્યારે મન ભટકી જાય, ત્યારે આપણે તેને કોઈ પણ જાતના ગુસ્સા કે નિરાશા વગર ઓળખી લઈએ અને ફરીથી ધીરજપૂર્વક તેને સાચી દિશામાં પાછું લાવીએ.

જેમ કોઈ નાનું બાળક રમતા રમતા વારંવાર અજાણ્યા કે જોખમી રસ્તે દોડી જાય અને તેની માતા અત્યંત પ્રેમ અને સ્નેહથી તેને પાછું બોલાવી લે છે, તેમ આપણે પણ આપણા મન સાથે કોઈ જોર-જુલમ કર્યા વિના પ્રેમ અને ધીરજપૂર્વક તેને પાછું યોગ્ય વિચાર પર લાવવું પડે. એક જ દિવસમાં મન પર વિજય મળતો નથી. સતત જાગૃતિ, સ્વ-આવલોકન અને અભ્યાસથી મન ધીમે ધીમે સ્થિર, સંતુલિત અને આત્મકેન્દ્રી બને છે.

૪. 'અભ્યાસ' અને 'વૈરાગ્ય' દ્વારા મન પર વિજય.

શ્લોક ૩૫- ગીતામાં અર્જુન પોતાની સહજ શંકા વ્યક્ત કરતા કહે છે કે "હે કૃષ્ણ! આ મન તો પવનની જેમ અત્યંત ચંચળ, બળવાન અને વશ કરવામાં ખૂબ કઠિન છે." ત્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણ સ્પષ્ટતા સાથે સ્વીકારે છે કે "હે મહાબાહો! મન નિઃસંદેહ ચંચળ અને વશ કરવામાં મુશ્કેલ છે, પરંતુ તેને 'અભ્યાસ' અને 'વૈરાગ્ય' દ્વારા ચોક્કસપણે નિયંત્રિત કરી શકાય છે."

અભ્યાસ- એટલે સકારાત્મક વિચારો, ઉત્તમ સંસ્કારો, ધ્યાન, પ્રાર્થના, સત્સાહિત્યનું વાચન અને સતત આત્મચિંતન કરવાની નિયમિત ટેવ.

વૈરાગ્ય- વૈરાગ્યનો અર્થ સંસાર, પરિવાર કે જવાબદારીઓ છોડીને ભાગી જવું નથી, પરંતુ મનને અનાવશ્યક આસક્તિ, તુલના, તૃષ્ણા અને અતિશય અપેક્ષાઓના બંધનમાંથી મુક્ત રાખવું છે.

આજના આધુનિક અને અતિ ઝડપી યુગમાં આ ગીતા-સંદેશ વધુ પ્રાસંગિક અને અનિવાર્ય બની ગયો છે. સ્માર્ટફોન, સોશિયલ મીડિયાની ઝાકઝમાળ, સતત હરીફાઈ, ઊંચી અપેક્ષાઓ અને ક્યારેય ન સંતોષાતી ઇચ્છાઓ મનને ચોવીસે કલાક બહારની તરફ ખેંચતી રહે છે. આવા સમયે દરરોજ થોડો સમય મૌન, ઈશ્વર સ્મરણ, પ્રાર્થના, સ્વાધ્યાય અને આત્મચિંતન માટે ફાળવવો એ મનને ફરીથી પોતાના કેન્દ્રમાં લાવી શાંત કરવાનો સુંદર અને પ્રાકૃતિક માર્ગ છે.

૫. મનને જીતવું એટલે જ જીવનને જીતવું.

જીવનમાં બનતી દરેક બહારની ઘટના કે પરિસ્થિતિ આપણા નિયંત્રણમાં હોતી નથી, પરંતુ એ પરિસ્થિતિ સામે આપણું મન કેવો સાચો કે યોગ્ય પ્રતિભાવ આપે છે, તે સંપૂર્ણપણે આપણા હાથમાં છે.

જો મન શાંત હશે તો ગંભીર સંકટ કે મુશ્કેલીમાં પણ વિવેક અને સમજણ ટકી રહેશે. જો મન સ્થિર હશે તો નિર્ણયોમાં પરિપક્વતા અને સ્પષ્ટતા આવશે. અને જો મન સકારાત્મક હશે તો મોટી નિષ્ફળતા કે ક્ષણિક હાર પણ કંઈક નવું શીખવાની શ્રેષ્ઠ તક બની જશે.

ભગવદ્ ગીતાનો આ સંદેશ આપણને એટલું જ શીખવે છે કે બહારની દુનિયા કે બહારના લોકોને જીતતા પહેલાં, પોતાની અંદરની દુનિયા, એટલે કે પોતાના મનને જીતવું અત્યંત જરૂરી છે. જે વ્યક્તિ પોતાના મનમાં ઊઠતા વિચારોને તટસ્થ રહીને ઓળખી શકે છે, ભટકતા મનને વારંવાર પ્રેમથી પાછું લાવી શકે છે અને સતત શ્રેષ્ઠ વિચારોનો અભ્યાસ કરે છે, તે ધીમે ધીમે પોતાના ચંચળ મનને સર્વશ્રેષ્ઠ મિત્ર બનાવી લે છે.

અનિયંત્રિત મન જીવનને ગુલામ બનાવીને ચલાવે છે, જ્યારે નિયંત્રિત અને સંસ્કારી મન જીવનને સાચી, સફળ અને આનંદમય દિશા આપે છે. તેથી મનને દબાવવું નહીં પરંતુ તેને સમજવું. મનથી ભાગવું નહીં પણ તેને સાધવું આ જ શાંતિ, સંતુલન અને સાર્થક જીવનનો સનાતન માર્ગ છે.

૬. અનિયંત્રિત મનને નિયંત્રિત કરવાના વ્યવહારુ ઉપાયો.

ભગવદ્ ગીતાનો આ અમર સંદેશ માત્ર પુસ્તકોમાં વાંચવા કે ભાષણ આપવા માટે નથી, પરંતુ તેને દૈનિક જીવનમાં ઉતારવાનો છે. આ માટે રોજિંદા જીવનમાં નીચે મુજબના નાના પણ અત્યંત અસરકારક પ્રયાસો કરી શકાય.

* દરરોજ મૌન અને આત્મચિંતનઃ

દિવસની શરૂઆતમાં કે રાત્રે સૂતા પહેલાં ૫ થી ૧૦ મિનિટ શાંતિથી બેસો. મનમાં આવતા વિચારો સામે લડ્યા વગર તેને માત્ર એક દર્શક તરીકે જુઓ. દરેક વિચાર સાથે તરત ભાવનાત્મક રીતે જોડાઈ જવાની જરૂર નથી.

* શ્વાસ પર ધ્યાનઃ

જ્યારે પણ મન અત્યંત અશાંત, ચિંતિત કે ક્રોધિત થાય, ત્યારે થોડી ક્ષણો માટે ઊંડા અને સ્વાભાવિક શ્વાસ લો. શ્વાસની આવન-જાવન પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મન તુરંત જ વર્તમાન ક્ષણમાં પાછું આવી જાય છે.

* મન ભટકે ત્યારે સ્વ-દયા :

મન ભટકી જાય ત્યારે "મારું મન કેમ આવું છે?" કહીને આત્મગ્લાનિ કે નિરાશા અનુભવવાને બદલે, "મન ભટકવું એ એનો સ્વભાવ છે, હવે હું તેને પ્રેમથી પાછું મારા કામ પર લાવું છું" એવો અભિગમ રાખો. આ જ શ્લોક ૨૬નો વ્યવહારુ ઉપયોગ છે.

* નકારાત્મક વિચારોને પડકારો :

મનમાં જ્યારે પણ કોઈ ભય કે ચિંતા ઊભી થાય, ત્યારે જાગૃત થઈને પોતાને પૂછો "શું આ ખરેખર હકીકત છે કે માત્ર મારી કાલ્પનિક આશંકા?" મોટાભાગે મન ભયને ખોટી રીતે વધારીને રજૂ કરતું હોય છે.

* ડિજિટલ ડિટોક્સ અને જાગૃત ઉપયોગઃ

આજના સમયમાં સોશિયલ મીડિયા અને મોબાઇલ સ્ક્રીન મનને સૌથી વધુ અસ્થિર કરે છે. દરેક નોટિફિકેશન પર તરત ધ્યાન આપવાની ટેવ મનની એકાગ્રતા તોડે છે. વાંચન, ઊંઘ, કામ અને પરિવાર સાથેના સમય દરમિયાન મોબાઇલથી નિશ્ચિત અંતર રાખો.

* સત્સંગ અને સત્સાહિત્યનું સેવનઃ

મનમાં જેવું ઇનપુટ આપશો, તેવું જ આઉટપુટ મળશે. ભગવદ્ ગીતા જેવા સદ્ગ્રંથોનું વાચન કરો, પ્રેરણાદાયી વિચારોનું મનન કરો અને સકારાત્મક સોચ ધરાવતા લોકોનો સંગ કરો.

* એક સમયે એક જ કાર્ય :

મલ્ટી-ટાસ્કિંગના ચક્કરમાં મન વધુ ચંચળ બને છે. જે કાર્ય હાથમાં હોય તેમાં જ પૂરેપૂરું ધ્યાન પરોવો. કામ કરતી વખતે માત્ર કામ કરો. આ એકાગ્રતા કેળવવાની ઉત્તમ રોજિંદી તાલીમ છે.

* રાત્રે આત્મ પરીક્ષણ :

રાત્રે સોશિયલ મીડિયા જોવાને બદલે ૨ મિનિટ વિચારોઃ "આજે મેં ક્યાં મન પર સંયમ રાખ્યો? ક્યાં મન મને નકારાત્મકતા તરફ ખેંચી ગયું? અને આવતીકાલે હું કઈ બાબતમાં વધુ જાગૃત રહીશ?"

* ધીરજ અને સાતત્ય :

જે મનને વર્ષોથી ભટકવાની ટેવ પડી છે, તે બે દિવસમાં સંપૂર્ણ બદલાઈ નહીં જાય. ગીતાનો માર્ગ 'સતત અભ્યાસ'નો છે. આજે મન ભટકે તો આજે જ તેને પાછું લાવો. ધીરજપૂર્વકનો સતત પ્રયાસ જ મનને વશ કરશે.

૭. રોજિંદા જીવનના ઉદાહરણો દ્વારા મનનું સંચાલન.

આ ગીતા-જ્ઞાનને દૈનિક વ્યવહારમાં કેવી રીતે ઉતારવું, તે આ સાધારણ ઉદાહરણોથી સમજીએ.

* ગુસ્સાનો- કોઈ વ્યક્તિ આપણું અપમાન કરે ત્યારે મન તુરંત સામે કડક કે ગુસ્સાભર્યો જવાબ આપવા ઉશ્કેરાય છે. પરંતુ આપણે ૨ સેકન્ડ મૌન રહી, ઊંડો શ્વાસ લઈ વિચારીએ કે "મારો આ આવેશ પરિસ્થિતિ સુધારશે કે વધુ બગાડશે?" અને શાંતિથી પરિસ્થિતિ સંભાળીએ, આ જ મન પરનો સાચો વિજય છે.

* ચિંતા- પરીક્ષા કે ઈન્ટરવ્યુનું પરિણામ આવવાનું હોય ત્યારે મન વિચાર્યા કરે કે "જો હું નાપાસ થઈશ તો શું થશે?" આવી સ્થિતિમાં મનને સમજાવવું કે "પરિણામ મારા હાથમાં નથી, પણ મારી મહેનત અને પ્રયત્ન મારા હાથમાં હતા." આ રીતે મનને ભવિષ્યના ભયમાંથી વર્તમાન ક્ષણમાં સ્થિર કરી શકાય છે.

* મોબાઇલ અને સમયનો વ્યય- માત્ર એક અગત્યનો મેસેજ જોવા માટે ફોન હાથમાં લીધો, પણ પછી સતત રીલ્સ અને સોશિયલ મીડિયા જોવામાં ૧ કલાક બગાડી નાખ્યો. મન કહે છે, "હજુ ૫ મિનિટ જોઈ લઉં..." ત્યારે મનની વાત માનવાને બદલે સંકલ્પપૂર્વક ફોન બાજુ પર મૂકી દેવો, આ મન પરનું નિયંત્રણ છે.

* ઈર્ષ્યામાંથી પ્રેરણા- સાથીદાર કે મિત્રની સફળતા જોઈને મનમાં વિચાર આવે કે "એને જ કેમ મળ્યું, મને કેમ નહીં?" આ નકારાત્મક વિચારને તુરંત મોડિફાય કરીને વિચારવું કે "એની સફળતા મને પણ વધુ મહેનત કરવાની પ્રેરણા આપે છે." નકારાત્મક વિચારને સકારાત્મકતામાં ફેરવવો એટલે મનને મિત્ર બનાવવું.

* ભૂતકાળના દુઃખમાંથી મુક્તિ- ભૂતકાળમાં કોઈએ આપણી સાથે કરેલો વિશ્વાસઘાત કે દુઃખ મન વારંવાર યાદ કરાવે છે. ત્યારે મનને સ્પષ્ટ કહેવું કે "જે વીતી ગયું તે બદલી શકાવાનું નથી, પરંતુ આજનો દિવસ આનંદથી જીવવો તે સંપૂર્ણપણે મારા હાથમાં છે." આ ગીતાના શ્લોક ૨૬નું વ્યવહારિક આચરણ છે.

a* આવેગમાં નિર્ણય ન લેવો- ગુસ્સામાં કે ભાવનાત્મક આવેશમાં આવીને તુરંત કોઈ મોટો સંબંધ તોડવાનો કે નિર્ણય લેવાનો વિચાર આવે ત્યારે નિર્ણયને ૨૪ કલાક માટે મુલતવી રાખવો. મન શાંત થયા પછી જ વિવેકબુદ્ધિથી નિર્ણય લેવો.

* નિષ્ફળતામાંથી પુનઃપ્રયાસ- કોઈ કામમાં નિષ્ફળતા મળતા જ મન બોલી ઊઠે છે, 'હવે મારાથી કંઈ નહીં થાય, હું નકામો છું." ત્યારે મનને કહેવું, "આ નિષ્ફળતા એ પૂર્ણવિરામ નથી, પણ મારી ભૂલો સુધારીને વધુ મજબૂતીથી ફરી પ્રયત્ન કરવાની એક તક છે."

મન જે કહે તે આંખ મીંચીને કરી લેવું એ સ્વતંત્રતા નથી, પરંતુ મનને સાચી સમજણ આપીને જે કલ્યાણકારી અને યોગ્ય છે તે કરવું એ જ સાચી સ્વતંત્રતા છે.

અનિયંત્રિત મન વ્યક્તિને દિશાહીન બનાવે છે, જ્યારે નિયંત્રિત મન જીવનને ઉત્કર્ષ તરફ લઈ જાય છે. તેથી આજથી જ એક નાનો પણ દ્રઢ સંકલ્પ કરીએ, જ્યારે પણ મન ભટકશે કે અશાંત થશે, ત્યારે આપણે નિરાશ થવાને બદલે તેને પ્રેમ, આત્મવિશ્વાસ અને ધીરજ સાથે સતત સાચી દિશામાં લાવતા રહીશું.

એક કદમ આગળ અગ્રે ગુજરાત AgraGujarat
www.agragujaratnews.com
DATE 03/11/2026

THE CAPITAL


LUXURIOUS SHOWROOMS
& CORPORATE OFFICES



ટીપિકલ માં નહિ
કેપિટલ માં ઓફિસ લો




STEP ELEVATION


LUXURIOUS RECEPTION AREA


ATTRACTIVE SIGN SPACE


VISIONARY PLANNING FOR OFFICES


PRIME CORNER LOCATION


TIMELESS ELEVATION MAINTENANCE FREE

AMENITIES

SMART A/C PROVISION
10 HIGH SPEED ELEVATORS

CORPORATE CAFÉ
DG POWER BACK UP

FIRE SYSTEM
GRAND LOBBY

MULTI LEVEL PARKING
CCTV SURVEILLANCE WITH 24 X 7 SECURITY

SHEETAL PARK, 150 FT. RING ROAD, RAJKOT. **97700 82000**

KALAVID